અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૫ જુલાઈ ૨૦૨૫, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૧, અસાઢ વદ ૫

વર્ષ : ૧૭
અંક : ૧૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સુપ્રીમના ચુકાદા બાદ ચૂંટણી પંચ કરશે નિર્ણય

# બિહાર બાદ સમગ્ર દેશમાં મતદાર યાદી વેરિફાઈ કરાશે!

## ચૂંટણી પંચના ઉચ્ચ અધિકારીના મતે ૨૮ જુલાઈએ બિહાર કેસની સુનાવણી પછી સમગ્ર દેશમાં મતદાર યાદી સંશોધન કામગીરીના અમલ અંગે અંતિમ નિર્ણય લેવાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

બિહારના તર્જ પર હવે ચૂંટણી પંચ સમગ્ર દેશમાં મતદાર યાદી સંશોધન કાર્યક્રમ હાથ ધરવાની તૈયારી કરી રહ્યું છે. આગામી મહિનાથી દેશભરમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન શરૂ કરવાના ઈરાદે ચૂંટણી પંચ રાજ્યોમાં ચૂંટણી મશિનરીને સક્રિય કરી રહ્યું છે. બિહારમાં આ કામગીરી હાલમાં ચાલુ છે. યોગ્ય મતદાર મતદાનથી વંચિત રહશે તેવી દલીલ સાથે આ કાર્યવાહીને સંખ્યાબંધ વિપક્ષો તથા અન્ય લોકો દ્વારા સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી હતી. ગત સપ્તાહે સુપ્રીમ કોર્ટે આને બંધારણીય જવાબદારી ગણાવતા કામગીરી ચાલુ રાખવા પંચને આદેશ આપ્યો હતો. કેટલાક રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓએ (સીઈઓ) તેમના રાજ્યમાં છેલ્લે વિશેષ ફેરતપાસ થયા પછીની મતદાર યાદી જાહેર કરવાની શરૂઆત કરી દીધી છે. દિલ્હી સીઈઓએ વેબસાઈટ ઉપર ૨૦૦૮ની મતદાર યાદી જાહેર કરી હતી. ઉત્તરાખંડમાં ૨૦૦૬માં છેલ્લે ફેરતપાસ હાથ ધરાઈ હતી અને તે મુજબની મતદાર યાદી જાહેર કરી હતી. મોટાભાગના રાજ્યોમાં ૨૦૦૨થી ૨૦૦૪ વચ્ચે મતદાર યાદી સુધારણા કામગીરી કરાઈ હતી. છેલ્લે જ્યારે રાજ્યોમાં ફેરતપાસ થઈ હશે તેને કટ-ઓફ ગણાશે. ચૂંટણી પંચ બિહારમાં ૨૦૦૩ની મતદાર યાદીને ફેર તપાસ માટે ઉપયોગમાં લઈ રહ્યું છે. ચૂંટણી પંચના ઉચ્ચ અધિકારીના મતે ૨૮ જુલાઈએ બિહાર કેસની સુનાવણી પછી સમગ્ર દેશમાં મતદાર યાદી સંશોધન કામગીરીના અમલ અંગે અંતિમ નિર્ણય લેવાશે. આ પ્રક્રિયા અંતર્ગત ગેરકાયદે વિદેશી પ્રવાસીઓના જન્મ સ્થળની ચકાસણી કર્યા બાદ તેમના નામ હટાવવામાં આવશે. બિહારમાં ચાલુ વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાશે. જ્યારે આસામ, કેરળ, પુડુચેરી, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાશે.

### ૨૬ જૂનના રોજ નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી સ્પેસએક્સના ડ્રેગન યાન દ્વારા શુભાશું શુક્લા અને તેમના સાથી Ax-4 મિશન પર રવાના થયા હતા

## શુભાંશુ શુક્લા ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનથી પૃથ્વી પર આવવા રવાના

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૪ ।

ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા સહિતની ટીમે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર ઐતિહાસિક યાત્રા પૂર્ણ કર્યા બાદ અંતરિક્ષમાંથી વિદાય લઈ પૃથ્વી પર પરત આવવા માટે રવાના થયા છે. ૨૬ જૂન ૨૦૨૫ના રોજ નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી સ્પેસએક્સના ડ્રેગન યાન દ્વારા શુભાશું શુક્લા અને તેમના સાથી Ax-4 મિશન પર રવાના થયા હતા. આ મિશનમાં અમેરિકાના અનુભવી અંતરિક્ષ યાત્રી પેગી વ્હિટસન કમાન્ડર તરીકે અને અન્ય સભ્ય પોલેન્ડના સાવોસ ઉઝનાન્સ્કી અને હંગરીના તિબોર કપૂ સામેલ છે. શુભાંશુ શુક્લાએ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ૧૮ દિવસ વિતાવ્યા બાદ આવતીકાલે પૃથ્વી પર આવશે. આ ચારેય કુલ ૨૫૦થી વધુ વખત પૃથ્વીની પરિક્રમા તરફથી ૬ મિલિયન મીલથી વધુનું અંતર પાર કર્યું. ૧૭ દિવસની આ યાત્રા દરમિયાન અંતરિક્ષ યાનની ટીમે ૬૦થી વધુ વૈજ્ઞાનિક પ્રયોગ કર્યા, જેમાં માઈક્રોએલ્ગી પર રિસર્ચ અને નવી સેન્ટ્રીફ્યૂગેશન ટેકનિક સામેલ છે. શુભાશું શુક્લા અને ટીમે ગઈકાલે (૧૩ જુલાઈ) ફેરવેલ સેરેમની યોજી હતી. ત્યારબાદ આજે (૧૪ જુલાઈએ) તેઓ આઈએસએસ પરથી પૃથ્વી પર પરત ફરવા રવાના થઈ ગયા છે. તેઓ આવતીકાલે (૧૫ જુલાઈ) બપોરે અંદાજિત ત્રણ કલાકે કેલિફોર્નિયાના કિનારે સ્પ્લેશડાઉનની સાથે થશે. ISROના અનુસાર, પૃથ્વી પર પરત ફર્યા બાદ શુભાંશુ શુક્લાને ૭ દિવસના રિહેબિલિટેશન પ્રોગ્રામથી પસાર થશે, જેથી તેઓ પૃથ્વીની ગુરૂત્વાકર્ષણ સ્થિતિમાં સારું અનુભવી શકે.

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનથી અલગ થયા બાદ ડ્રેગન અવકાશયાન કેટલાક એન્જિનોને બાળી નાખશે, કારણ કે સ્ટેશનથી સુરક્ષા દૂર જવા માટે આ પ્રક્રિયા ખૂબ મહત્ત્વની છે. ત્યારબાદ ડ્રેગમ પૃથ્વીના વાતાવરણમાં ફરીથી પ્રવેશ કરશે. આ દરમિયાન, તેનું તાપમાન ૧,૬૦૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. પેરાશૂટ બે તબક્કામાં ખુલશે, પહેલા ૫.૭ કિમીની ઊંચાઈ પર સ્ટેબલાઈઝિંગ ચુટ્સ અને પછી મુખ્ય પેરાશૂટ લગભગ બે કિમી પર ખુલશે. ત્યારબાદ અવકાશયાનનું સુરક્ષિત ઉતરાણ શક્ય બનશે.

### સરકાર વિરુદ્ધ જઈને કોર્ટમાં અરજી કરે તેવા માણસોની જરુર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

સમાજમાં એવા લોકોની જરૂર છે, જે સરકાર વિરુદ્ધ કોર્ટમાં અરજી દાખલ કરે. કેન્દ્રીય સડક પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આ વાત કહીને સૌને ચોંકાવી દીધા છે. જો કે તેની સાથે તેમણે પોતાની આ વાત પાછળનું કારણ પણ જણાવ્યું છે કે, તેમણે કહ્યું કે, તેનાથી રાજનીતિ અને શાસનમાં અનુશાસન આવશે. પ્રકાશ દેશપાંડે સ્મૃતિ કુશલ સંઘટક પુરસ્કાર સમારંભમાં બોલતા ગડકરીએ કહ્યું કે ઘણી વાર જનતાની રાજનીતિના કારણે મંત્રી કંઈ કામ નથી કરી શકતા. પણ કોર્ટના આદેશ બાદ એ જ કામ થઈ જાય છે. તેમણે કહ્યું કે, સમાજમાં અમુક લોકો એવા હોવા જોઈએ, જે સરકાર વિરુદ્ધ કોર્ટમાં અરજી દાખલ કરે. આ રાજનીતિમાં અનુશાસન લાવે છે.

ગડકરીએ એવું પણ કહ્યું કે, ઘણી વાર કોર્ટના આદેશ એ બદલાવ લાવી દે છે, જે મંત્રી ઈચ્છતા હોવા છતાં પણ નથી લાવી શકતા, કેમ કે રાજકારણ મજબૂરીઓની વચ્ચે આવી જાય છે. તેમણે એ વાતના વખાણ કર્યા કે, કુશલ સંઘટક પુરસ્કાર મેળવનારા લોકો આવા જ સામાજિક કાર્યકર્તા છે. જેમણે સમય-સમય પર સરકારના નિર્ણયોને કોર્ટમાં પડકાર આપ્યો છે. ખાસ કરીને શિક્ષણના ક્ષેત્ર સાથે જોડાયેલા મામલામાં.

### સુપ્રીમ કોર્ટનો નિર્દેશ । સામાન્ય નાગરિકોએ પણ આવા કન્ટેન્ટ શેર કરવા, પ્રમોટ અથવા લાઈક કરવાથી દૂર રહેવું જોઈએ : સુપ્રીમ કોર્ટ

# હેટ સ્પીચ પર લગામ લગાવો પણ અભિવ્યક્તિની સ્વતંત્રતાને કંઈ ન થવું જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।




સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડિયા પર ફેલાઈ રહેલી હેટ સ્પીચ (નફરતભર્યા ભાષણ) ને લઈને ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે કહ્યું કે, હાલમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા ના નામે દરેક વસ્તુને ન્યાયી ઠેરવવાની કોશિશ થઈ રહી છે. આ ખૂબ જ ખતરનાક છે, તેના પર કડક રીતે નિયંત્રણ લાવવું જરુરી છે. જસ્ટિસ બી. વી. નાગરત્ના અને જસ્ટિસ ઓગસ્ટીન જ્યોર્જ ફ્રાંસિસ વિશ્વનાથનની બેન્ચે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર શર્મિષ્ઠા પાનોલી વિરુદ્ધ વજાહત ખાન નામના વ્યક્તિ દ્વારા દાખલ કરાયેલી અરજીની સુનાવણી કરતી વખતે આ ટિપ્પણી કરી. બેન્ચે કહ્યું કે, નફરતભર્યા ભાષણો સામે કાર્યવાહી કરવી જરૂરી છે, પરંતુ એ પણ સુનિશ્ચિત કરવાની જરુરી છે કે, કોઈની પાસેથી વાણી સ્વતંત્રતાને છીનવી ન લેવાય. એટલે કે અભિવ્યક્તિની સ્વતંત્રતાને કંઈ ન થવું જોઈએ. તેમજ લોકોએ અભિવ્યક્તિના અધિકારનું મહત્ત્વ પણ સમજવું જોઈએ. આ અધિકાર અમૂલ્ય છે. બેન્ચે વધુમાં કહ્યું કે, લોકોએ અભિવ્યક્તિની સ્વતંત્રતાના મૂલ્યને સમજવાની જરુર છે. રાજ્યને દરેક વખતે વચ્ચે પડીને કાર્યવાહી કરવી પડે છે, આ પ રિસ્થિતિ ન સર્જાવી જોઈએ. હેટ સ્પીચ જેવા કન્ટેન્ટ પર કેટલાક નિયંત્રણ જરુરી છે. સામાન્ય નાગરિકોને પણ આવા કન્ટેન્ટ શેર કરવા, પ્રમોટ અથવા લાઈક કરવાથી દૂર રહેવું જોઈએ.

વજાહત ખાનના વકીલે કોર્ટને જૂના ટ્વીટ્સ અંગે માફી માંગી હતી. વકીલે કહ્યું કે, મારી ફરિયાદ જ મારા માટે મુશ્કેલ બની રહી છે. તેના માટે મેં માફી માંગી લીધી છે. પરંતુ હું બસ એટલું જ કહેવા માંગીશ કે, કોર્ટ એ ખાસ જોવે કે FIR ખરેખર તે ટ્વીટ્સ સાથે જોડાયેલી છે કે નહીં. કોર્ટે કહ્યું કે, દરેક વખતે નવી FIR અને જેલમાં નાખવાનો શું અર્થ છે? તેનાથી કોઈ સમાધાન નહીં મળે. જસ્ટિસ નાગારત્નાએ કહ્યું કે, હવે જૂની પ ોસ્ટ ડિલીટ કરવાનો કોઈ મતલબ નથી, એકવાર જે ઈન્ટરનેટ પર જે પણ કાઈ નાખવામાં આવે છે, તે હંમેશા માટે રહે છે. અભિવ્યક્તિની સ્વતંત્રતા એક અમુલ્ય અને મૌલિક અધિકાર છે, પરંતુ તેનો દુરુપયોગ કરવાથી કોર્ટોમાં ભીડ વધે છે. ૨૪ જૂનના રોજ થયેલી છેલ્લી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એ. જી. વિશ્વનાથન અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહની બેન્ચે કેન્દ્ર સરકાર અને આસામ, દિલ્હી, હરિયાણા અને પશ્ચિમ બંગાળની રાજ્ય સરકારોને નોટિસ ફટકારી હતી. આ નોટિસ વજાહત ખાનની અરજી પર આપવામાં આવી હતી, જેમાં તેમણે તેની સામે નોંધાયેલી તમામ FIRને એકસાથે જોડવાની માંગ કરી હતી.

### આંધ્રપ્રદેશમાં કેરીઓ ભરેલી ટ્રક પલટતાં ૯ લોકોના મોત

। (એજન્સી) અમરાવતી, તા.૧૪ ।

આંધ્રપ્રદેશના અન્નમય્યા જિલ્લામાં રવિવારે રાત્રે ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. કેરીઓ ભરેલી એક ટ્રક અચાનક પલટી ખાઈ જતાં નવ મજૂરોના ઘટનાસ્થળે જ મોત થયા હતાં, જ્યારે અન્ય ૧૦ ઘાયલ થયા હતા. મૃતકોમાં પાંચ મહિલા સામેલ છે. ઈજાગ્રસ્તોને રાજમપેટની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ અકસ્માત પુલ્લમ પેટા મંડલના રેડ્ડી ચેરૂવુ કટ્ટામાં થયો હતો. જે કડપા શહેરથી લગભગ ૬૦ કિમીના અંતરે આવેલો છે. પોલીસે જણાવ્યા પ્રમાણે, ટ્રક પલટી ખાઈ જતાં કેરીના ઢગલાં પર બેઠેલા મજૂરો નીચે પડ્યા હતાં. ટ્રક ચાલકનો આ અકસ્માતમાં આબાદ બચાવ થયો હતો. ડ્રાઈવરે જણાવ્યું હતું કે, સામેથી આવી રહેલી કારને બચાવવા જતાં ટ્રક પરથી કાબૂ ગુમાવ્યો હતો. રેલવે કોડુરૂ અને તિરૂપતિ જિલ્લાના વેંકટગીરી મંડલના ૨૧ દિહાડી મજૂરો એસુકાપ લ્લી અને આસપાસના ગામમાંથી કેરી તોડીને આવી રહ્યા છે. તેઓ ટ્રકની ઉપર બેઠા હતા. અકસ્માતમાં મજૂરો ૩૦-૪૦ ટન કેરીની નીચે દબાઈ ગયા હતાં. પોલીસે જેસીબીની મદદથી બચાવ કામગીરી શરૂ કરી હતી. ટ્રક અને કેરીના ઢગલાં નીચે દબાઈ જવાથી આઠ મજૂરોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતાં.

### રાષ્ટ્રપતિ મૂર્મૂએ કરી નવી નિમણૂક

## ગોવા અને હરિયાણાના રાજ્યપાલને બદલાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।



દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ હરિયાણા અને ગોવામાં નવા રાજ્યપાલોની નિમણૂક કરી છે. આ ઉપરાંત, લદ્દાખમાં નવા લેફ્ટનન્ટ ગવર્નરની નિમણૂક કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપ દી મુર્મુએ પ્રો. આશિમ કુમાર ઘોષને હરિયાણા અને પુષ્પાપ તિ અશોક ગજપતિ રાજુને ગોવાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કર્યા છે, જ્યારે કવિંદર ગુપ્તાને લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વરિષ્ઠ શૈક્ષણિક ભૂમિકા ભજવતા આશિમ કુમાર ઘોષને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા હરિયાણાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમની પાસે ઉચ્ચ શિક્ષણમાં ઘણો વહીવટી અનુભવ છે, જેનો હવે હરિયાણાને ફાયદો થશે. તેઓ ટૂંક સમયમાં રાજ્યપ ાલ તરીકેનો કાર્યભાર સંભાળશે. ટીડીપીના વરિષ્ઠ નેતા અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુના નજીકના પશુપતિ અશોક ગજપતિ રાજુને ગોવાના નવા રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

### મોહમ્મદ સિરાજ પર મેચ ફીના ૧૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો

। (એજન્સી) લોર્ડ્સ, તા.૧૪ ।

લોર્ડ્સ ટેસ્ટ મેચના ચોથા દિવસે ઈંગ્લિશ બેટ્સમેન બેન ડકેટની વિકેટ લીધા પછી ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે આક્રમક રીતે સેલિબ્રેશન કર્યું. હવે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ મોહમ્મદ સિરાજ સામે કાર્યવાહી કરી છે. સિરાજનેં ઝઝની આચારસંહિતાના કલમ ૨.૫ના ઉલ્લંઘન બદલ દોષી ઠેરવવામાં આવ્યો છે. આના કારણે મોહમ્મદ સિરાજ પર મેચ ફીના ૧૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન જ્યારે બેટ્સમેન આઉટ થાય છે ત્યારે અપ શબ્દો અથવા એક્સપ્રેશનનો ઉપ યોગ કરીને બેટ્સમેનને ઉશ્કેરવો આ કલમ હેઠળ આવે છે.

### ૪૬ નવા કેસ સામે આવ્યા છે

## કેરળમાં નિપાહ વાઈરસના કારણે ૧૮ વર્ષના યુવકનું મોત

। (એજન્સી) થિરૂવનંતપૂરમ્, તા.૧૪ ।

કેરળમાં નિપાહ વાઈરસ ફરી હાહાકાર મચાવી રહ્યો છે. હાલમાં જ મલપ્પુરમ જિલ્લામાં આ વાઈરસથી એક ૧૮ વર્ષીય યુવાનનું મોત થયું હતું. તેમજ ૪૬ નવા કેસ સામે આવ્યા છે. આ ઘાતક વાઈરસે આરોગ્ય અધિકારીઓને હાઈ એલર્ટમાં મુકી દીધા છે. આ વાઈરસ જીવલેણ છે, કારણ કે તેની કોઈ ખાસ દવા કે વેક્સીન પણ ઉપલબ્ધ નથી. નિપાહ વાઈરસ (NiV)એક ઝૂનોટિક વાઈરસ છે, એટલે કે, પ્રાણીઓમાંથી મનુષ્યોમાં ફેલાય છે. આ વાઈરસ મુખ્યત્વે ચામાચીડિયા (Pteropus Medius), જેને ફ્લાઈંગ ફોક્સ પણ કહેવામાં આવે છે. આ ડુક્કર દ્વારા માણસોમાં ફેલાય છે. આ પ હેલીવાર ૧૯૯૮માં મલેશિયામાં જોવા મળ્યો હતો. ત્યારે બાંગ્લાદેશ, ભારત અને સિંગાપુરમાં તેનો પ્રકોપ જોવા મળ્યો હતો. કેરળમાં ૨૦૧૮થી અત્યાર સુધી સાત વખત નિપાહ વાઈરસનો પ્રકોપ જોવા મળ્યો છે. જેમાં ૨૦૧૮,૨૦૧૯,૨૦૨૧,૨૦૨૩ અને ૨૦૨૪-૨૫ નો સમાવેશ થાય છે. નિપાહ વાઈરસનો મૃ ત્યુદર ખૂબ જ ઊંચો છે, જે ૪૦% થી ૭૫% સુધીનો હોઈ શકે છે. આ વાયરસમાં માનવ-માનવ ટ્રાન્સમિશન દ્વારા ફેલાવાની ક્ષમતા પણ છે, જે તેને વધુ ખતરનાક બનાવે છે. WHO એ આ રોગચાળાની સંભાવના ધરાવતા પ્રાથમિકતાવાળા રોગકારક જીવાણુઓમાં સામેલ કર્યો છે. જુલાઈ ૨૦૨૫માં કેરળમના મુલપ્પુરમ જિલ્લામાં એક ૧૮ વર્ષીય કિશોરનું નિપાહ વાઈરસના કારણે મૃત્યુ થયું હતું. આ સાથે ૪૬ નવા કેસ સામે આવ્યા છે. જેમાં મોટાભાગના મલપ્પુરમ, કોઝિકોડ અને પલક્કડ઼ જિલ્લામાં છે. આરોગ્ય અધિકારીઓએ ૪૨૫ લોકોને દેખરેખ હેઠળ રાખવામાં આવ્યો છે.



## વડોદરામાં ખાડાના કારણે બાઈક ચાલકે હાથની આંગળી ગુમાવી

। (એજન્સી) વડોદરા, તા.૧૪ ।

વડોદરા શહેરના બિલ કેનાલ રોડ ઉપર ડવ ચાર રસ્તા પાસે ખાડાના કારણે સર્જાયેલા અકસ્માતમાં બાઈક ચાલકને હાથની એક આંગળ ગુમાવવાની નોબત આવતા કોર્પોરેશન પાસે વળતરની માંગણી કરી છે.

શહેરના બિલ કેનાલ રોડ ઉપર આવેલા પ્લેનેટ વનમાં રહેતા દેવીદાસભાઈ ગઈકાલે (૧૨ જુલાઈ) વહેલી સવારે ૬ વાગ્યે દૂધ લેવા માટે નીકળ્યા હતા. આ સમયે નજીકમાં જ ડવ ચાર રસ્તા પાસે ખાડાના કારણે દેવીદાસ જમીન પર પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને જમણા હાથની એક આંગળી ગુમાવવાની નોબત આવી છે.

અકસ્માતમાં પોતાના હાથની એક આંગળી ગુમાવવાને લઈને દેવીદાસે આ ઘટના કોપ ેરેશનની બેદરકારીથી સર્જાઈ હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ખાડાના કારણે મારું બાઈક સ્લીપ થઈ જતાં અકસ્માતમાં મેં હાથની એક આંગળી ગુમાવી છે. હું પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરું છું.

## સિવિલના સુપ્રિન્ટેન્ડેન્ટ મંદિર હટાવવા માતાજીની રજા લેવા ભૂવા પાસે ગયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આવેલ વર્ષો જુના ખોડિયાર માતાના મંદિરને ખસાડવાનો મામલે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ રાકેશ જોષી વિવાદમાં આવ્યા છે. તેઓ મંદિર હટાવવા માતાજીની રજા લેવા ભૂવા પાસે ગયા હોવાની ચર્ચા વહેતી થઈ છે. સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો.રાકેશ જોશી આજે ખોડિયાર માતાના મંદિરે પહોંચ્યા હતા. વાત એમ હતી કે, સિવિલ સુપરિટેન્ડન્ટ ખોડિયાર માતાનું મંદિર ખસેડવાના ઈરાદે મંદિર પહોંચ્યા હતા. જોકે, આ મંદિર વર્ષો જૂનું છે. અને કહેવાય છે કે, તેને અંગ્રેજો કે જૂના અધિકારીઓ પણ ખસેડી શક્યા નથી. ત્યારે હાલ સુપ્રિટેન્ડન્ટ મંદિર ખસેડવાના ઈરાદે ગયા હતા. આ માટે તેઓ માતાની ભુવાના શરણે પહોંચ્યા હતા. સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ભૂવા પાસે ગયા હોય તેવો વીડિયો સામે આવ્યો છે. જેમાં તેમની સામે ભુવો ધૂણી રહ્યો છે.

## ગિરનાર અને દાતાર પર્વતે ઓઢી લીલીછમ ચાદર

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૪ ।

સોરઠ પંથકમાં છેલ્લા મહિનાથી સારો એવો વરસાદ પડી રહ્યો છે. ગિરનાર જંગલ વિસ્તારમાં વરસાદને કારણે કુદરતનો અનોખો નજારો સર્જાયો છે. વરસાદને લીધે ચારે બાજુ લીલોતરી જોવા મળી રહી છે. છેલ્લા એક મહિનામાં ગિરનાર પર્વત પર ૩૪ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે જેના કારણે લીલોતરી છવાઈ ઊઠી છે. જાણે ગિરનાર પર્વતે લીલી ચાદર ઓઢી હોય તેવા નયનરમ્ય નજારો જોવા મળી રહ્યો છે. ગિરનાર અને દાતાર પર્વત પર પડેલા ભારે વરસાદથી તમામ નદી નાળાઓ છલકાયા છે. દાતાર પર્વત પર ધોધમાર વરસાદને કારણે પહાડો પ રથી પાણીના ધોધ વહેતાં થયા હતા. ગઈકાલે પડેલા ભારે વરસાદના કારણે ફરીથી ઝરણાઓ જંગલની પ હાડીઓમાં શરૂ થયા છે. સાથે વરસાદનો નયનરમ્ય નજારો પણ જોવા મળ્યો છે.





મુજપુર-ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં અસરગ્રસ્ત પરિવારો અને ઈજાગ્રસ્તોને સહાયરૂપ થવા રાજ્ય સરકાર અત્યંત સંવેદનશીલ છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી આર્થિક સહાય અંતર્ગત આજે ઉપલબ્ધ યાદી મુજબ હાલ કુલ ૬૨ લાખની રકમના ચેકનું અસરગ્રસ્તોને વિતરણ કરાયું હતું.

## બહુચરાજી ભાજપમાં ભડકો, આંતરિક વિખવાદ સપાટી પર, તાલુકા પ્રમુખ અને ધારાસભ્ય આમને-સામને!

। મહેસાણા, તા.૧૪ ।

મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકામાં ભારતીય જનતા પાર્ટીમાં આંતરિક વિખવાદ ચરમસીમા પર પહોંચ્યો છે. તાજેતરમાં યોજાયેલા નવા ચૂંટાયેલા સરપંચોના સન્માન સમારોહમાં સ્થાનિક ધારાસભ્ય સુખાજી ઠાકોર ની ગેરહાજરીએ આ વિવાદને વધુ વેગ આપ્યો છે, જેના પ ગલે તાલુકા ભાજપ પ્રમુખ કમલેશ દેસાઈ અને ધારાસભ્ય સુખાજી ઠાકોર વચ્ચે ગંભીર આરોપ-પ્રતિઆરોપનો દોર શરૂ થયો છે. તાલુકા ભાજપ પ્રમુખ કમલેશ દેસાઈએ ધારાસભ્ય સુખાજી ઠાકોર પર ગંભીર આરોપો લગાવ્યા છે. દેસાઈએ જણાવ્યું કે, ધારાસભ્ય સુખાજી ઠાકોર બહુચરાજીમાં જ હાજર હોવા છતાં સરપંચ સંમેલનમાં હાજર રહ્યા નહોતા. તેમણે ભૂતકાળના દાખલા ટાંકતા કહ્યું કે, "ભૂતકાળમાં પણ અમારા ઘણા કાર્યક્રમોમાં તેઓ હાજર રહ્યા નથી." દેસાઈએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ભાજપના તાલુકા સંગઠન અને સ્થાનિક ધારાસભ્ય વચ્ચે સંકલનનો અભાવ જોવા મળી રહ્યો છે. તેમણે કમલેશ દેસાઈ પર 'હાજર હોવા છતાં ગેરહાજર રહ્યા' હોવાનો આરોપ પણ લગાવ્યો. કમલેશ દેસાઈએ સુખાજી ઠાકોર પર એવો પણ આરોપ મૂક્યો કે ભાજપે પ્રમુખ બનાવ્યા હોવા છતાં, ધારાસભ્ય કાર્યાલય હોવા છતાં, તેમણે અલગ કાર્યાલય બનાવ્યા છે. કમલેશ દેસાઈના મતે, આ બાબતો દર્શાવે છે કે ધારાસભ્ય તાલુકા સંગઠનને વિશ્વાસમાં લેતા નથી. તાલુકા પ્રમુખના આરોપોના જવાબમાં, ધારાસભ્ય સુખાજી ઠાકોરે પણ કમલેશ દેસાઈ પર ગંભીર વળતા પ્રહારો કર્યા છે.

## કૉંગ્રેસ હાઈકમાન્ડનું ગુજરાત કૉંગ્રેસના નવા સુકાની માટે મંથન

। અમદાવાદ, તા.૧૪ ।

કોંગ્રેસ હાઈકમાન્ડ હાલ ગુજરાત કોંગ્રેસના નવા સુકાની માટે મંથન કરી રહ્યું છે. ગુજરાતના કયા નેતાને પ્રમુખ પદ સોંપાશે તે લગભગ ફાઈનલ થઈ ગયું છે. બે-ચાર દિવસમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખના નામની ઘોષણા થાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જેકે, આ વચ્ચે અમિત ચાવડા પ્રબળ દાવેદાર છે તેવું આંતરિક સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

ગુજરાત કોંગ્રેસના નેતૃત્વ માટે હાઈકમાન્ડે પેનલ તૈયાર કરી છે. પ્રદેશ અધ્યક્ષ માટે ત્રણ નામોની પ ેનલ તૈયાર કરાઈ છે. વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા માટે બે નામોની પ ેનલ તૈયાર કરાઈ છે. તો પ્રદેશ અધ્યક્ષ માટે અમિત ચાવડા, ગેનીબેન ઠાકોર અને લાલજી દેસાઈના નામ ટોપ-૩ માં છે. વિધાનસભામાં કોંગ્રેસ પ ક્ષના નેતા માટે શૈલેષ પરમાર અને કિરીટ પટેલના નામ ચર્ચામાં છે. પ રંતુ હાઈકમાન્ડ ઓબીસી નેતા અમિત ચાવડાને ફરી પ્રમુખપદ સોંપી શકે છે.

પહેલા એમ હતું કે, ગુજરાત કોંગ્રેસને મહિલા સુકાની તરીકે ગેનીબેન ઠાકોર મળશે. પરંતુ આંતરિક સૂત્રો અનુસાર, અમિત ચાવડા હાઈકમાન્ડની પહેલી પસંદગી છે. જો અમિત ચાવડા પ્રદેશ પ્રમુખ બને તો વિધાનસભા વિપક્ષનું પદ ખાલી પડશે. જો અમિત ચાવડા નવા પ્રમુખ બને તો વિધાનસભા વિપક્ષ નેતા તરીકે જિજ્ઞેશ મેવાણીને તક મળી શકે છે. મેવાણીની છાપ યુવા તેમજ આક્રમક નેતા તરીકેની છે. તેઓ સતત એક્ટિવ રહે છે, અને રાહુલ ગાઁધી સાથે ઘરોબો ધરાવે છે. તેમજ ઉપનેતા તરીકે કિરીટ પટેલની પસંદગી થઈ શકે છે.

ગુજરાત કોંગ્રેસના પ્રમુખ પદની કવાયત જોરશોર હાથ ધરાઈ છે. જલ્દી જ આ નામની જાહેરાત થશે. કોંગ્રેસનું પ્રમુખ પદ ખૂબ મહત્વનું બનશે. રાહુલ ગાંધી દ્વારા ગુજરાતને મોડલ સ્ટેટ અપનાવી જિલ્લા સ્તરથી પ્રમુખ પદ પસંદગીની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. પહેલીવાર કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં તાલુકા જિલ્લા સ્તરે નવો પ્રયોગ કરાયો છે. ચોક્કસ તેમાં કેટલાક નામોની સામે આંતરિક નારાજગી છે. હવે પ્રદેશ પ્રમુખનું નામ નક્કી કરવામાં આવશે. લગ્નના ઘોડા કે રેસના ઘોડા શબ્દ પ્રયોગ રાહુલ ગાંધી સામે પ્રશ્ન ઊભો કરી રહ્યો છે. પ્રમુખ પદના નામમાં કોઈ નવું નામ સામે આવે છે કે પછી કોંગ્રેસ ગાજ્યા પ્રમાણે નહીં વરસીને જૂના જોગીની જ પસંદગી કરે છે તે પણ જોવું રહ્યું.

હાલ ઓબીસીમાંથી અમિત ચાવડા, ગેનીબેન ઠાકોર, લાલજી દેસાઈ નામ ચર્ચામાં છે. તો પ ાટીદારમાંથી પરેશ પટેલ, કિરીટ પ ટેલ જેવા નામો ચર્ચા રહ્યા છે. જિગ્નેશ મેવાણી અને શૈલેષ પરમારને પણ મહત્વનું સ્થાન મળી શકે. ૨૦૨૭ માં કોંગ્રેસ કેટલું કાઠું કાઢશે તે લગભગ પ્રમુખ પદના નામની પસંદગી ઉપરથી ખબર પડી જશે. કોંગ્રેસમાં વાતો ગમે તેટલી જતી હોય પણ આખરે જૂના જોગીઓની પકડ જ મજબૂત રહેતી હોય છે. તેના કારણે કોંગ્રેસ જ્યાં છે ત્યાં કે તેનાથી નીચલા સ્તરે પહોંચે છે.

### રાજકીય અને સામાજિક પ્રભુત્વના મુદ્દા પર થઈ ચર્ચા

## ગાંધીનગરમાં ભારતીય કોળી યુવા સંગઠનની યોજાઈ બેઠક

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૪ ।

૨૦૨૭ ની ચૂંટણી માટે ગુજરાતના રાજકારણમાં અત્યારથી ગરમાવો આવી ગયો છે. પાટીદાર સમાજ હવે ગુજરાતમાં કોળી સમાજ જાગ્યો છે. ગાંધીનગરમાં ભારતીય કોળી યુવા સંગઠનની બેઠક યોજાઈ હતી. જેમાં રાજકીય અને સામાજિક પ્રભુત્વના મુદ્દા પર ચર્ચા થઈ. ગુજરાત કોળી સમાજના અધ્યક્ષ હીરા સોલંકી પણ હાજર રહ્યા. ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે કોળી સમાજની બેઠક મળી હતી. અખિલ ભારતીય કોળી યુવા સંગઠનની મળેલી બેઠક અંતર્ગત પ્રદેશ કારોબારી મિટિંગનું આયોજન કરાયું હતું. આ મીટીંગમાં રાજકીય સામાજિક પ્રભુત્વના મુદ્દાઓની ચર્ચા કરાઈ હતી. બેઠકમાં અખિલ ભારતીય કોળી સમાજના પ્રદેશ અધ્યક્ષ હીરાભાઈ સોલંકી, રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ મનુભાઈ ચાવડા હાજર રહ્યા હતા. આ બેઠકમાં યુવાઓને સંગઠિત કરવા સમાજને મજબૂત કરવાની ચર્ચા કરાઈ હતી. આ સાથે સમાજમાં શૈક્ષણિક અને સામાજિક અને આર્થિક રીતે યુવાને મજબૂત કરવાની ચર્ચા પણ કરાઈ. કોળી સમાજે જ્ષ્ઠ અને જ્ઞ્જ્ષ્ઠ માં ભરતી અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. વિવિધ પ્રશ્નોને લઈને કોળી સમાજ સરકારમાં રજુઆત પર કરશે તેવું નક્કી કરાયું છે. આજની બેઠકમાં કેટલાક જિલ્લામાં સમાજના સભ્યોને જવાબદારી પણ સોંપાઈ છે. હવે દર ૩ મહિને સમાજની કારોબારી બેઠક મળી વિવિધ મુદાઓ પર ચર્ચાઓ કરાશે તેવું સર્વાનુમતે નક્કી કરાયું.

## ૨૧૨ કરોડના ખર્ચે મુજપૂર પાસે નવો ટુ લેન હાઇલેવલ પુલ બનાવાશે

### દુર્ઘટનાગ્રસ્ત બ્રિજની સમાંતર નવો બ્રિજ તૈયાર કરાશે, ૧૮ મહિનામાં પૂલ નિર્માણ માટે ટેન્ડરિંગ પ્રક્રિયાનો આરંભ



। (એજન્સી) ગાંધીનગર, તા.૧૪ ।

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજ પુરમાં ૯ જુલાઈ ૨૦૨૫ના રોજ ગંભીરા બ્રિજ તૂટી પડવાની દુર્ઘટનામાં ૨૦ લોકોના મોત નીપજ્યા હતા. બ્રિજ દુર્ઘટનાને લઈને પોલીસ અને સરકાર દ્વારા તપાસ હાથ ધરાઈ છે. ત્યારે હવે બ્રિજ દુર્ઘટના બાદ મહત્ત્વના સમાચાર મળી રહ્યા છે કે, મુજપુર પાસે મહી નદી પર નવો બ્રિજ બનશે. નવા ટુ લેન હાઈલેવલ બ્રિજ માટે રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૨૧૨ કરોડ મંજૂર કરાયા છે. દુર્ઘટનાગ્રસ્ત બ્રિજની સમાંતર નવો બ્રિજ તૈયાર કરાશે. ૧૮ મહિનામાં પૂલ નિર્માણ માટે ટેન્ડરિંગ પ્રક્રિયાનો તાબડતોડ આરંભ કરાયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા જિલ્લાના પ ાદરા તાલુકાના મુજપૂર પાસે મહી નદી ઉપર નવો ટુ લેન પૂલ બનાવવા માટેની માર્ગ અને મકાનને વહીવટી મંજૂરી આપી છે. આ પૂર પાદરા અને આંકલાવને જોડશે.

દુર્ઘટનાગ્રસ્ત પૂલની સમાંતર બનનારા આ નવા પૂલ માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાજેતરમાં સર્વે કરી ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. ત્યાં નવો પૂલ બનાવવાની કાર્યવાહી આદરવામાં આવી હતી.

એ દરમિયાન અહીં પૂલ તૂટી પડવાની દુર્ઘટના બનતા મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને પરિવહનથી જોડવા ઉપરાંત સ્થાનિકને રોજગારીના પ્રશ્નો, છાત્રોને આવાગમનના પ્રશ્નો સર્જાયા હતા. તેને ધ્યાને રાખી મુખ્યમંત્રીએ તત્કાલ આ પૂલ બનાવવાની મંજૂરી આપી છે.

માર્ગ અને મકાન વિભાગના અધિક્ષક ઈજનેર એન. વી. રાઠવાએ જણાવ્યું કે, મુજપૂર એપ્રોચ રોડ હાલમાં જે ટુ લેન છે, એને ફોર લેન કરી ૭ મિટરનો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. હાઈવેથી પૂલ સુધી પહોંચવાના ૪.૨ કિલોમીટર માર્ગને ફોર લેન કરવામાં આવશે.

દુર્ઘટનાગ્રસ્ત પૂલની સમાંતર નવો ટુ લેન હાઈલેવલ પૂલ બનાવવામાં આવશે. આ બન્ને કામ માટે મુખ્યમંત્રીશ્રી દ્વારા રૂ.૨૧૨ કરોડની વહીવટી મંજૂરી પ્રદાન કરવામાં આવી છે. પૂલ બનાવવાની કામગીરી ૧૮ માસમાં પૂર્ણ કરવામાં આવશે. એના ટેન્ડરિંગ પ્રક્રીયા પણ આરંભી દેવામાં આવી છે. દુર્ઘટનાગ્રસ્ત પૂલની સમાંતર નવો ટુ લેન હાઈલેવલ પૂલ બનાવવામાં આવશે. આ બન્ને કામ માટે મુખ્યમંત્રીશ્રી દ્વારા રૂ.૨૧૨ કરોડની વહીવટી મંજૂરી પ્રદાન કરવામાં આવી છે. પૂલ બનાવવાની કામગીરી ૧૮ માસમાં પૂર્ણ કરવામાં આવશે. એના ટેન્ડરિંગ પ્રક્રીયા પણ આરંભી દેવામાં આવી છે.

## હવામાન વિભાગે ૧૭ જુલાઈ સુધી વરસાદની આગાહી કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

હવામાન વિભાગે ૧૭ જુલાઈ સુધી વરસાદની આગાહી કરી છે. આજથી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થશે. હવામાન વિભાગ દ્વારા આજે ૫ જિલ્લ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે યલો એલર્ટ આપ્યું છે. ૧૪ જુલાઈએ સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ અને ૧૫ જુલાઈથી ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ અને પૂર્વ ગુજરાતમાં ભારે વરસાદનું અનુમાન છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૬ તાલુકામાં મધ્યમ વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં ૧૪થી ફરી એકવાર વરસાદનો રાઉન્ડ શરૂ થશે. ૧૪થી ૧૭ જુલાઈ સુધી ગુજરાતમાં સારો સાર્વત્રિક વરસાદ વરસી શકે છે. સૌરાષ્ટ્રમાં ૧૪ જુલાઈથી જ તેની અસર શરૂ થઈ જશે. સૌરાષ્ટ્રમાં ૧૩ જુલાઈથી દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, જૂનાગઢ, જામનગર, અમરેલી, ભાવનગર, પોરબંદર, રાજકોટ, મોરબીમાં મધ્યમ તો કેટલાક વિસ્તારમાં ભારે વરસાદનું અનુમાન છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ૧૪થી ૧૭ના વરસાદના રાઉન્ડમાં ભારે વરસાદની આગાહી છે. અહીં નવસારી, વલસાડ, સુરત, તાપી સહિતના આસપાસના વિસ્તારમાં ભારે વરસાદનું અનુમાન છે. પર્વ ગુજરાત પંચમહાલ, છોટા ઉદેપુર, દાહોદ, મહીસાગરમાં વરસાદનું પ્રમાણ વધી શકે છે. ૧૪ જુલાઈથી ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદનું અનુમાન છે.

### સગર્ભાને ઝોળીમાં ઉંચકીને લઈ જવા મજબૂર

## છોટાઉદેયપુરમાંથી ફરીવાર સામે આવી શરમજનક ઘટના

। (એજન્સી) છોટાઉદેયપુર, તા.૧૪ ।

છોટાઉદેયપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં રોડ-રસ્તાના અભાવને કારણે ગંભીર સમસ્યાઓ સર્જાઈ રહી છે. તાજેતરમાં ભુંડમારિયા ગામમાં બનેલી ઘટના આ વાતનો પુરાવો આપે છે. એક સગર્ભા મહિલાને પ્રસૂતિ પીડા થતાં, તેમને હોસ્પિટલ લઈ જવાની જરૂર પડી. પરંતુ કાચા અને પથરાળ રસ્તાઓને કારણે ૧૦૮ એમ્બ્યુલન્સ ગામ સુધી પ હોંચી શકી નહીં. એમ્બ્યુલન્સ ગામથી ૩ કિલોમીટર દૂર પાકા રસ્તા સુધી જ પહોંચી શકી. આ પરિસ્થિતિમાં પ રિવારજનોએ મહિલાને જોડીમાં ઉંચકીને કોતરોના પાણી અને કાદવ-કિચડમાંથી પસાર કરીને ૧૦૮ સુધી લઈ જવાની ફરજ પડી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર ઘટના ચર્ચા સામે આવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં રોડ-રસ્તાના અભાવ અને તંત્રની બેદરકારી સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે.આ પહેલા પણ આવા ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે. જ્યાં સગર્ભા મહિલાઓને જોડીમાં ઉંચકીને લઈ જવી પડી છે. આ વિસ્તારમાં વસતા આદિવાસી સમાજના લોકો લાંબા સમયથી રોડ-રસ્તાની માંગ કરી રહ્યા છે, પરંતુ તંત્ર દ્વારા આ દિશામાં કોઈ યોગ્ય પગલાં લેવામાં આવતા નથી. આ ઘટના ફરી એક વખત તંત્રની નિષ્ક્રિયતા અને ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓના અભાવને ઉજાગર કરે છે. આ સમસ્યાના ટકાઉ ઉકેલ માટે તંત્રએ તાત્કાલિક પ ગલાં લેવાની જરૂર છે. નહીંતર આવી ઘટનાઓનું પુનરાવર્તન થતું રહેશે. આ અગાઉ ૧ ઓક્ટોબરે અને ૮ ઓક્ટોબરે એમ્બ્યુલન્સ ગામ સુધી ન પહોંચી શક્તા પ્રસુતાને ઝોળીમાં નાખીને લઈ જવી પડી હતી.

### પુલો પર પોલીસ પહેરો ગોઠવવામાં આવ્યો છે

## વલસાડ જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લાના ૫ બ્રિજને બંધ કરવાનો નિર્ણય કરાયો

### લોકોની સલામતીના માટે લેવામાં આવેલા આ નિર્ણયને લોકો આવકારી રહ્યા છે અને વહેલીતકે રિપેરીંગની માંગ

। (એજન્સી) વલસાડ, તા.૧૪ ।

જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લાના કુલ ૫ પુલોને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કલેક્ટરના આદેશની ગંભીરતાથી અમલવારી શરૂ થઈ છે અને બંધ કરવામાં આવેલા પુલો પર પોલીસ પહેરો ગોઠવવામાં આવ્યો છે અને ભારે વાહનોને રોકવામાં આવી રહ્યા છે. બંધ પુલો પર માત્ર નાના વાહનો જ પસાર કરવાની પરવાનગી આપવામાં આવી છે. જ્યારે ભારે વાહનોને જાહેર કરવામાં આવેલા વૈકલ્પિક રસ્તાઓ પર ડાયવર્ટ કરવામાં આવ્યા છે. જોકે પુલ બંધ હોવાથી ભારે વાહનને કિલોમીટરોનો ચકરાવો મારવાનો વારો આવ્યો છે. લોકોની સલામતીના માટે લેવામાં આવેલા આ નિર્ણયને લોકો આવકારી રહ્યા છે અને વહેલીતકે આ પુલોનું રિપેરીંગ કરી ફરી પુલો ચાલુ કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. જેથી લોકોને ઓછી હાલાકીનો સામનો કરવો પડે. જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે નંબર ૫૬ પર જ ચાર પુલ બંધ કરવામાં આવ્યા છે. જેમાં તાન નદી, માન નદી, કોલક નદી અને રાતા ખાડી પરના પુલ બંધ કરાયા છે. વલસાડના ઓરંગા નદી પર આવેલા લીલાપોર પુલ પણ ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યો છે. આ સાથે જ યુદ્ધના ધોરણે આ પુલોનું રિપેરીંગ અને જરૂરી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. મહત્વપૂર્ણ છે કે ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ સરકાર દ્વારા પુલોની હાલતને લઈ ગંભીરતા દર્શાવી છે. તે મુજબ વલસાડ જિલ્લામાં પણ આવેલા ૨૬૫ જેટલા પુલોમાંથી ૫ પુલો જોખમી જણાતા તેના પર ભારે વાહનો પર રોક લગાવવામાં આવી છે.

## ગાંધીનગરમાં ૩૮ કરોડના ખર્ચે વ્હાઈટ ટોપિંગ રોડ તૈયાર

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૪ ।

ગુજરાતના પાટનગરમાં ૩૮ કરોડના ખર્ચે કુલ ૬.૨૦ કિમી લંબાઈનો કોબા-અડાલજ લિંક રોડ તથા ૨.૮૦ કિમી લંબાઈનો સરગાસણ-રક્ષાશક્તિ સર્કલ સુધીના વ્હાઈટ ટોપિંગ રોડની કામગીરી પ ૂર્ણ થઈ છે. આ વ્હાઈટ ટોપિંગ પદ્ધતિથી બનેલા આ રોડની ખાસ વાત એ છે કે, તે આર્થિક રીતે ઈઝ્રઝ્ર રોડની તુલનામાં વધુ સરળ હોય છે. કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ગુજરાતમાં વ્હાઈટ ટોપિંગ રોડ બનાવવા અંગે સૂચન કર્યું હતું. જેના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં કુલ રૂ. ૩૮ કરોડના વ્હાઈટ ટોપિંગ રોડના કામોને મંજૂરી આપી હતી. જેમાં ગાંધીનગરમાં ૬.૨૦ કિ.મી. લંબાઈનો કોબા-અડાલજ લિંક રોડ તથા ૨.૮૦ કિ.મી. લંબાઈનો સરગાસણ-રક્ષાશક્તિ સર્કલ રોડ તૈયાર થઈ ગયો છે. આ બંને રસ્તાઓની વ્હાઈટ ટોપિંગ બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. વ્હાઈટ ટોપિંગ રોડ એટલે અસ્તિત્વમાં હોય તેવા ડામરના રોડ (અસ્ફાલ્ટ રોડ) ઉપર કોંક્રિટનું પાતળું પડ ચડાવવાની ટેકનિક. આ પદ્ધતિમાં, ડામરના રસ્તા પર સિમેન્ટ કોંક્રિટનું સ્તર (સામાન્ય રીતે ૨૦ CM) નાખવામાં આવે છે. જે રોડને વધુ મજબૂત, ટકાઉ અને ઓછા જાળવણીની જરૂરિયાતવાળો બનાવે છે. વ્હાઈટ ટોપિંગ કરવામાં આવેલા રોડનું આયુષ્ય ૨૦ વર્ષનું હોય છે. વ્હાઈટ ટોપિંગ હાલની ડામરની સપાટી પર લગાવવામાં આવ્યું છે. આ તકનીક આર્થિક રીતે RCC રોડની તુલનાએ વધુ સરળ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## મસ્કે ટ્વિટરના સબ્સ્ક્રિપ્શનની કિંમતોમાં ભારે ઘટાડો કર્યો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૪ ।

ઈલોન મસ્કે પોતાના ભારતીય યુઝર્સને એક મોટી ભેટ આપી છે. મસ્કે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (ટ્વિટર)ના સબ્સ્ક્રિપ્શનની કિંમતોમાં ભારે ઘટાડો કર્યો છે. કંપનીના આ પગલાંથી, સબ્સ્ક્રિપ્શન પ્લાન હવે ૪૮ ટકા સુધી સસ્તા થયા છે. ભારતના યુઝર્સ માટે મોબાઈલ પર પ્રીમિયમ સબ્સ્ક્રિપ્શનની કિંમત હવે ૪૭૦ રૂપિયા પ્રતિ માસ થઈ છે, જે પહેલાં ૯૦૦ રૂપિયા પ્રતિ માસ હતી. વેબ યુઝર્સ માટે માસિક પ્રીમિયમ પ્લાનની કિંમત હવે ૪૨૭ રૂપિયા પ્રતિ માસ છે, જે પહેલા ૬૫૦ રૂપિયાની કિંમત કરતા ૩૪ ટકા ઘટી છે. વેબ યુઝર્સ માટે બેઝિક સબ્સ્ક્રિપ્શનની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. હવે બેઝિક સબ્સ્ક્રિપ્શનનો માસિક પ્લાન રૂ. ૨૪૩.૭૫થી ઘટી રૂ. ૧૭૦ થયો છે. બેઝિક યુઝર્સ માટે વાર્ષિક પ્લાન પણ સસ્તો કરવામાં આવ્યો છે, તેની કિંમત વાર્ષિક ૧,૭૦૦ રૂપિયા થઈ છે, જે પહેલા ૨,૫૯૦.૪૮ રૂપિયા હતી. X પર પ્રીમિયમ પ્લસ સબ્સ્ક્રિપ્શન પણ સસ્તા થયા છે. વેબ પર તેનો માસિક ચાર્જ ૩,૪૭૦ રૂપિયાથી ૨૬ ટકા ઘટી ૨,૫૭૦ રૂપિયા થયો છે. મોબાઈલ યુઝર્સે હવે પ્રીમિયમ પ્લસ સબ્સ્ક્રિપ્શન માટે દર મહિને માત્ર ૩૦૦૦ રૂપિયા ચૂકવવા પડશે, જ્યારે પહેલા તેનો ચાર્જ ૫,૧૦૦ રૂપિયા પ્રતિ મહિને હતો. બેઝિક એકાઉન્ટમાં પોસ્ટ એડિટ કરવી, કન્ટેન્ટની વધારાની વર્ડ લિમિટ, બેકગ્રાઉન્ડમાં વીડિયો ચલાવવો અને મીડિયા ડાઉનલોડ જેવા ખાસ ફીચર્સ સામેલ છે. જો કે, આ એકાઉન્ટ્સમાં પ્રીમિયમ વેરિફિકેશન ચેકમાર્ક નથી. તેનાથી વિપરીત, પ્રીમિયમ ટીઅર અન્ય વિશિષ્ટ ફીચર્સ તેમજ વેરિફિકેશન જેવા વધારાના લાભો પ્રદાન કરે છે. પ્રીમિયમ પ્લસ એકાઉન્ટ ઘણા વિશિષ્ટ લાભો પૂરા પાડવા માટે રચાયેલ છે જે બેઝિક અને રેગ્યુલર પ્રીમિયમ યુઝર્સ માટે ઉપલબ્ધ નથી. તેમાં કોઈ જાહેરાત નહીં આવે. ફૂલ-લેન્થ આર્ટિકલ પબ્લિશ કરવાની ક્ષમતા તેમજ X ના અદ્યતન AI ટૂલ Grko ૪ નું એક્સેસ સામેલ છે. ભારતમાં સબ્સ્ક્રિપ્શન ખર્ચ ઘટાડવાનો નિર્ણય ઈલોન મસ્કની અત્યંત સ્પર્ધાત્મક બજારમાં પ્લેટફોર્મની પહોંચ અને વપરાશકર્તા આધાર વધારવાની વ્યૂહરચનાનો એક ભાગ છે. તેઓ વધુ સસ્તા વિકલ્પ રજૂ કરી ઠના યુઝર બેઝમાં વધારો કરવા તેમજ સોશિયલ મીડિયામાં ઉપસ્થિતિ જાળવી રાખવા માગે છે. આ કિંમત ઘટાડાથી ભારતીય યુઝર્સને ઘણો ફાયદો થવાની અપેક્ષા છે, ઘણા હવે X પર ઉપલબ્ધ બધી વિશિષ્ટ સુવિધાઓનો અનુભવ કરી શકશે.

### ૨૦૧૭માં જ એક્સપાયર થઈ ગયા હતા વિઝા

## ભારતમાં બાળકો સાથે જંગલની ગુફામાં રહેતી રશિયન મહિલાનું રેસ્ક્યૂ

### રશિયન મહિલા બિઝનેસ વિઝા માટે ભારત આવી હતી

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૪ ।

ભારતમાં બાળકો સાથે જંગલની ગુફામાં રહેતી રશિયન મહિલા અને તેના બે બાળકોને કર્ણાટકની ગોકર્ણ ગુફામાંથી રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. પોલીસે જણાવ્યું હતું કે, મહિલા બિઝનેસ વિઝા માટે ભારત આવી હતી. જેના વર્ષ ૨૦૧૭માં વિઝા એક્સપાયર થયા હતા. મહિલાએ જણાવ્યું કે, તે હિંદુ ધર્મ અને અધ્યાત્મથી પ્રેરિત થઈને ગોવાના ગોકર્ણ પહોંચી હતી. મળતી માહિતી મુજબ, ૪૦ વર્ષ મહિલાની ઓળખ મોહી તરીકે થઈ છે. મોહી છેલ્લા બે અઠવાડિયાથી ઉત્તર કન્નડ જિલ્લામાં સ્થિત રામતીર્થ ટેકરીઓમાં આવેલી એક પ્રાકૃતિક ગુફામાં



રહેતી હતી. મહિલાની સાથે તેની બે બાળકી પ્રેયા (ઉં.વ. ૬) અને અમા (ઉં.વ. ૪) પણ ગુફાની અંદર સામાન્ય ઘર બનાવીને રહેતા હતા. મહિલાએ જણાવ્યું કે, તે પોતાનો મોટાભાગનો સમય ધ્યાન અને પૂજામાં વિતાવતી હતી. ગોકર્ણ પોલીસે સમગ્ર મામલે જણાવ્યું હતું કે, પોલીસ જ્યારે પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે તેમને એક ગુફાની બહાર કપડાં ટીંગાયેલા જોવા મળ્યા હતા. આ પછી પોલીસ અધિકારી જંગલમાં આવેલી એ ગુફા સુધી પહોંચ્યા, જ્યાં તેમને રશિયન મહિલા મોહી અને તેના બે બાળકો મળ્યા. જ્યારે હવે આ મહિલાને ગોકર્ણથી બેંગલુરુ અને પછી ડિપોર્ટેશનની પ્રક્રિયા શરૂ કરી છે. એક સ્થાનિક દ્રર્યની મદદથી રશિયાના દૂતાવાસનો સંપર્ક કરવામાં આવ્યો છે. આ મામલે જિલ્લા પોલીસ વડાએ કહ્યું કે, આ એક આશ્ચર્યજનક વાત છે કે, પરિવાર જંગલમાં જીવિત કઈ રીતે રહ્યો અને ખોરાકમાં શું લેતા હશે. જોકે, આ દરમિયાન તેમને કોઈ નુકસાન પણ થયું નથી.

### અકળાયેલા ટ્રમ્પે નાગરિકતા રદ કરવાની આપી ધમકી

## પૂરમાં ૧૧૯ના મૃત્યુ પર અભિનેત્રીએ દુઃખ વ્યક્ત કર્યું

### ટ્રમ્પે ટોક શો હોસ્ટ અને અભિનેત્રી રોઝી ઓડોનેલને અમેરિકન નાગરિકતા છીનવી લેવાની ધમકી આપી હતી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૪ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે (૧૨મી જુલાઈ) ટોક શો હોસ્ટ અને અભિનેત્રી રોઝી ઓડોનેલને અમેરિકન નાગરિકતા છીનવી લેવાની ધમકી આપી હતી. કારણ કે, તેમણે ચોથી જુલાઈના રોજ ટેક્સાસમાં આવેલા વિનાશક પૂરમાં ૧૧૯ લોકોના મૃત્યુ પર દુઃખ વ્યક્ત કર્યું હતું. આ ઉપરાંત તેમણે ટ્રમ્પ સરકારની નીતિઓની નિંદા કરી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ પર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યું, રોઝી ઓડોનેલ અમારા



દેશના (અમેરિકા) હિતમાં નથી, તેથી હું તેમની નાગરિકતા રદ કરવાનું વિચારી રહ્યો છું. તે માનવતા માટે ખતરો છે અને જો આયર્લેન્ડ તેમને રાખવા માંગે છે તો તેને ત્યાં રહેવા દો. ગોડ બ્લેસ અમેરિકા! અભિનેત્રી રોઝી ઓડોનેલે સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં ચોથી જુલાઈના રોજ ટેક્સાસમાં આવેલા વિનાશક પૂર પર દુઃખ વ્યક્ત કર્યું હતું. આ આપદામાં ૧૧૯ લોકો મૃત્યુ નીપજ્યાં હતા. આ ઉપરાંત તેમણે પર્યાવરણની જાળવણી અને આપદા અંગેની આગાહી સંબંધિત સરકારી એજન્સીઓને ફંડમાં કાપ મુકવાને લઈને ટ્રમ્પ સરકારની નિંદા કરી હતી. ટેક્સાસમાં જળપ્રલયને લઈને ટ્રમ્પ વહીવટીતંત્ર, રાજ્ય અને સ્થાનિક અધિકારીઓ પર હવે સવાલો ઊભા થઈ રહ્યા છે. આ પૂર અમેરિકાના સ્વતંત્રતા દિવસની સવારે આવ્યું હતું.



નવી દિલ્હીમાં ઓલ ઈન્ડિયા આદિવાસી કોંગ્રેસ દ્વારા આયોજિત આદિવાસી નેતાઓ સાથેની વાતચીત દરમિયાન લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી....

## રહાણેને છેલ્લા બે વર્ષથી ભારતીય ક્રિકેટની ટેસ્ટ ટીમમાં મોકો મળ્યો નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

ભારતીય સ્ટાર ખેલાડી અજિંક્ય રહાણેને છેલ્લા બે વર્ષથી ભારતીય ક્રિકેટની ટેસ્ટ ટીમમાં મોકો મળ્યો નથી. અત્યારે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચોની ટેસ્ટ સીરિઝ રમાઈ રહી છે. એવામાં લોર્ડ્સની મુલાકાત દરમિયાન રહાણેનું દર્દ છલકાયું છે. તેનું કહેવું છે કે ટીમમાંથી ડ્રોપ થયા બાદ તેણે સિલેક્ટર્સ સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો પરંતુ કોઈ જવાબ મળતો નથી. એક ઈન્ટરવ્યૂમાં કમબેક અંગે સવાલના જવાબમાં રહાણેએ કહ્યું છે, હું ટેસ્ટ ક્રિકેટ રમવા માંગુ છું. મને ટેસ્ટ ક્રિકેટ રમવી ખૂબ ગમે છે. હું થોડા દિવસ માટે અહીં આવ્યો છું છતાં ટ્રેનર અને ટ્રેનિંગના કપડાં પણ સાથે જ લઈને આવ્યો છું જેથી ફિટ રહી શકું. અત્યારે તો ઘરેલુ ક્રિકેટ રમી રહ્યો છું અને તેની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. રહાણેએ વધુમાં કહ્યું છે, કે હું એવી વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરું છું જેના પર મારો કંટ્રોલ હોય. સાચું કહું તો મેં સિલેક્ટર્સ સાથે વાત કરવાનો પ્રયાસ પણ કર્યો હતો પરંતુ કોઈ જવાબ મળ્યો નથી. મને ટેસ્ટ ક્રિકેટ ખૂબ ગમે છે. નોંધનીય છે કે રહાણેએ છ ટેસ્ટ મેચોમાં ભારત માટે કેપ્ટન્સી કરી છે. જેમાંથી ટીમ ઈન્ડિયા એકેય મેચ હારી નહોતી.

## ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ લોર્ડ્સમાં અડધી સદી ફટકારી

### ૧૫ અડધી સદી, ૧૩૦+ વિકેટ અને ૨૦૦૦+ રનનો અનોખો રેકોર્ડ હાંસલ કરનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો

। (એજન્સી) લોર્ડ્સ, તા.૧૪ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે લોર્ડ્સમાં ટેસ્ટ શ્રેણીની ત્રીજી મેચ રમાઈ રહી છે. ઈંગ્લેન્ડે ટોસ જીતીને પહેલા બેટિંગ કરતા ૩૮૭ રન બનાવ્યા હતા. ભારતીય ટીમનો પ્રથમ દાવ પણ ૩૮૭ રન પર સમાપ્ત થયો હતો.

કેએલ રાહુલની સદી ઉપરાંત, ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ ભારતને આ સ્કોર સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જેમણે ૭૨ રનની શાનદાર ઈનિંગ રમી હતી.

આ અડધી સદી સાથે, જાડેજાએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ઈતિહાસમાં એક વર્લ્ડ રેકોર્ડ પણ બનાવ્યો, જે અત્યાર સુધી કોઈ કરી શક્યું નથી.

લોર્ડ્સમાં અડધી સદી સાથે જાડેજાએ હવે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ૧૫ ટેસ્ટ હાફ સેન્ચુરી બનાવી છે.

આ ઉપરાંત તેના નામે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ મેચોમાં ૧૩૦થી વધુ વિકેટ અને ૨૦૦૦થી વધુ રન પણ છે. આ સાથે જાડેજા વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ૧૫ અડધી સદી, ૧૩૦+ વિકેટ અને ૨૦૦૦+ રનનો અનોખો રેકોર્ડ હાંસલ કરનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બની ગયો છે. જાડેજા પહેલા કોઈ પણ આ રેકોર્ડ પોતાના નામે કરી શક્યું નથી.

ભારતે ત્રીજા દિવસની રમત ૩ વિકેટે ૧૪૫ રનથી શરૂ કરી. બીજા સત્રમાં કેએલ રાહુલે ટેસ્ટમાં તેની ૧૦મી સદી ફટકારી. જોકે, ૧૦૦ રન બનાવ્યા બાદ તેણે શોએબ બશીરને પોતાની વિકેટ આપી. આ પછી રવિન્દ્ર જાડેજા અને નીતિશ કુમાર રેડ્ડીએ છઠ્ઠી વિકેટ માટે ૭૨ રન ઉમેર્યા.

રેડ્ડી ૩૦ રન બનાવીને આઉટ થયો. જાડેજાએ સુંદર સાથે ૭મી વિકેટ માટે ૫૦ રન ઉમેર્યા અને ટીમનો સ્કોર ૩૭૬ રન પર પહોંચાડ્યો. આ સ્કોર પર જાડેજા આઉટ થયો. જાડેજાએ ૧૩૧ બોલમાં ૭૨ રનની શાનદાર ઈનિંગ રમી. જાડેજા આઉટ થતાં જ ભારતીય ઈનિંગ્સ ૩૮૭ રનમાં સમેટાઈ ગઈ.

### લોકો હેરોઈનને બદલે સાઇકોટ્રોપિક ડ્રગ્સનો ઉપયોગ કરી રહ્યા છે : રોજ મોટી માત્રામાં ડ્રગ્સ પકડાઈ રહી છે

## પંજાબમાં ડ્રગ્સનું દૂષણ હવે ચરમસીમાએ પહોંચી ગયું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

પંજાબમાં નશાની સમસ્યા અંગે નવો ખુલાસો થયો છે. હવે ત્યાંના લોકો હેરોઈનને બદલે સાઈકોટ્રોપિક ડ્રગ્સનો ઉપયોગ કરી રહ્યા છે. દરરોજ મોટી માત્રામાં ડ્રગ્સ પકડાઈ રહી છે. આ વખતે સુરક્ષા એજન્સીઓ ચિંતિત છે કે હેરોઈન પછી સાઈકોટ્રોપિક ડ્રગ્સની માંગ વધી છે. આ વર્ષે અત્યાર સુધીમાં સુરક્ષા એજન્સીઓએ NCB સાથે મળીને પંજાબમાંથી લગભગ ૧ કરોડ ૫૦ લાખ સાઈકોટ્રોપિક ડ્રગ્સની ટેબલેટ્સ પકડી છે. NCBનું ઓપરેશન પંજાબમાં સતત ચાલુ છે. પંજાબ-હરિયાણા હાઈકોર્ટના આદેશ બાદ મોટી સંખ્યામાં સાઈકોટ્રોપિક ડ્રગ્સ પંજાબમાંથી પકડાઈ છે. તાજેતરમાં NCBએ પંજાબમાંથી લગભગ ૩૫ હજાર સાઈકોટ્રોપિક ડ્રગ્સની ટેબલેટ્સ પકડી છે. આ મામલે ૪ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં એક મેડિકલ શોપનો માલિક અને ૩ હરિયાણા-પંજાબના દવાઓના મોટા હોલસેલર છે. હાઈકોર્ટનો ઓપરેશન ચલાવવાનો આદેશ પંજાબમાં ડી-એડિક્શન સેન્ટરમાં પણ નશીલી દવાઓની ખરીદી-વેચાણનો ખુલાસો થયો છે. પંજાબમાં ખાસ કરીને સાઈકોટ્રોપિક ડ્રગ્સને લઈને પંજાબ-હરિયાણા હાઈકોર્ટ ચિંતિત હતું, જેના પછી હાઈકોર્ટે CBI અને NCBને આ ડ્રગ્સ વિરુદ્ધ અભિયાન ચલાવવાનો આદેશ આપ્યો હતો. CBIએ આ મામલે દીપ મેડિકોઝ નામના મેડિકલ સ્ટોર પર રેડ કરી, જેનું લાઈસન્સ પણ એક્સપાયર થઈ ગયું હતું અને ત્યાં ગેરકાયદેસર રીતે સાઈકોટ્રોપિક ડ્રગ્સ વેચી રહ્યું હતું. ત્યારબાદ NCBએ મેડિકલ સ્ટોરના માલિકની ધરપકડ કરી. સ્ટોર માલિકની માહિતી પરથી ૭ અન્ય લોકોની ઓળખ કરવામાં આવી.

### મસૂદ પેઝેશ્કિયને કહ્યું મારી હત્યાનો પ્રયાસ કરાયો

## ઈઝરાયલી હુમલામાં ઈરાનના રાષ્ટ્રપતિ થયા હતા ઘાયલ

### હુમલાને લઈને પેઝેશ્કિયનના પગમાં ઈજા પહોંચી હતી

। (એજન્સી) તહેરાન, તા.૧૪ ।

ઈઝરાયલની સાથે ૧૨ દિવસ સુધી ચાલેલા યુદ્ધ દરમિયાન ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન ઈઝરાયલી હુમલામાં ઘાયલ થયા હતા. ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર (IRGC)થી જોડાયેલ ફાર્સ ન્યૂઝ એજન્સીએ રવિવારે આ માહિતી આપી છે. જેમાં જણાવાયું છે કે, ૧૬ જૂન ૨૦૨૫ના રોજ ઈરાનની રાજધાની તેહરાન પર થયેલા ઈઝરાયલી હુમલામાં રાષ્ટ્રપતિ પેઝેક્શિયન સામાન્ય રીતે ઘાયલ થયા હતા. આ હુમલો ત્યારે થયો જ્યારે રાષ્ટ્રપતિ પેઝેશ્કિયન વરિષ્ઠ ઈરાની અધિકારીઓ સાથે તેહરાનમાં બેઠક કરી રહ્યા હતા. હુમલામાં બેઠકમાં ભાગ લેનારા અનેક લોકો ઘાયલ થયા હતા. આ સાથે ઈરાની રાષ્ટ્રપતિએ અમેરિકન પત્રકાર સાથેની વાતચીતમાં દાવો કર્યો કે, ઈઝરાયલે તેમની હત્યાના પ્રયાસ કર્યા હતા. ફાર્સ ન્યૂઝ એજન્સીના રિપોર્ટ અનુસાર, હુમલાને લઈને પેઝેશ્કિયનના પગમાં ઈજા પહોંચી હતી. આ બેઠક યુદ્ધ શરૂ થવાના ચાર દિવસ બાદ ૧૬ જૂને તેહરાનના પશ્ચિમ વિસ્તારમાં આવેલી એક બિલ્ડિંગમાં યોજાઈ હતી. બિલ્ડિંગના નીચેના ભાગમાં થયેલી આ બેઠકમાં ઈરાનના રાષ્ટ્રપતિ, સંસદ અધ્યક્ષ અને ન્યાયપાલિકાના પ્રમુખે ભાગ લીધો હતો. ફાર્સ ન્યૂઝ એજન્સીના અનુસાર, ઈઝરાયલી મિસાઈલોએ મિટિંગ હોલના તમામ એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટને બ્લોક કરવાનો પ્રયાસ કર્યો હતો. હુમલામાં છ મિસાઈલો અને બોમ્બનો ઉપયોગ કરાયો હતો. બિલ્ડિંગની ચોતરફ તબાહી મચી ગઈ, પરંતુ અધિકારી ઈમરજન્સી સુરંગથી બહાર નીકળવામાં સફળ રહ્યા. જો કે, ઈઝરાયલે આ હુમલા અંગે કોઈ ટિપ્પણી નથી કરી. બીજી તરફ ઈરાની જાસૂસી એજન્સીઓ ગુપ્ત માહિતી લીક કરનારની શોધખોળ કરી રહી છે.

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ

### દુનિયા સામે નવું સંકટ

## લાલ સાગરમાં હુથી બળવાખોરોએ ૧ અઠવાડિયામાં ૨ જહાજ ડૂબાડ્યાં

### હુથીઓએ જાહેરાત કરી છે કે તે ઈઝરાયલી બંદર તરફ જતા દરેક કાર્ગો જહાજ પર હુમલો કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

દુનિયા સામે નવું સંકટ ઊભુ થઈ રહ્યું છે કારણ ઈરાન સમર્થક હુથી બળવાખોરોએ લાલ સાગરમાં કાર્ગો જહાજો ડૂબાડવાનું શરૂ કર્યું છે. હુથી બળવાખોરો દ્વારા હુમલાનો ડર એટલો છે કે લાલ સાગરમાંથી પસાર થતા કાર્ગો જહાજોના ક્રૂ મેમ્બર પોતાને બચાવવા માટે ધાર્મિક ઓળખ જાહેર કરવી પડી રહી છે. કારણ કે છેલ્લા એક અઠવાડિયામાં હુથી હુમલા પછી લાલ સાગરમાં બે જહાજો ડૂબી ગયા છે. હુથીઓએ જાહેરાત કરી છે કે તે ઈઝરાયલી બંદર તરફ જતા દરેક કાર્ગો જહાજ પર હુમલો કરશે.

અહેવાલો અનુસાર, લાલ સાગરમાંથી પસાર થતા જહાજોના પબ્લિક ટ્રેકિંગ પ્રોફાઈલ પર એવા મેસેજ મોકલામાં આવી રહ્યા છે કે, જહાજ પરના બધા ક્રૂ મેમ્બર મુસ્લિમ છે. તેથી હુમલો ન



કરો. આ ઉપરાંત આ જહાજનો ઈઝરાયલ સાથે કોઈ સંબંધ નથી, તેથી અમને સુરક્ષિત રીતે જવા દો. મરીન ટ્રેકિંગ ડેટા પરથી જાણવા મળ્યું છે કે મોટાભાગના કાર્ગો જહાજો હુથી બળવાખોરોને મેસેજ મોકલવાનો પ્રયાસ કરી રહ્યા છે કે તે કોઈપણ સંજોગોમાં ઈઝરાયલી બંદર વિસ્તારમાં પ્રવેશ કરશે નહીં.

હુમલાઓથી બચવા માટે અપનાવવામાં આવી રહેલી વ્યૂહનીતિ એ સમજાવવા માટે પૂરતી છે કે લાલ સાગરમાં હુથી બળવાખોરો કેટલા ખતરનાક બની ગયા છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ હોવા છતાં, લાલ સાગર હજુ પણ સળગી રહ્યો છે. તે કાર્ગો જહાજો માટે એક ઉચ્ચ જોખમી ક્ષેત્ર બની ગયો છે. જો કે, નવેમ્બર ૨૦૨૩થી લાલ સાગરમાં હુથી દ્વારા હુમલાઓ થઈ રહ્યા છે, પરંતુ છેલ્લા એક અઠવાડિયામાં બે જહાજો પર હુમલો ગંભીર સંકટ તરફ ઈશારો કરી રહ્યો છે.

છઠ્ઠી જુલાઈના રોજ લાઈબેરિયન ધ્વજવાળા કાર્ગો જહાજ મેજિક સીઝ પર હુમલો કરવામાં આવ્યો હતો. તે ગ્રીક કંપની દ્વારા સંચાલિત હતું. આ જહાજ પર ડ્રોન અને રોકેટ ગ્રેનેડ જેવા હથિયારોથી હુમલો કરવામાં આવ્યો હતો. હુમલા પછી ૨૨ ક્રૂ મેમ્બરને બચાવી લેવામાં આવ્યા હતા પરંતુ કાર્ગો જહાજ સમુદ્રમાં ડૂબી ગયું હતું.

નવીમી જુલાઈના રોજ એટરનિટી સી નામના જહાજ પર હુમલો કરવામાં આવ્યો હતો.

### ઉત્તર કોરિયાને નિશાન બનાવ્યું તો સમજી લેજો...

## અમેરિકા સહિત ૩ દેશોને રશિયાની સીધી ધમકી

। (એજન્સી) વોનસાન, તા.૧૪।

રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે શનિવારે (૧૨ જુલાઈ) ઉત્તર કોરિયાના પૂર્વી શહેર વોનસાનમાં અમેરિકન નેતૃત્વવાળા સુરક્ષા ગઠબંધનના હુમલા સામે કડક ચેતવણી આપી હતી. લાવરોવે અમેરિકા, દક્ષિણ કોરિયા અને જાપાનને ઉત્તર કોરિયા સામે કોઈપણ સૈન્ય ગઠબંધનથી દૂર રહેવાનું કહ્યું. તેમનું આ નિવેદન ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન સાથેની મુલાકાત બાદ આવ્યું છે, જ્યાં તેમણે પ્રમુખ વ્લાદિમીર પુતિન તરફથી શુભકામના પહોંચાડી હતી.

લાવરોવે ઉત્તર કોરિયાના વિદેશ મંત્રી ચોએ સોન હુઈ સાથે વાટાઘાટો કર્યા બાદ પત્રકારો સાથે વાતચીચત દરમિયાન કહ્યું કે, 'અમે ચેતવણી આપીએ છીએ કે, આ સંબંધનો ઉપયોગ કોઈપણ દેશ, ખાસ કરીને ઉત્તર કોરિયા અથવા રશિયાની વિરોધમાં ગઠબંધન બનાવવા માટે ન કરવામાં આવે.'

નોંધનીય છે કે, આ ટિપ્પણી એવા સમયે સામે આવી છે જ્યારે અમેરિકા, જાપાન અને દક્ષિણ કોરિયાએ ઉત્તર કોરિયાના પરમાણુ કાર્યક્રમના જવાબમાં પોતાના ત્રિપક્ષીય સૈન્ય અભ્યાસોને તેજ કરે છે. શુક્રવારે (૧૧ જુલાઈ) ત્રણેય દેશોએ કોરિયાના પ્રાયદ્વીપ પાસે એક સંયુક્ત એર ડ્રિલ કરી, જેમાં અમેરિકાના પરમાણુ હથિયાર લઈ જવામાં સક્ષમ બોમ્બર્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો. ઉત્તર કોરિયા આ સૈન્ય અભ્યાસોના હુમલાની તૈયારીના રૂપે જુએ છે અને તેથી તે પોતાના પરમાણુ હથિયારોની આત્મરક્ષાના સાધન તરીકે દર્શાવવામાં આવે છે.

આ મુદ્દે લાવરોવે કહ્યું કે, 'ઉત્તર કોરિયાના પરમાણુ કાર્યક્રમ તેમના વૈજ્ઞાનિકોની મહેનતનું પરિણામ છે. અમે તેમના પરમાણુ વિકાસ પાછળનું કારણ સમજીએ છીએ અને તેનું સન્માન કરીએ છીએ.' બેઠક દરમિયાન ઉત્તર કોરિયાના વિદેશ મંત્રીએ એ વાતનું પુનરાવર્તન કર્યું કે, અમારો દેશ રશિયા-યુક્રેન યુદ્ધમાં કોઈપણ શરત વિના રશિયાનું સમર્થન કરીએ છીએ. લાવરોવે પણ ઉત્તર કોરિયાના સૈનિકોનો રશિયાના કુર્સ્ક બૉર્ડર ક્ષેત્રમાં યુક્રેની ઘુસણખોરી રોકવામાં આપવામાં આવેલા સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો.

ઉત્તર કોરિયા અને રશિયા વચ્ચે છેલ્લાં અનેક વર્ષોમાં સૈન્ય અને આર્થિક સહયોગ વધ્યો થયો છે. ઉત્તર કોરિયા રશિયાને હથિયાર અને વિસ્ફોટકો આપે છે. જોકે, રશિયા તેના બદલે સૈન્ય ટેક્નિક અને આર્થિક સહાય પ્રદાન કરે છે. જેનાથી અમેરિકા, જાપાન અને દક્ષિણ કોરિયાની ચિંતા વધી છે. રશિયા ઉત્તર કોરિયાને એવી સંવેદનશીલ ટેક્નિક ન આપે, જેના કારણે પરમાણુ અને મિસાઈલ કાર્યક્રમ વધુ ખતરનાક બની જાય.

લાવરોવની આ યાત્રા દરમિયાન વોનસાન શહેર પહોંચ્યા હતા, જ્યાં ઉત્તર કોરિયાએ થોડા સમય પહેલાં જ એક ભવ્ય સમુદ્રી રિસોર્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. જેમાં ૨૦ હજાર લોકો રહી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. લાવરોવે આ બેઠકની શરૂઆતમાં કહ્યું હતું કે, 'મને વિશ્વાસ છે કે, રશિયન પર્યટકો અહીં આવવા ઈચ્છશે.

## તંત્રી લેખ...

# મોદી નિવૃત્ત થાય તો નીતિન ગડકરીને જ પીએમ બનાવજો

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વડા મોહન ભાગવતના ૭૫ વર્ષની ઉંમરે પદ છોડવા અંગેના નિવેદનને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા ચાલી રહી છે. આ મામલે હવે કર્ણાટકમાં કોંગ્રેસના ધારાસભ્ય બેલુર ગોપાલકૃષ્ણ એ પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે સૂચવ્યું છે કે જો વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૭૫ વર્ષની ઉંમરે પદ છોડે છે, તો કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી તેમના આદર્શ ઉત્તરાધિકારી હશે. RSS વડા ભાગવતે બુધવારે (૦૯ જુલાઈ, ૨૦૨૫) નાગપુરમાં એક કાર્યક્રમ દરમિયાન ૭૫ વર્ષની ઉંમર પછી પદ છોડવા અંગે સંઘના વિચારક સ્વર્ગસ્થ મોરોપંત પિંગલેના નિવેદનનો ઉલ્લેખ કર્યો હતો. આ નિવેદન બાદથી જ ભાજપના વરિષ્ઠ નેતાઓના ભવિષ્ય અંગે અટકળો તેજ બની છે. શનિવારે (૧૨ જુલાઈ, ૨૦૨૫) પત્રકારો સાથે વાત કરતા ગોપાલકૃષ્ણએ દાવો કર્યો કે, ‘‘ગડકરી દેશના આગામી વડાપ્રધાન હોવા જોઈએ.’’ તેમણે આ પાછળનું કારણ આપતા કહ્યું કે, ‘‘ગડકરી સામાન્ય માણસની સાથે છે. તેમણે હાઈવે અને અન્ય ક્ષેત્રોમાં દેશના વિકાસ માટે સારું કામ કર્યું છે. દેશના લોકો તેમની સેવાઓ અને તેમના વ્યક્તિત્વથી પરિચિત છે.’’ ગોપાલકૃષ્ણએ ગડકરી દ્વારા કથિત રીતે આપવામાં આવેલા એક નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં તેમણે દેશના ગરીબો માટે ચિંતા વ્યક્ત કરી હતી અને દાવો કર્યો હતો કે ધનિકો વધુ ધનવાન બની રહ્યા છે. આ અંગે ગોપાલકૃષ્ણએ કહ્યું, ‘‘આ જોઈને એવું લાગે છે કે તેમની (ગડકરી) પાસે એક ખ્યાલ છે અને આવા લોકોને પીએમ બનાવવા જોઈએ. મોહન ભાગવતે સંકેત આપ્યો છે કે ૭૫ વર્ષની ઉંમરના લોકોએ રાજીનામું આપવું પડશે. તેથી મને લાગે છે કે ગડકરીનો સમય આવી ગયો છે.’’ કોંગ્રેસના ધારાસભ્યએ ભાજપ પર પ્રહાર કરતા દાવો કર્યો હતો કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના વરિષ્ઠ નેતા બી.એસ. યેદિયુરપ્પાને ૭૫ વર્ષની ઉંમરે કર્ણાટકના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી હતી. તેમણે કહ્યું કે ભાજપનો કોઈ નેતા મોદી વિશે વાત કરી રહ્યો નથી, પરંતુ યેદિયુરપ્પાને પદ પરથી કેમ દૂર કરવામાં આવ્યા? ગોપાલકૃષ્ણએ દાવો કર્યો કે ભાજપના લોકોએ યેદિયુરપ્પાને રાજીનામું આપવા દબાણ કર્યું. તેમણે સવાલ ઉઠાવ્યો, ‘‘તેઓ (યેદિયુરપ્પા) એક વરિષ્ઠ નેતા છે જેમણે ભાજપનું નિર્માણ કર્યું અને તેને રાજ્યમાં સત્તામાં લાવ્યા. મોદીજી સાથે અલગ વર્તન શા માટે? શું યેદિયુરપ્પાને મોદીના નિર્દેશ પર પદ છોડવાની ફરજ પાડવામાં આવી ન હતી?’’ અંતમાં તેમણે કહ્યું કે, ‘‘મોહન ભાગવતે પણ એ જ કહ્યું છે કે ૭૫ વર્ષની ઉંમર પછી કોઈએ સત્તામાં રહેવું જોઈએ નહીં અને બીજાને તક આપવી જોઈએ. તેથી મને લાગે છે કે ગડકરીને તક આપવામાં આવશે.’’ આ નિવેદનોથી ભાજપ અને કોંગ્રેસ બંનેમાં રાજકીય ગરમાવો વધી શકે છે.

## ઉધોગપતિ ગોપાલ ખેમકાની હત્યા બાદ વધુ એક વેપારીની ક્રુર હત્યા

બિહારના સીતામઢી જિલ્લામાં, ખેડૂત રાઘવ પ્રસાદની ખેતરોને પાણી આપતી વખતે ગળું કાપીને હત્યા કરવામાં આવી હતી. છેલ્લા ૨૪ કલાકમાં બિહારમાં થયેલી ત્રણ હત્યાઓમાં પટણાના ભાજપ નેતા અને સીતામઢીના એક વેપારીની જાહેરમાં હત્યાનો સમાવેશ થાય છે. છેલ્લા સાત દિવસમાં બિહારમાં હત્યાની ૧૭થી વધુ ઘટનાઓ બની છે, જેમાં પટણા, સિવાન, પૂર્ણિયા સહિતના ઘણા જિલ્લાઓના કેસોનો સમાવેશ થાય છે. બિહારમાં ગુનાહિત ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. તાજેતરનો કિસ્સો સીતામઢીનો છે, જ્યાં રાઘવ પ્રસાદ નામના ખેડૂતની જાહેરમાં ગળું કાપીને હત્યા કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના ત્યારે થઈ જ્યારે રાઘવ પ્રસાદ પોતાના ખેતરોમાં સિંચાઈ કરવા જઈ રહ્યા હતા. પોલીસ હાલમાં સમગ્ર મામલાની તપાસ કરી રહી છે. પોલીસે મૃતદેહને કસ્ટડીમાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. તમને જણાવી દઈએ કે છેલ્લા ૨૪ કલાકમાં બિહારમાં હત્યાનો આ ત્રીજો કિસ્સો છે. શનિવારે પટનામાં ભાજપ નેતાની જાહેરમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તે જ શનિવારે સતીમાધીમાં એક વેપારીની જાહેરમાં હત્યા કરવામાં આવી હતી. તાજેતરનો કિસ્સો સીતામઢીનો છે, જ્યાં જાહેરમાં ખેડૂતની હત્યા કરવામાં આવી છે. બિહારમાં ગુનાઓ અટકવાનું નામ નથી લઈ રહ્યા. ગુનેગારોનું મનોબળ એટલું ઊંચું છે કે છેલ્લા ૭ દિવસમાં રાજ્યમાં હત્યાની ૧૭ થી વધુ ઘટનાઓ પ્રકાશમાં આવી છે. આમાં પટનામાં પ્રખ્યાત ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની હત્યા, સિવાનમાં ત્રણ લોકો અને પૂર્ણિયામાં એક જ પરિવારના ૫ લોકોની હત્યાનો સમાવેશ થાય છે. ચૂંટણી પહેલા રાજ્યમાં વધતા ગુનાઓ અંગે રાજકારણ તેજ થઈ રહ્યું છે. કાયદો અને વ્યવસ્થાને લઈને વિપક્ષી પક્ષો સરકાર અને વહીવટીતંત્રને ઘેરી રહ્યા છે. બિહારમાં જાહેરમાં હત્યાઓ અને ખુલ્લામાં ગોળીબાર હવે સામાન્ય ઘટના બની ગઈ છે. ગુનેગારો સામે પોલીસ અને વહીવટીતંત્ર લાચાર લાગે છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી વિજય સિંહાએ પણ કથળતી કાયદો અને વ્યવસ્થા અંગે પ્રશ્નો ઉઠાવ્યા. વિજય સિંહાએ બિહાર પોલીસની કાર્યશૈલી પર પ્રશ્નો ઉઠાવ્યા અને કહ્યું કે પોલીસ વહીવટની નબળાઈએ ગુનેગારોનું મનોબળ વધાર્યું છે. તેમણે રેતી માફિયા, જમીન માફિયા અને દારૂ માફિયાઓના જોડાણનો પણ ઉલ્લેખ કર્યો. રાજ્યમાં વધતી ગુનાહિત ઘટનાઓ અંગે વિપક્ષી નેતા તેજસ્વી યાદવે નીતિશ સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે આ ઘટનાઓ અંગે સોશિયલ મીડિયા પોસ્ટ પણ કરી છે. આ પોસ્ટમાં તેમણે પટનાથી ગયા અને નાલંદા સુધીની આવી ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે. તેજસ્વી યાદવે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે એટલી બધી હત્યાઓ થઈ રહી છે કે કોઈ તેમને ગણી પણ શકતું નથી. બિહારમાં માનવ જીવન જંતુઓ કરતાં સસ્તું છે. સીતામઢીમાં વેપારીની ગોળી મારીને હત્યા. પટણામાં દુકાનદારની હત્યા, નાલંદામાં નર્સની ગોળી મારીને હત્યા, ગયા અને નાલંદામાં બે-બે લોકોના મોત! સરકારના ગુંડાઓની ગોળી દરેક જગ્યાએ છે. આ પોસ્ટમાં તેમણે પટનાથી ગયા અને નાલંદા સુધીની આવી ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે. તેજસ્વી યાદવે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે એટલી બધી હત્યાઓ થઈ રહી છે કે કોઈ તેમને ગણી પણ શકતું નથી. બિહારમાં માનવ જીવન જંતુઓ કરતાં સસ્તું છે. સીતામઢીમાં વેપારીની ગોળી મારીને હત્યા.

### વસુધૈવ કુટુંબમાં શુભ મંગલની પ્રાર્થના સાથે, દરેકે દરેક જીવમાત્રમાં આ મૃત્યુ નામનો જે ડર છે

# મૃત્યુ નામનાં ડરને દૂર કરવાં જીવનમાં નામસ્મરણ અને સદભાવનું બળ જોઈશે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સુખ સુવિધાનાં સાધનો વસાવવા ઘણાંએ નીતિને કોરાણે મૂકી હશે! પણ ત્યારે ઈશ્વરને શું જવાબ આપીશ? એવો વિચાર આવે તો પણ પછી ભૂલી જાય છે, પણ આવી ઘટના ઘટે એટલે તરત એ બધું યાદ આવે અને વિચારે કે ઈશ્વરની લાકડીમાં અવાજ નથી હોતો!;**

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ. હમણાં હમણાં તો ચારે બાજુ જાણે મોત તાંડવ કરતું હોય એમ દુર્ઘટના ઘટે છે, અને ભલભલાથી બીવે નહીં એવો સાંપ્રત સમયનો સમાજ મૃત્યુથી ડરે છે એકદમ ભયભીત થઈ જાય છે! અને એમાં પણ જો કોઈ સગું સ્વજન આવી દુર્ઘટનાનો ભોગ બન્યું હોય તો તો એને દુઃખ અને ભય બંને સતાવે છે. સુખ સુવિધાનાં સાધનો વસાવવા ઘણાંએ નીતિને કોરાણે મૂકી હશે! પણ ત્યારે ઈશ્વરને શું જવાબ આપીશ? એવો વિચાર આવે તો પણ પછી ભૂલી જાય છે, પણ આવી ઘટના ઘટે એટલે તરત એ બધું યાદ આવે અને વિચારે કે ઈશ્વરની લાકડીમાં અવાજ નથી હોતો!; એવો વિચાર પણ આવે અને આવતી કાલે કદાચ હું પણ... ટૂંકમાં સુખનો સ્વાદ નિતી ભૂલાવી શકે અને મૃત્યુનો ડર પછો નીતિ એ ચડાવી પણ શકે! પણ આવા વિચારો બતાવે છે, કે મૃત્યુ એ નિશ્ચિત છે. ગઈકાલે પાછા બાપુ દર્શને ગઈ હતી! અને સંસારી વમળોમાં ફસાયેલ જીવન નાવને ફરી પાછી એક નવી દિશાની દ્રષ્ટિ કે દ્રષ્ટિકોણ મેળવી ધન્ય થઈ ગઈ. આવી કોઈ ઘટના ઘટે ત્યારે લોક સંવેદના તીવ્ર બને કે આ શું થયું, પણ નરસિંહ કહે છે તેમ જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.. એમ એક ભરોસાનાં ભાવ સ્પષ્ટ છે,કે અસ્તિત્વનો કુંભ હંમેશા મંગલતાથી છલકાય રહ્યો છે, મારી તમારી દ્રષ્ટિની મર્યાદા કારણે એ શુભ મંગલ જોઈ શક્તી નથી.

આજનું ચિંતન મૃત્યુ પરનું છે. જીવ છે તો જન્મ છે, અને મૃત્યુ છે, આ સત્ય લગભગ બધાં



જ જાણે છે. મૃત્યુ શબ્દ સ્થૂળ રૂપે શરીરનું પૃથ્વી પરથી જવું એટલે કે શ્વાસ ખૂટી જવાં, તેને આપણે મૃત્યુ કહીએ છીએ. સુક્ષ્મ શરીરનું મૃત્યુ થતું નથી આત્મા અવિનાશી છે, પણ તેનું એક રીતે, એટલે કે અંતરાત્માના દર્શન કરવાની,કે તેની વાતને અનદેખી કરીને જીવન જીવવું, એ એક મૃત્યુ તો છે. જે આપણે આજે સૌ લગભગ જીવી રહ્યાં છીએ. અંતરાત્માનો અવાજ સાંભળ્યો ન્હોય, આત્મદર્શન કર્યુ હોય નહીં, અને આત્માનુભૂતિ પણ થઈ હોય નહીં, તો કારણ શરીરનો તો જન્મ જ થતો નથી, પછી મૃત્યુ શું? સ્થૂળ શરીરને, વિદ્યાથી માનવી પ્રભાવિત કરી શકે, સુક્ષ્મ શરીર એટલે સ્વાભાવની વિશેષતાથી પોતાની આસપાસ એક કવચ નિર્માણ કરી પોતાના વ્યક્તિત્વની ધારી અસર ઉપજાવી શકે છે. જ્યારે કારણ શરીરની પુષ્ટિ થાય ત્યારે એનાં વિગ્રહ ફરતે એક તેજ વલય નિર્માણ થાય છે, અને એવી વ્યક્તિ બોલ્યા ચાલ્યા વગર અન્યનાં જીવન પ્રકાશિત કરે છે. પણ આજે આપણે જે દિશાહીન જીવન જીવી રહ્યાં છીએ, એવી દશામાં પ્રભા, આભા કે તેજ પણ હોય નહીં, અથવા તો એમ કહી શકાય કે સત્યનિષ્ઠ માનવીને જીવનમાં કોઈ કોઈ વખત એવી ઘટના કે પરિસ્થિતિ આવે કે તે, સત્યનાં પથ પરથી હટી જાય, અને ત્યારે મૃત્યુની ઘટના ઘટે. પણ એકવાત અહીં નોંધનીય છે, કે જો શરીર હોય, તો જ સૂક્ષ્મ છે, અને સુક્ષ્મ છે, તો જ કારણ છે. એટલે પોતાનાં દેહાત્માને જગાડ્યા વગર આવી પ્રભા કે આભા વલયની ઘટના ઘટી ન શકે. ભલભલા પંડિતોનાં જીવન અહીં હું અને મારું નાં બે હલેસાથી પુરા થતા હોય છે. અને તેમની પંડિતાઈથી માંડીને બધું જ અહીંનુ અહીં રહી જતું હોય છે. ફક્ત સ્થૂળ શરીરના મૃત્યુથી જ તેનુ અહીં અસ્તિત્વ કે વ્યક્તિત્વ પૂરું થાય છે.

આજે વિચારીએ કે, આખરે જીવ સાથે આવે છે શું? પંડિતની પંડિતાઈ, વિદ્વાનની વિદ્વતા, સાક્ષરોનું અક્ષરજ્ઞાન બધું જ તો માત્ર ચિતા સુધી જ છે. એ પછી હોય ખૂંખાર ભયંકર ક્રૂરતા વાળો અવગુણોથી ભરેલો જીવ, તેનાં અવગુણ પણ ફક્ત ચિતા સુધી જ છે. ગુણ હોય કે અવુગુણ તે માત્ર જીવનું જ ઘરેણુ બની રહે છે. અમાસને દિવસ જેમ ચંદ્ર નથી હોતો તેમ જીવ રહે નહીં, તેને એક પણ કલા કે ઉપમા તેની સાથે નથી હોતી, પછી પ્રશ્ન થાય કે આખરે આ બધું શું કામ? જીવન વ્યવહાર સરળ અને શ્રેષ્ઠ બનાવવા માટે જ આ બધી કલાઓનો ઉપયોગ છે. કર્મસિદ્ધાંત પણ મારી દ્રષ્ટિએ સાથે આવતો નથી, જે કંઈ કર્યુ તે અહીંનું અહીં જ ભોગવવાનું છે. કહેવાતા સ્વજનો કે સ્નેહીજનો પણ આખરે ચિતા સુધી જ સાથ આપી શકે. માત્ર ઈશ્વર કે સદગુરૂના ચરણોમાં, તેના વચનોમાં નિષ્ઠા રાખી, અટલ ભરોસાથી અને શ્રદ્ધાથી જે કંઈ રામ કાર્ય, કે રામ નામ જે જપયુ છે, તે જ અંત સમયે આપણી સાથે આવે છે. એટલે કે જન્મો જનમની ઈશ્વર કે પરમ શક્તિ સાથેની પ્રીત જ જીવ સાથે જાય છે. તે આત્મા સ્વરૂપે પરમાત્મામા ભળીને એક પરમ પ્રકાશ સર્જે છે. એટલે જ દ્રષ્ટાંતોમાં આપણે મૃત્યુ પામેલાને એક તારો બની ગયો એમ કહીએ છીએ. માટે સમય રહેતાં ઈશ્વરતત્વને સાધવુ તે જ આપણું મુખ્ય ધર્મ કર્મ છે. નિરંતર હરિ નામ સ્મરણ શ્વાસે શ્વાસે હોય તો, મૃત્યુની કોઈ ઉપાધી જીવને સ્પર્શી શકતી નથી. અને યમદૂતનો ડર પણ તેને સતાવી શકતો નથી. જીવનમાં સદભાવ અને સત્કાર્યોની મહત્તા હોવાથી, મૃત્યુ પછીના કે સ્વર્ગ નરક વિશેના જીવનનો પણ તેને કોઈ ભય રહેતો નથી. અધ્યાત્મની યાત્રા તો મિત્ર એવી છે કે, એ દુનિયામાં અજબ ગજબની અનુભૂતિની આવૃતિ આંદોલનો આપણને જો સ્પર્શે તો ત્યાં રસ છે, એટલે અહીં જો અને તો એ બહુ મોટી વાત છે, અથવા એમ કહો કે એ બે વચ્ચે જ જીવન છે. જેમ કે, જો તમે આત્મનિરીક્ષણ કરો તો આમ થાય, જો તમે આત્મદર્શન કરો તો આમ થાય, જો તમે ધારણાનું કલ્પન વધારી શકો તો આમ થાય, એટલે આ જો અને તોની દુનિયામાં રસ મળવો કદાચ એ મુશ્કેલ છે. પણ હરિનામ સ્મરણ એ કળિયુગનું સીધુ સાદુ અને અત્યંત રસપ્રદ ફળ છે, જે જીવ જીવતેજીવ તેનો આનંદ બીજું કોઈ પણ કાર્ય કર્યા વગર લઇ શકે છે. અને અંતે તો એ જ પરમ સત્ય છે,જેની શોધ જીવ જન્મો જન્મથી કરે છે.તેની પ્રતીતિ પણ તેને નામ સ્મરણથી જ થાય છે. તો આજે આ સાવ સરળ પદ્ધતિ, એટલે કે હરિ નામ સ્મરણ એ મૃત્યુ નામની યાતના ને પણ ભગાવી, હટાવી, જાય તેવું દ્રઢ મનોબળ વધારનાર પણ છે. તો સૌ કપરા સમય અને સંજોગોમાં બીજું કંઈ ન થાય તો, આ સમયનો ઉપયોગ કરી, સતત હરિસ્મરણ કરીએ. જે નિરાશામાં જતાં પણ અટકાવશે, અને આપણને આ સમય સાથે લડી શકવાની શક્તિ અને નીડરતા પણ બક્ષે છે.

વસુધૈવ કુટુંબમાં શુભ મંગલની પ્રાર્થના સાથે, દરેકે દરેક જીવમાત્રમાં આ મૃત્યુ નામનો જે ડર છે, તેને ભૂલી અને સકારાત્મક અભિગમ સાથે જીવન જીવી શકે, અને હૃદયમાં સત્ય પ્રેમ અને કરુણા ભાવ આ સંજોગોમાં પણ બરકરાર રહે તેવી અનન્ય પ્રાર્થના સાથે, હું મારા શબ્દોને અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

### સંસાર વ્યવહારનાં કાર્ય કરતાં માતા જેમ બાળકને સાચવે છે તેમ વ્યવહારમાં કાર્ય કરતાં ઈશ્વર નું અનુસંધાન રાખો

# શબ્દો હોય કે જીવન,તેનો અર્થ ફક્ત ત્યારે જ હોય છે જો તે વ્યવસ્થિત હોય, નહીં તો બધું જ નિરર્થક છે...!!!”



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ધર્મના ચાર અંગો મુખ્ય છે:૧. સત્ય, ૨. તપ, ૩. પવિત્રતા અને ૪. દયા. એ ચારેનો સરવાળોએ ધર્મ. ધર્મ ત્રણ પગ ઉપર ટકી રહ્યો એટલે તે યુગનું નામ પડ્યુંત્રેતાયુગ ધર્મ બે પગ ઉપર ટકી રહ્યો તે યુગ નું નામ દ્વાપર અને એક પગ ઉપર ધર્મ રહ્યો તેનું નામ પડયું કળિયુગ.**

જ્યારે મનને કંઈ ગમતું નથી અને હૃદય બેચેન થઈ જાય છે, ત્યારે એક જ ઉપાય છે, પોતાના પર વિશ્વાસ. જ્યારે માણસ પોતાના બધા દુઃખો ભેગા કરીને સ્મિત કરે છે, ત્યારે સંઘર્ષ, અભિમાન અને આદર્શો પણ નમી જાય છે.

સૌથી મોટી સ્વતંત્રતા એ છે કે પોતાના મનથી મુક્ત રહેવું. આપણે આપણી આવક પ્રમાણે નહીં પણ આપણી જરૂરિયાતો પ્રમાણે ગરીબ છીએ. જો આપણે બિનજરૂરી વસ્તુઓ પર રોક લગાવીશું,તો બચત વધશે. બચત પણ રોકાણ જેવી છે.આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો શુદ્ધ આચાર હોય તો શુદ્ધ વિચાર થઈ શકેછે.જળશુદ્ધિ અને અન્ન શુદ્ધિ રાખવી જોઈએ. પરીક્ષિતના આચાર અતિશુદ્ધ હતા એટલે કે ધર્મશાસ્ત્રની મર્યાદા અનુસાર હતા.તેથી કળિ પુરુષ તેમાં પ્રવેશ કરી શકતો નથી. કળિએ વિચાર્યું કે,પરીક્ષિત કાંઈક પણ પાપ કરે તો તેમાં પ્રવેશ કરવાનું ફાવે. રાજાના મનમાંપહેલો પ્રવેશ કરું,તો પ્રજામાં પ્રવેશ મળી શકે.આજે સમાજને સુધારવું અશક્ય જેવું બન્યું છે, પરંતુ વ્યક્તિગત જીવન સુધરી શકે છે. આચારવિચાર જેના શુદ્ધ હોય તેના ઘરમાં કળિ આવી શકશે નહીં.જેના ઘરમાં નિત્ય શ્રીકૃષ્ણ કીર્તન,શ્રીકૃષ્ણસેવા થતાં હોય તેના ઘરમાં કળિ પ્રવેશ કરી શકતો નથી.આચાર ધર્મ જે છોડે છે,તેના વિચાર શુદ્ધ રહેતા નથી. ધર્મ એ પિતા છે,ધર્મએ મા છે.પત્નીની પસંદગી હોય,માની પસંદગી હોય નહીં.ધર્મ બદલી ન શકાય. વર્ણાશ્રમ ધર્મનું પાલન કરવાથી આચાર શુદ્ધ બને છે.

ગાયની સેવા ખૂબ કરવી. ગાય ઘાસ ખાય છે અને આપે છે દૂધ. જો ભગવાને સંપત્તિ આપી હોય તો ગાય રાખજો. આજકાલ પૈસા મળે એટલે લોકો કૂતરા પાળે છે. કૂતરાનો અનાદર ન કરવો,પણ મર્યાદા મૂકી તેની સાથે વધારે પ્રેમ પણ ન કરવો.કૂતરો આંગણે આવે તો તેને રોટલો નાખવો એ ધર્મ છે. કેટલાક કૂતરાને લઈને મોટરમાં ફરવા નીકળે છે.આપણાથીબીજું કાંઈ કહેવાય નહીં,પણઆ બીજા જન્મમાં કૂતરા થવાની તૈયારી છે.

જીવમાત્રમાં પરમાત્મા છે,પણ દરેકનું શરીર જુદું છે. કર્મ જુદું છે તેથી દરેકનું પાણી પીવું કે દરેક સાથે ભોજન લેવું ઈષ્ટ નથી. એકાદશીએ અન્ન ન ખવાય. એકાદશીના દિવસે ઉપવાસ કરવો એ ધર્મ છે, પણ આપણાં શાસ્ત્રો કહે છે તે આપણે માનતા નથી. દાકતર કહે છે કે, ટાઈફોઈડ થયો છે માટે એકવીસ દિવસ અનાજ નહીં લેવાય,તો તરત તેનું માનીને ઉપવાસ કરીએ છીએ. જે શાસ્ત્ર ની મર્યાદા તોડે તેના ઘરમાં કલિ આવે છે.આચાર વિચાર શુદ્ધ હોય તો કકલ તમારામાં પ્રવેશી શકે નહીં. વ્યવહારમાં શુદ્ધિ જોઈએ.સત્ય પૂર્વક વ્યવહાર ન કરે અને પૂનમેપૂનમેસત્યનારાયણ ની પૂજા કથા કરે, તો તેથી કાંઈ વળે નહીં. અસત્ય બોલનારની પૂજા ભગવાન સ્વીકારતા નથી.

એક દિવસ આશ્ચર્યકારક બનાવ બન્યો. પરીક્ષિત દિગ્વિજય કરી ફરતાફરતા સરસ્વતીનદીનાં કિનારે આવ્યા.ત્યાં ગાય-બળદને એક કાળો પુરુષ લાકડીથીમારતો હતો ધર્મએ બળદનું સ્વરૂપ છે.ગાયએ પૃથ્વીનું સ્વરૂપ છે.ગાયની આંખ માંથી આંસુઓ વહી રહ્યાં છે. ધર્મરૂપ બળદ તેને દુઃખનું કારણ પૂછેછે.પૃથ્વી કહે છે શ્રીકૃષ્ણે આ પૃથ્વી ઉપર ની લીલા સંકેલી લીધી એટલે આ સંસાર પાપમય કળિ યુગની કુદૃષ્ટિનો શિકાર બની ગયો છે. ધર્મની મર્યાદાનું બરાબર પાલન કરશો, તો જ્ઞાન આપોઆપ પ્રગટ થશે. ધર્મ ઉપર આરુઢ રહેશો તો જ્ઞાનગંગા આવશે.શિવજી નંદી ઉપર આરુઢ છે,ધર્મ ઉપર આરુઢ છે એટલે તેમને માથે જ્ઞાન ગંગા છે. ધર્મના ચાર અંગો મુખ્ય છે:૧. સત્ય, ૨. તપ, ૩. પવિત્રતા અને ૪. દયા.એ ચારેનો સરવાળોએ ધર્મ. ધર્મ ત્રણ પગ ઉપર ટકી રહ્યો એટલે તે યુગનું નામ પડ્યુંત્રેતાયુગ ધર્મ બે પગ ઉપર ટકી રહ્યો તે યુગ નું નામ દ્વાપર અને એક પગ ઉપર ધર્મ રહ્યો તેનું નામ પડયું કળિયુગ.

સત્ય :- સત્ય એ જ પરમાત્મા છે. સત્ય પરમાત્માથી ભિન્ન નથી. જ્યાં સત્ય છે ત્યાં જ પરમાત્મા છે. અસત્ય બોલે છે તેના પુણ્યનો ક્ષય થાય છે. સત્ય દ્વારા નર- નારાયણ પાસે જઈ શકાય છે હિતભાષો,મીતભાષી હોય તે સત્યવાદી બની શકે છે.

તપ :- કેવળ સુખ ભોગવશો નહીં. થોડી તપશ્ચર્યા રોજ કરો. જે દરેક પ્રકારનું લૌકિક સુખ ભોગવે છે, તેના ઉપર પરમાત્મા કૃપા કરતા નથી. દુઃખ સહન કરી પરમાત્માની આરાધના કરો એ તપ.દુઃખ સહન કરી જે પ્રભુભજન કરે છે તે શ્રેષ્ઠ લૂલી માગે તે ભૂલીને આપશોનહીં થોડું સહન કરો. ઈન્દ્રિયોનો સ્વામી આત્માછે. ઈન્દ્રિય માગેતે તેનેઆપે તો તે ઈન્દ્રિયનો ગુલામ બને છે. ભગવાનના માટે દુઃખ સહન કરવું, કષ્ટ ભોગવવું એ તપ.

પવિત્રતાઃકળિયુગમાં પવિત્રતારહી નથી.બહારથી બધાપવિત્ર લાગેછે પણ અંદરથી મલિન થયા છે. કપડાંને પડેલો ડાઘ જશે, કાળજાને પડેલો ડાઘો જશે નહીં. જીવાત્મા બધું છોડીને જાય છે, ત્યારે પણ મનને સાથે લઈ જાય છે. પૂર્વજન્મનું શરીર રહ્યું નથી પણ મન રહ્યું છે.લોકો અનાજ, વસ્ત્ર,અથાણાં ન બગડે તેની અતિશય કાળજી રાખે છે. પણ મર્યા પછી જે સાથેઆવવાનું છે તે મનની કાળજી નથી રાખતા. જેવી રીતે કપડાંને સ્વચ્છ રાખો છો,તેમ મનને સ્વચ્છ રાખો. સંસાર વ્યવહારનાં કાર્ય કરતાં માતા જેમ બાળકને સાચવે છે તેમ વ્યવહારમાં કાર્ય કરતાં ઈશ્વર નું અનુસંધાન રાખો.

ધર્મનું ચોથું અંગ છે દયા.શ્રુતિ એમ કહે છે, કેવળ પોતાના માટે રાંધીને ખાય છે તે અન્ન ખાતો નથી પણ પાપ ખાય છે. ધર્મના ચાર ચરણોમાં સત્ય સર્વો પરી છે. લક્ષ્મી ચંચળ છે. અમુક પેઢીએ તો તે જવાની જ. મહા ભારતમાં સત્યદેવ રાજાની કથા આવે છે.

એક દિવસ પ્રાતઃકાળે સત્યદેવે પોતાના ઘરમાંથી એક સુંદર સ્ત્રીને બહાર નીકળતી જોઈ રાજાને આશ્ચર્ય થયું. તેણે પેલી સ્ત્રીને પૂછ્યું કે, આપ કોણ છો? સ્ત્રીએ જવાબ આપ્યો,મારું નામ લક્ષ્મી. હું તારા ઘરમાંથી જવા માગું છું. રાજાએ કહ્યું, ભલે, આપ જઈ શકો છો.

થોડીવારે એક સુંદર પુરુષ ઘરમાં થી બહાર નીકળ્યો.પૂછ્યું,આપ કોણ છો?તે પુરુષે જવાબઆપ્યો કે, મારું નામ દાન.લક્ષ્મી અત્રેથી ચાલી ગઈ એટલે તમે દાન ક્યાંથી કરી શકશો? એટલે લક્ષ્મી સાથે હું પણ જાઉં છું.રાજાએ કહ્યું, ભલે,તમે પણ જઈ શકો છો.

થોડીવારે એક ત્રીજો પુરુષ ઘરની બહાર આવ્યો. રાજાએ પૂછ્યું, તમારું નામ? ત્રીજા પુરુષે જવાબ આપ્યો,મારું નામ સદાચાર.તમારે ત્યાંથી લક્ષ્મી અને દાન ગયાં તો હું પણ જાઉં છું.રાજાએ કહ્યું, તમે પણ જઈ શકો છો. ત્યારબાદ એક ચોથો પુરુષ ઘરની બહાર નીકળ્યો.પૂછ્યું,આપ કોણ છો?તે પુરુષે જવાબઆપ્યો મારું નામ યશ છે. તમારે ત્યાંથી લક્ષ્મી, દાન અને સદાચાર ચાલ્યા ગયા, તો અરે ત્રણે વિના હું અત્રે કેવી રીતે રહી શકું? સત્ય દેવે કહ્યું, ઠીક, આપ પણ જઈ શકો છો. તે પછી થોડીવારે એક સુંદર યુવાન પુરુષ બહાર નીકળ્યો. તમે કોણ છો? તમારું નામ શું?તે પુરુષે જવાબ આપ્યો, મારું નામ સત્ય. તારા ઘરમાંથી લક્ષ્મી,દાન, સદાચાર,યશ ચાલ્યાં ગયાં,તો હું પણ તેઓની સાથે જઈશ.ત્યારે સત્ય દેવે કહ્યું કે, મેં તમને કોઈ દિવસ

### ભત્રીજા અમાલનો ચોંકાવનારો આરોપ

# ‘ઈર્ષ્યાના કારણે અનુ મલિકે મારા પિતાના પ્રોજેક્ટ છીનવ્યા’

મ્યુઝિક ડાયરેક્ટર અનુ મલિકનું બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં મોટું નામ છે. ઘણા ઓછા લોકોને ખબર હશે કે અનુ મલિકના ભાઈ ડબુ મલિક પણ સિંગર છે. એવામાં ડબુ મલિકના પુત્ર અમાલ મલિકે કાકા અનુ મલિક પર ગંભીર આરોપ લગાવ્યા છે. અમાલ મલિકનો આરોપ છે કે અનુ મલિકના કારણે તેના પિતાનું કરિયર ખરાબ થયું. બંને ભાઈઓ વચ્ચે હંમેશા મતભેદ રહ્યા છે. જ્યારે પણ મારા પિતાને કોઈ પ્રોજેક્ટ મળતો હતો તો કાકા અનુ મલિક ઓછા પૈસામાં પ્રોજેક્ટ છીનવી લેતા, ઘણીવાર તો મફતમાં કામ કરી આપતા. એક વાતચીતમાં અમાલે કહ્યું છે, કે ‘ડબુ મલિક અને અનુ મલિક મળે ત્યારે કોઈ તેમને અલગ ના કરી શકે. પણ જ્યારે કામની વાત આવે ત્યારે અનુ મલિક મારા પિતાથી ઈર્ષ્યા કરતાં હતા. કામને લઈને બંને ભાઈઓ વચ્ચે હંમેશા મતભેદ રહેતા હતા. અનુ મલિક હંમેશા એવું સાબિત કરવા માંગતા હતા તે જ પરિવારના સૌથી સારા મ્યુઝિક કમ્પોઝર છે. તેમણે મારા પિતાના કરિયરને નુકસાન પહોંચાડવા પ્રયાસ કર્યા.’અમાલ મલિકે વધુમાં ખુલાસો કરતાં કહ્યું છે, કે ‘મારા પિતાએ ૭૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યું પણ કોઈ ક્યારેય તેમને આમંત્રણ આપ્યું નહીં. લોકો હંમેશા તેમને અનુ મલિકના ભાઈ તરીકે જાણતા હતા. મારા પિતા હંમેશા સંઘર્ષ કરતાં રહ્યા. હું ઈચ્છું છું કે લોકો મને અનુ મલિકના ભત્રીજાના રૂપમાં ન ઓળખે. લોકો અનુ મલિકને અરમાન અને અમાલ મલિકના કાકાના રૂપમાં ઓળખે.’ આટલું જ નહીં અમાલે ત્યાં સુધી કહ્યું છે, કે અનુ મલિક મારા કામની પણ પાછળ પડ્યા રહે છે. હંમેશા વચ્ચે કૂદી પડે છે. આટલું જ નહીં અમાલે ત્યાં સુધી કહ્યું છે, કે અનુ મલિક મારા કામની પણ પાછળ પડ્યા રહે છે. હંમેશા વચ્ચે કૂદી પડે છે.



### વેદાંગ રૈનાએ ખુશી સાથેના સંબંધ અને નિષ્ફળતાઓ અંગે વાત કરી

# વેદાંગની સ્પષ્ટતા, ખુશી સાથેનો સંબંધ સરળ અને વાસ્તવિક છે

**વેદાંગ રૈનાએ ઇન્ટરવ્યૂમાં કહ્યું, ખુશી સાથે કામ કરવું એ ઘણું સહજ હતું અને મજા પડી હતી –અમારી વચ્ચે સહજતા છે**

વેદાંગ રૈનાએ ઝોયા અખ્તરની ઓટીટી ફિલ્મ ‘ધ આર્ચિઝ’માં ખુશી કપૂર સાથે બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું, ત્યારેથી બંનેના ઘણાં નજીકના સંબંધો છે. તેઓ બંને એકબીજાને ડેટ કરતાં હોવાના અહેવાલો વારંવાર સામે આવ્યા કરે છે, જોકે, બેમાંથી કોઈએ આ સંબંધ અંગે કશું કન્ફર્મ કર્યું નથી સાથે તેઓ આ સંબંધને નકારતાં પણ નથી. હવે વેદાંગે આ સંબંધ અને ખુશી સાથેના બોન્ડિંગ અંગે વાત કરી છે.વેદાંગ રૈનાએ ઈન્ટરવ્યૂમાં કહ્યું, “ખુશી સાથે કામ કરવું એ ઘણું સહજ હતું અને મજા પડી હતી –અમારી વચ્ચે સહજતા છે. અમારો સંબંધ સરળ અને વાસ્તવિક છે અને કેમ્પેઈનમાં પણ એ સંબંધ બિલકુલ દેખાય છે.” વેદાંગની આ સ્પષ્ટતાથી જ તેમના સંબંધો અને નિકટતા અંગે અણસાર આવી જાય છે. તાજેતરમાં વેદાંગ એક બ્રાન્ડ સાથે જોડાયો છે, પરંતુ આ બાબતે તે ઘણી તકેદારી રાખે છે. તેણે જણાવ્યું, “મારા માટે બહુ મહત્વનું છે કે હું એવી જ બ્રાન્ડ સાથે કામ કરું જે ખરી હોય અને હું જેવો છું, તેની સાથે તેના મૂલ્યો પણ મેળ ખાતાં હોય. હું ખરું કનેક્શન જણાય, જેમાં કોઈ સંદેશ, હોય, કોઈ સુંદરતા હોય કે પછી મૂલ્યો હોય, જેની સાથે હું મારી જાતને જોડી શકું, એની સાથે જોડાવાનું પસંદ કરું છું.”પોતાની ફિલ્મી સફર વિશે વાત કરતા વેદાંગે કહ્યું, “મારી પોતાની જાતને શોધવાની અને વ્યક્ત કરવાની સફર વિકાસ અને સ્વ જાગૃતિની રહી છે.” તેની સાથે તેના મૂલ્યો પણ મેળ ખાતાં હોય. હું ખરું કનેક્શન જણાય, જેમાં કોઈ સંદેશ, હોય, કોઈ સુંદરતા હોય કે પછી મૂલ્યો હોય, જેની સાથે હું મારી જાતને જોડી શકું, એની સાથે જોડાવાનું પસંદ કરું છું.”પોતાની ફિલ્મી સફર વિશે વાત કરતા વેદાંગે કહ્યું, “મારી પોતાની જાતને શોધવાની અને વ્યક્ત કરવાની સફર વિકાસ અને સ્વ જાગૃતિની રહી છે.”

## ‘ધુરંધર’ અને ‘રાજા સાબ’ વચ્ચે ટક્કરની શક્યતાએ સંજય દત્તની ચિંતા વધારી




સંજય દત્તને તાજેતરના વર્ષોમાં ઘણી પાન ઈન્ડિયા ફિલ્મો મળેલી છે. ૨૦૨૫માં સંજય દત્તની બે બિગ બજેટ ફિલ્મો આવી રહી છે. પ્રભાસ સાથે ‘ધ રાજા સાબ’ અને રણવીર સિંહ સાથે ‘ધુરંધર’ હવે રિલીઝ માટે તૈયાર છે. બંને ફિલ્મો એક જ તારીખે બોક્સ ઓફિસ પર ટકરાય તેવી શક્યતા છે. બે બિગ બજેટ ફિલ્મો વચ્ચે સીધી ટક્કરના સંજોગો ઘણી વખત સર્જાતા હોય છે, પરંતુ એક જ એક્ટરની બે ફિલ્મો વચ્ચે સીધા ટકરાવની સ્થિતિ જવલ્લે જોવા મળે છે. સંજય દત્ત પોતે આ બાબતથી નારાજ છે અને બેમાંથી કોઈ એક ફિલ્મની રિલીઝ ડેટ બદલાય તેવું ઈચ્છે છે. બોક્સઓફિસ પર સીધી ટક્કરના સંજોગો કોઈ ફિલ્મ માટે લાભદાયી નથી હોતા. સામાન્ય રીતે ફિલ્મ મેકર્સ અંદરખાને સમજૂતી મારફતે આવી સીધી ટક્કર નિવારતા હોય છે. સંજય દત્તની આગામી કન્નડ ફિલ્મ ‘- ધ ડેવિલ’ના ટીઝર લોન્ચની ઈવેન્ટ યોજાઈ હતી. આ પ્રસંગે સંજય દત્તને ‘ધુરંધર’ અને ‘ધ રાજા સાબ’ વચ્ચે સીધી ટક્કર અંગે સવાલ પૂછવામાં આવ્યો હતો. સંજય દત્તે જણાવ્યું હતું કે, ‘ધુરંધર’ અને ‘ધ રાજા સાબ’ બંને ફિલ્મમાં અલગ-અલગ પ્રકારના રોલ છે. બંને ફિલ્મ વચ્ચે ટકરાવ ન થાય તેવી ઈચ્છા છે અને કદાચ તેવું જ થશે. જો કે દરેક ફિલ્મની પોતાની નિયતી હોય છે. સંજય દત્તની પહેલી તેલુગુ ફિલ્મ પ્રભાસ સાથેની ‘ધ રાજા સાબ’ છે. નવા ક્ષેત્રમાં ખેડાણ અંગે સંજય દત્તે કહ્યું હતું કે, આ ફિલ્મમાં કામ કરી રહ્યા હોવાથી તેઓ તેલુગુ શીખી રહ્યા છે. પ્રભાસ જોરદાર એક્ટરની સાથે અદભૂત વ્યક્તિ છે. તે બહુ બધુ ખવડાવે છે. ચિરંજીવીએ તેલુગુમાં મુન્નાભાઈ બનાવી હતી. તેમની સાથે પણ નિકટના સંબંધ છે. બોલિવૂડ અને તેલુગુ ઈન્ડસ્ટ્રીની સરખામણી કરતાં સંજય દત્તે કહ્યું હતું કે, બોલિવૂડમાંથી પેશન ખોવાઈ ગઈ છે અને તે પાછી લાવવાની ઈચ્છા છે. સારી ફિલ્મો બનાવવાની તાલાવેલી હવે જોવા મળતી નથી. બોલિવૂડમાં બધું આંકડા પર નિર્ભર રહેતું હોય છે અને આ સ્થિતિ બદલાવી જોઈએ. ‘ધુરંધર’માં સંજય દત્ત અને રણવીર સિંહ ઉપરાંત આર માધવન, અર્જુન રામપાલ અક્ષય ખન્ના જેવા જાણીતા કલાકારો છે. ‘ધ રાજા સાબ’માં પ્રભાસ ઉપરાંત માલવિકા મોહનન, બોમન ઈરાની અને નિધિ અગ્રવાલ મહત્ત્વના રોલમાં છે.

# વિકીની ‘મહાઅવતાર’ની રિલીઝ ‘લવ એન્ડ વોર’ના કારણે અટવાશે?

**‘મહાઅવતાર’ અને ‘લવ એન્ડ વોર’ બંને ફિલ્મમાં વિકી કૌશલના રોલ મહત્વના હોવાથી બેમાંથી એક ફિલ્મમાં વિલંબ થવાનો નિશ્ચિત છે**

જ્યારથી વિકી કૌશલની ‘મહાઅવતાર’ ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી તેના ફેન્સ આ ફિલ્મ અંગે આતુર છે, કારણ કે આ ફિલ્મમાં વિકીનો ક્યારેય ન જોવા મળ્યો હોય એવો અવતાર જોવા મળવાનો છે. જ્યારથી વિકી અને મેડોક ફિલ્મ્સ દ્વારા તેનો ફર્સ્ટ લૂક જાહેર થયો ત્યારથી આ ફિલ્મે એક માહોલ બનાવી દીધો છે. આ ફિલ્મ ભગવાન પરશુરામના જીવન પર આધારીત છે, જે ‘સ્ત્રી’ના ડિરેક્ટર અમર કૌશિક દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે, જ્યારે આ ફિલ્મની જાહેરાત થઈ ત્યારે ત્યારે આ ફિલ્મ ૨૦૨૬ની ક્રિસમસ પર રિલીઝ થવાની વાત હતી. પરંતુ હવે તાજેતરના અહેવાલો એવા છે કે આ ફિલ્મના કારણે ઉત્સાહમાં આવેલાં લોકો નિઃરાશ થઈ શકે છે, એવા અહેવાલ છે કે ફિલ્મ હવે ક્રિસમસ પર રિલીઝ ન થાય એવી શક્યતા છે. જો વિકીના હાલની ફિલ્મની વાત કરીએ તો, વિકિ કૌશલે ૨૨ દિવસ તો ‘લવ એન્ડ વૉર’ને આપ્યા છે, જે સંજય લીલા ભણસાલી ડિરેક્ટ કરી રહ્યા છે. તેનું શૂટિંગ ૨૦૨૪નાં અંતમાં શરૂ થઈ ગયું હતું, તે હજુ ૨૦૨૫ના અંત સુધી ચાલે એવી શક્યતા છે. આ ફિલ્મમાં વિકી સાથે રણબીર કપૂર અને આલિયા ભટ્ટ પણ છે અને માર્ચ ૨૦૨૬માં આ ફિલ્મ રિલીઝ કરવાની વાત હતી.‘મહાવીર’નો ફર્સ્ટ લૂક આવ્યો, તેના પરથી જ અંદાજ આવે છે કે આ ફિલ્મ માટે વિકીએ ફિઝીકલ ટ્રાન્સફોર્મેશન કર્યું છે અને આ તેના કેરિઅરનો સૌથી પડકારજનક રોલ છે. તેના માટે તેણે વજન પણ વધારવાનું છે. વિકીએ ‘છાવા’ પહેલાં પણ જાહેરમાં કહ્યું હતું કે તેના માટે વજન વધારવાનું કામ ઘણું અઘરું છે. લક્ષ્મણ ઉટેકરની આ ફિલ્મ માટે તેણે ૧૦૫ કિલો જેટલું



વજન કર્યું હતું, જેમાંથી ઘણું ‘લવ એન્ડ વૉર’ માટે ઘટાડવું પડ્યું.હવે ફરી ‘મહાઅવતાર’ માટે વજન વધારવું એ એના માટે એક પડકાર હશે અને તેના માટે ખાસ પ્રકારનું શરીર બનાવવા માટે તેને થોડા મહિનાઓની તૈયારીની પણ જરૂર પડે. આ ફિલ્મ જો ૨૦૨૫ના અંત સુધીમાં કે ૨૦૨૬ની શરૂઆતમાં શરૂ થાય તો પણ તેના પોસ્ટ પ્રોડક્શનમાં પણ સમય લાગવાનો છે, કારણ કે તેમાં ભારે વીએફએક્સનો પણ ઉપયોગ થવાનો છે. માઈથોલોજિકલ વિષય અને વીએફએક્સનો ભારે ઉપયોગ હોય ત્યારે પોસ્ટ પ્રોડક્શનમાં પણ વધુ સમય લાગે છે. આ પહેલાં આવેલી ‘બ્રહ્માસ્ત્ર’. ‘આદિપુરુષ’ અને ‘રામાયણ’ સહિતની ફિલ્મ તેના ઉદાહરણ છે. તેથી ‘મહાઅવતાર’ને ધાર્યા કરતાં વધુ સમય લાગે તેવી શક્યતા છે. ‘મહાઅવતાર’ અને ‘લવ એન્ડ વૉર’ બંને ફિલ્મમાં વિકી કૌશલના રોલ મહત્વના હોવાથી બેમાંથી એક ફિલ્મમાં વિલંબ થવાનો નિશ્ચિત છે.

## ટેલિવિઝન અભિનેતા કરણ વીર મેહરા બોલીવૂડમાં એન્ટ્રી લેવા તૈયાર

ટેલિવિઝન અભિનેતા કરણ વીર મહેરા બોલીવૂડમાં એન્ટ્રી લેવા તૈયાર છે. તે ઓમંગ કુમારની આવનારી ફિલ્મ સિલામાં જોવા મળવાનો છે. અભિનેતાએ હાલમાં જ વિલનની ભૂમિકાવાળું ખતરનાક પ્રથમ લુક જાહેર કર્યું છે. અભિનેતા હાથમાં તલવાર ઈને લોહીલુહાણ હાલતમાં લડતો જોવા મળી રહ્યો છે. સાથે અભિનેતાએ કેપ્શન લખ્યું છે કે, ખુદ કહી ખુદા, ખુડ દ ઈન્સાફ, ખૌફ કા નયા નામ -જેહરાકઆ ફિલ્મમાં અભિનેતા સાદિયા ખતીબ અને હર્ષવર્ધન રાણે સાથે જોવા મળવાનો છે. આ ફિલ્મની રિલીઝ તારીખની ઘોષણા હજી કરવામાં આવી નથી. કરણ વીર મહેરા બિગ બોસ ૧૮નો વિનર તરીકે જાણીતો છે અને તેના ફોલોએર્સ તેની ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તે ઓમંગ કુમારની આવનારી ફિલ્મ સિલામાં જોવા મળવાનો છે. અભિનેતાએ હાલમાં જ વિલનની ભૂમિકાવાળું ખતરનાક પ્રથમ લુક જાહેર કર્યું છે. અભિનેતા હાથમાં તલવાર ઈને લોહીલુહાણ હાલતમાં લડતો જોવા મળી રહ્યો છે. સાથે અભિનેતાએ કેપ્શન લખ્યું છે કે, ખુદ કહી ખુદા, ખુડ દ ઈન્સાફ, ખૌફ કા નયા નામ -જેહરાકઆ ફિલ્મમાં અભિનેતા સાદિયા ખતીબ અને હર્ષવર્ધન રાણે સાથે જોવા મળવાનો છે. આ ફિલ્મની રિલીઝ તારીખની ઘોષણા હજી કરવામાં આવી નથી. કરણ વીર મહેરા બિગ બોસ ૧૮નો વિનર તરીકે જાણીતો છે અને તેના ફોલોએર્સ તેની ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.



## બધા મારી મજાક ઉડાવો છો, ડાન્સ સ્ટેપ પર ટ્રોલિંગથી અજય કંટાળ્યો



છેલ્લાં કેટલાંક સમયથી અજય દેવગન ઈન્ટરનેટ પર છવાઈ ગયો છે. તેનું કારણ તેની ફિલ્મ કે એક્ટિંગ નહીં પણ ડાન્સ છે, તેની આવનારી ફિલ્મ ‘સન ઓફ સરદાર ૨’નું ગીત ‘પહેલા તું દુજા તું’ તાજેતરમાં રિલીઝ થયું છે. તેમાં અજય સાથે મૃણાલ ઠાકુર પણ છે. તેમનાં આ ગીતના હૂક સ્ટેપ લોકોને ખાસ પસંદ પડ્યાં નથી. જ્યારથી આ ગીત આવ્યું ત્યારથી સોશિયલ મીડિયા પર અજયના વિચિત્ર ડાન્સ સ્ટેપ વાયરલ થયા છે. ત્યારે હવે આખરે કંટાળીને અજયે મૌન તોડ્યું છે. અજયે કહ્યું, “મારા માટે પણ આ કરવું ઘણું અઘરું છે.”ફિલ્મના પ્રમોશન માટે યોજાયેલી આ ઈવેન્ટમાં અજયને વાયરલ ડાન્સ સ્ટેપ વિશે પ્રશ્ન પૂછાયો હતો, “તમારા માટે અને તમારી આસપાસના લોકો માટે આ ડાન્સ કેટલો અઘરો કે સહેલો છે?”. આ ડાન્સ સ્ટેપ અંગે અજય દેવગને કહ્યું, “મને લોકો વિશે ખબર નથી, પરંતુ હું તમને કહીશ, તમે લોકો તો મારી મજાક ઉડાવો છો. મારા માટે તો આટલું કરવું પણ ઘણું અઘરું છે.”અજયે આગળ કહ્યું, “તો મેં કર્યું એના માટે તમારે મારું આભારી હોવું જોઈએ.”જેવું આ ગીત રિલીઝ થયું, લોકોએ અજય દેવગનના મીમ્સનો પણ વરસાદ કરી દીધો હતો. કોઈએ લખ્યું, “અજય દેવગન ળેમમાં આવે છે, શરીરનો એક ભાગ હલાવે છે અને કોઈ કારણસર એ વાયરલ થઈ જાય છે.” ત્યારે અજયના કોરિયોગ્રાફરને થતું હશે, “સર, બસ હાથ હલાવી દો...બાકીનું અમે જોઈ લઈશું!” ક્યારેય વિચાર્યું પણ નહોતું કે સન ઓફ સરદારનાં ‘પો પો’ ગીતથી પણ વિચિત્ર કંઈ જોવા મળશે.અજય દેવગનની આ ફિલ્મમાં મૃણાલ ઠાકુર ઉપરાંત રવિ કિશન, સંજય મિશ્રા, વિંદુ દારા સિંઘ, ચંકી પાંડે, દીપક ડોબરિયાલ, કુબ્રા સેઠ, શરત સક્સેના, અશ્વિની કલસેકર, રોશની વાલિયા, સાહિલ મેહતા અને મુકુલ દેવની પણ આ આખરી ફિલ્મ છે. આ ફિલ્મ ૨૫ જુલાઈએ થિએટરમાં રિલીઝ થશે.

# ‘સુપરમેન’ને સેન્સરે 33 સેકન્ડનો સીન કાપીને યૂએ ૧૩+ સર્ટિફિકેટ આપ્યું


**આ ફિલ્મ બોક્સ ઓફિસ રાજકુમાર રાવની ‘માલિક’ અને શનાયા કપૂર તેમજ વિક્રાંત મેસ્સીની ‘આંખો કી ગુસ્તાખિયાં’ સાથે ટકરાશે**

જેમ્સ ગન દ્વારા ડિરેક્ટ થયેલી ફિલ્મ ‘સુપરમેન’ ૧૨ જુલાઈએ ભારતમાં રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મની અહીં પણ ઘણી રાહ જોવાતી હતી. અહીં રિલીઝ કરતાં પહેલાં તેમાં સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન દ્વારા કેટલાંક ફેરફાર સુચવાયાં હતાં, પછી તેને સર્ટિફિકેટ અપાયું હતું.આ ફિલ્મને ચાર દિવસ પહેલાં ૭ જુલાઈએ જ સર્ટિફિકેટ મળ્યું છે, જેમાં મેકર્સને આખી પ્રિન્ટમાંથી બધાં જ અપશબ્દો દૂર કરવા કહેવાયું છે. આ ઉપરાંત સીબીએફસીએ ૩૩ સેકન્ડનો એક સેન્સ્યુઅલ સીન પણ તેમને મોકલાયેલી પ્રિન્ટમાંથી દૂર કરવા કહેવાયું છે. રસપ્રદ વાત એ છે કે એ સીનમાંથી કિસ કરતો ભાગ રખાયો છે, તેના પછીનો આખો સીન કાપી નાખવામાં આવ્યો છે. ફિલ્મ સ્ટુડિયો સેન્સરે કહેલાં બધાં જ સુધારા કરવા તૈયાર હોવાથી ‘સુપરમેન’ યૂએ૧૩+ સર્ટિફિકેટ સાથે પાસ થઈ રહી છે. તેનો અર્થ એવો થાય કે આ ફિલ્મ ૧૩ વર્ષના કે તેની મોટી ઉંમરના દરેક વ્યક્તિ માટે જોવાલાયક છે. હોલિવૂડની ફિલ્મમાંથી આ પ્રકારના સીન દૂર કરવા બાબતે આ પહેલાં પણ સેન્સર બોર્ડે ઘણી ટીકાનો સામનો કરવો પડ્યો છે. તેનું એક સૌથી મોટું ઉદાહરણ ‘ઓપનહાઈમર’ ફિલ્મ છે, જેમાં બંને લીડ કેરેક્ટર સિલિયન મર્ફી અને ફ્લોરેન્સ પફ વચ્ચેનો ઈન્ટિમેટ સીન હટાવી દેવાયો હતો. તાજેતરમાં જ સેન્સર દ્વારા ટોમ ક્રુઝની‘મિશન ઈમ્પોસિબલ – ધ ફાઈનલ રેકનિંગ’માંથી પણ બે અયોગ્ય સીન દૂર કરાયા હતા. ભારતમાં રિલીઝ કરતા પહેલાં હવે હોલિવૂડ સ્ટુડિયો પણ જાતે અમુક સીન સેન્સર કરતા થયા છે, જેથી તેઓ સેન્સર બોર્ડની પ્રક્રિયામાં વિલંબ ઓછો કરી શકે. આ ફિલ્મ ૧૩૦.૪૪ મિનિટ એટલે કે ૨ કલાક અને ૧૦ મિનિટ તેમજ ૪૪ સેકન્ડની છે. આ ફિલ્મ ૨૮૦૦ સ્ક્રીનમાં રિલીઝ થશે. જે પ્રમાણે એડવાન્સ બૂકિંગ થયાં છે, તે મુજબ પહેલાં જ દિવસે ભારતમાં ૮થી ૯ કરોડની કમાણી કરી લે તેની અપેક્ષા છે.



# અલ્લુ અર્જુનની ફિલ્મમાં યોદ્ધાનો રોલ દીપિકાએ સ્પર્શી ગયો

દીપિકા પાદુકોણનું નામ દક્ષિણની ફિલ્મો વિશે ખૂબ ચર્ચામાં છે. તાજેતરમાં, એવા સમાચાર આવ્યા હતા કે દીપિકાને પ્રભાસ સ્ટારર સ્પિરિટમાંથી દૂર કરવામાં આવી છે. તે જ સમયે, આ સમાચાર આવ્યા પછી તરત જ, દીપિકાએ અલ્લુ અર્જુન સ્ટારર “છ૭૭૨૨૮છ૬” માટે સંમતિ આપી. હવે બધાના મનમાં પ્રશ્ન એ છે કે બોલિવૂડની રાણીએ અલ્લુ અર્જુનની ફિલ્મ માટે હા કેમ કહી?દરેક વ્યક્તિ દીપિકા પાદુકોણના પુનરાગમનની રાહ જોઈ રહ્યા છે. માતા બન્યા પછી, અભિનેત્રી મોટા પડદાથી દૂર જોવા મળી છે. જોકે, ડિલિવરી પહેલા દીપિકાએ પઠાણ-જવાન અને કલ્કી ૨૮૯૮ એડી જેવી ૧૦૦૦-૧૦૦૦ કરોડની ફિલ્મો સાથે બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી દીધી હતી. તાજેતરમાં જ એવું બહાર આવ્યું હતું કે દીપિકા પાદુકોણે તેની આગામી ફિલ્મ “છ૭૭૨૨૮છ૬” માટે એટલી સાથે હાથ મિલાવ્યા છે. અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાન્ના અભિનીત આ ફિલ્મને એક્શન-એન્ટરટેનર તરીકે વર્ણવવામાં આવી રહી છે.એક અહેવાલ મુજબ, એટલીની આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ એક શક્તિશાળી અવતારમાં જોવા મળશે. અભિનેત્રી આ પ્રોજેક્ટનો ભાગ બનવા પાછળનું એક કારણ તેના પાત્રને કોતરવામાં અને ડિઝાઈન કરવામાં આવ્યું છે તે છે. એવું જાણવા મળ્યું છે કે દીપિકા આ ફિલ્મમાં એક યોદ્ધા રાણીની ભૂમિકા ભજવશે. તે ટૂંક સમયમાં તેના પાત્ર માટે તૈયારી શરૂ કરશે.૭ જૂને, છ૭૭૨૨૮છ૬ ના નિર્માતાઓએ દીપિકા પાદુકોણને ફિલ્મમાં આવકારતો એક વિડિઓ શેર કર્યો હતો.



**૭ જૂને, AA22xA6 ના નિર્માતાઓએ દીપિકા પાદુકોણને ફિલ્મમાં આવકારતો એક વિડિઓ શેર કર્યો હતો**

વીડિયોની શરૂઆતમાં, અભિનેત્રી એટલી સાથે સ્ક્રિપ્ટ પર ચર્ચા કરતી જોવા મળે છે, તે પહેલાં તે સેટ પર પહોંચે છે અને ફિલ્મની તૈયારીઓ શરૂ કરે છે. ક્લિપના કેપ્શનમાં, નિર્માતાઓએ દીપિકાને “રાણી” તરીકે વર્ણવી હતી જે “જીતવા” માટે તૈયાર છે. પ્રારંભિક અફવાઓથી સંકેત મળ્યો હતો કે ફિલ્મમાં બે હીરોની વાર્તા હોઈ શકે છે, પરંતુ અલ્લુ અર્જુનની ટીમે તાજેતરમાં સ્પષ્ટતા કરી છે કે અભિનેતા બેવડી ભૂમિકામાં જોવા મળશે, જે ફિલ્મની વાર્તામાં વધુ એક રસપ્રદ વળાંક ઉમેરશે.

# ઝાલોદ માછણનાળા ખાતે વનબંધુ કલ્યાણ યોજના અન્વયે ફળ પાક રોપા અને શાકભાજી બિયારણ વિતરણ કાર્યક્રમ યોજાયો

## એગ્રીકલ્ચરલ ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી હેઠળ આત્મા પ્રોજેક્ટ યોજાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।

દાહોદ જિલ્લા એગ્રીકલ્ચરલ ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી હેઠળ આત્મા પ્રોજેક્ટ હેઠળ કિશાન ગોષ્ઠી પ્રોગ્રામનુ આયોજન ઝાલોદ તાલુકાના નાનસલાઈ ખાતે ધારાસભ્ય મહેશ ભૂરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં વનબંધુ કલ્યાણ યોજના અન્વયે ફળ પાક રોપા અને શાકભાજી બિયારણ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

આજના આ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ ખેતી કરતા ખેડૂતો પગભર થઈ આત્મનિર્ભર બની ખેતીવાડી કરે તેમજ બાગાયત ખેતી કરીને આગળ આવે તે હતો. આજના આ ફળ પાક રોપા અને શાકભાજી વિતરણ કાર્યક્રમમાં કુલ ૨૦૮ લાભાર્થીઓને આ-બા, લીંબુ, સરગવા, ચીકુ જેવા છોડ તેમજ ભીંડા, રીંગણ, ગવારસીંગનુ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં ધારાસભ્ય મહેશ ભૂરીયા, જિલ્લા ખેતીવાડી અધિકારી દવે, પટેલ સાહેબ તેમજ પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, તાલુકા પંચાયત સરપંચો, સભ્યો તેમજ મોટી સંખ્યામાં લાભાર્થી ખેડૂતો ઉપસ્થિત રહેલ હતા..

# પશ્ચિમ રેલ્વેના ૩૪૭ નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્રો આપવામાં આવ્યા

। (માહિતી) અમદાવાદ, તા.૧૪ ।

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧૨ જુલાઈ, ૨૦૨૫ ના રોજ આયોજિત રોજગાર મેળામાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નવનિયુક્ત કર્મચારીઓને સંબોધિત કર્યા હતા. ૫૧,૦૦૦ થી વધુ નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા. નિયુક્ત કર્મચારી દેશના વિવિધ ભાગોમાં વિવિધ મંત્રાલયો/વિભાગો દ્વારા આયોજિત ૪૭ સ્થાનો પર હાજર હતા. આ સમારોહમાં દરેક સ્થાનના મુખ્ય અતિથિ /કેન્દ્રીય મંત્રી હાજર રહ્યા હતા.

આ સંદર્ભમાં, પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ, વડોદરા, રાજકોટ અને રતલામ ખાતે રોજગાર મેળા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પશ્ચિમ રેલવેના કુલ ૩૪૭ નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા, જેમાં અમદાવાદના ૧૨૪ કર્મચારીઓનો સમાવેશ થાય છે. ભારતીય રેલવેમાં નિમણૂક પામેલા કર્મચારીઓ ઉપરાંત, ભારતીય પોસ્ટ, મહેસૂલ વિભાગ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ બરોડા વગેરે જેવા અન્ય સરકારી વિભાગો/સંસ્થાઓ/પીએસયુમાં નિમણૂક પામેલા કર્મચારીઓને પણ નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ નિયુક્ત કર્મચારીઓને સંબંધિત સ્થળોએ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા.

અમદાવાદમાં આયોજિત રોજગાર મેળામાં માનનીય શ્રમ, રોજગાર, યુવા બાબતો અને રમતગમત મંત્રી, ભારત સરકાર, ડૉ. મનસુખ માંડવિયા, માનનીય સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, માનનીય સાંસદ શ્રી હંસમુખભાઈ પટેલ, માનનીય મેયર અમદાવાદ શ્રીમતી પ્રતિભા જૈન, માનનીય ધારાસભ્ય શ્રી દિનેશસિંહ કુશવાહ, માનનીય ધારાસભ્ય શ્રીમતી દર્શનાબેન વાઘેલા, માનનીય ધારાસભ્ય શ્રી હસમુખભાઈ પટેલ અને માનનીય ધારાસભ્ય શ્રી અમિત ઠાકર સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૨૪ નવનિયુક્ત કર્મચારીઓ હાજર રહ્યા હતા, જેમાંથી ૯૯ કર્મચારીઓ રેલવેના છે.

# દે. બારીઆ તાલુકાના લવારિઆ ગામમા પુલ ઉપર અક્મસ્માતનો ભોગ બનતા વાહન ચાલકો


તસ્વીર : સોહિલ દિવાન, દે. બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીયા, તા.૧ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ તાલુકાના લવારિઆ ગામ મા આવેલ પુલ પર વરસાદ ના કારણે રસ્તા નું ધોવાણ થઈ ગયેલ જેના કારણે ખાડા પડી ગયેલા જેથી અને ગુજરાત મા હાલ વડોદરા જીલ્લા મા પુલ તૂટવા મોટી ઘટના બની હતી જેમાં ૨૦ જેટલા મૃત્યુ પામેલ હતા ત્યાર બાદ સરકાર અને સરકારી તંત્ર દ્વારા હાલ જર્જરીત પુલો ની ચકાસણી કરવા ના આદેશો આપ્યા હતા તથા આજરોજ દેવગઢ બારીઆ તાલુકા ના લવારિઆ ગામ થી કાંટુ ગામ ને જોડતો પુલ મા પડેલા ખાડા માં તંત્ર દ્વારા ખાડા પુરવા મા પણ વેઠ ઉતારી હોય તે સ્પષ્ટ જોવાઈ રહ્યું છે અને આ પૂરેલા ખાડા મા કોકરીટ ની મોટી મેટલ અને કપચી નાખી છે જેના કારણે ધોવાણ થતા આવતા જતા વાહન ચાલકો ને અકસ્માત નુ ભોગ બનવું પડે છે..

# હવે સિગારેટની જેમ સમોસા-જલેબી પર વોર્નિંગ લેબલ જોવા મળશે!

। નવી દિલ્હી, તા.૧૪ ।

હવે ટૂંક સમયમાં સમોસા, જલેબી અને ચા બિસ્કિટના પેકેટ પર પણ સિગારેટના પેકેટની જેમ વોર્નિંગ લેબલ જોવા મળી શકે છે. જંક ફૂડને લઈને મહારાષ્ટ્ર સરકાર મોટા પગલાં લેવાની તૈયારીમાં છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે AIIMS નાગપુર જેવી તમામ કેન્દ્રીય સંસ્થાઓને 'ઓઈલ એન્ડ સુગર બોર્ડ' લગાવવાનો આદેશ આપ્યો છે. આ સાથે સમોસા અને જલેબીના પેકિંગ પર વોર્નિંગ લેબલ પણ ચોંટાડવામાં આવી શકે છે. આ લેબલ પેકેટ જોતા જ ધ્યાનમાં આવે એવા કલરનું હશે અને તેમાં દરરોજ ખાવામાં આવતા નાસ્તામાં કેટલી ફેટ અને સુગર છે તેની માહિતી હશે.AIIMS નાગપુરના અધિકારીઓએ જણાવ્યું હતું કે અમને ઓર્ડર મળ્યો છે અને કેન્ટીન અને જાહેર સ્થળોએ આ બોર્ડ લગાવવાની તૈયારી ચાલુ કરી દેવાઈ છે. કાર્ડિયોલોજિકલ સોસાયટી ઓફ ઈન્ડિયાની નાગપુર શાખાના પ્રમુખના ડૉક્ટરએ જણાવ્યું હતું કે, 'આ ખાદ્ય પદાર્થોના લેબલિંગની શરૂઆત છે, જે સિગારેટ પરની ચેતવણીઓ જેટલી જ મહત્ત્વપૂર્ણ હશે. અમે વર્ષોથી કહી રહ્યા છીએ કે સુગર અને ટ્રાન્સ ફેટ નવી તમાકુ જ છે. લોકોને જાણવાનો અધિકાર છે કે તેઓ શું ખાઈ રહ્યા છે.'સરકારી પત્રમાં કેટલાક ભયાનક આંકડા આપવામાં આવ્યા છે. તેમાં જણાવાયું છે કે ૨૦૫૦ સુધીમાં, ૪૪.૯ કરોડથી વધુ ભારતીયો કાં તો વધુ વજનવાળા અથવા મેદસ્વી હશે. આનાથી ભારત વિશ્વનું બીજું સૌથી મોટું સ્થૂળતા ધરાવતા લોકોનું કેન્દ્ર બનશે. શહેરોમાં પહેલાથી જ દર પાંચ પુખ્ત વયના લોકો માંથી એક વ્યક્તિ વધુ વજન ધરાવતો હોય છે. બાળકોમાં સ્થૂળતાની વધતી જતી સમસ્યા પણ ચિંતાનો વિષય છે, જેનું કારણ ખરાબ ખાવાની આદતો અને બેઠાડુ જીવનશૈલી છે.આ નિર્ણય બાબતે ડૉક્ટરનું કહેવું છે કે આ ખોરાક પર પ્રતિબંધ મૂકવાની વાત નથી. પરંતુ જો લોકોને ખબર પડે કે ગુલાબજાંબુમાં ૫ ચમચી ખાંડ હોઈ શકે છે, તો તેઓ ફરીથી તે ખાતા પહેલા કદાચ બે વાર વિચાર કરશે.

# સુર્યાશોભાવંદના ફાઉન્ડેશન દ્વારા સુપોષણ ક્લબ અંતર્ગત મ્યુનિસિપલ શાળા નં. ૨૨/૨૩ બહેરામપુરામાં ૪૫૦ થી વધુ વિધાર્થીઓ અને તેમની માતાઓ આ પ્રસંગમાં હાજર

। અમદાવાદ, તા.૧૪ ।

સુર્યાશોભાવંદના ફાઉન્ડેશન દ્વારા સુપોષણ ક્લબ અંતર્ગત આજે મ્યુનિસિપલ શાળા નં. ૨૨/૨૩ બહેરામપુરા માં ૪૫૦ થી વધુ વિધાર્થીઓ અને તેમની માતાઓ આ પ્રસંગમાં હાજર રહ્યા હતા

મુખ્ય અતિથી તરીકે માન. શ્રી સાંસદશ્રી દિનેશભાઈ મકવાણા અમદાવાદ પશ્ચિમ લોકસભા અને ડૉ. ભાર્ગવભાઈ દવે, આઈ સ્પેશિયાલિસ્ટ સર્જેન, અર્પિતાબેન શાહ founde® rustee SSV Foundation, રીતેશભાઈ શાહ trustee, મિલાપ મહેતા આચાયશ્રી, તથા વિસ્તારના સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમની શરૂઆત થઇ હતી.

આ કાર્યક્રમ ની શરૂઆત ૭ સરગવાના છોડ ના રોપણ થી કરવામાં આવી. સરગવાનો છોડ સુપોષણ માટે સૌથી અકસીર વૃક્ષ છે સુર્યાશોભાવંદના ફાઉન્ડેશન એ સુપોષણ ક્લબ માં દરેક શાળા માં ૭ સરગવા ના છોડ વાવવા માટે ની DRIVE શરુ કરી છે માન. શ્રી સાંસદશ્રી દિનેશભાઈ મકવાણા તેની શરૂઆત કરી અને સ્કુલના સાત વિદ્યાર્થીઓ ને જતન કરવાની જવાબદારી નક્કી કરવામાં આવી.આ સંસ્થા થકી આ વર્ષે ૭૦૦ થી વધુ શાળા માં સરગવાના છોડ વાવી દરેક શાળા ના ૭ બાળક એનું જતન કરશે.. એમ ૫૦૦૦ થી વધુ સરગવાના છોડ નું વાવેતર થશે. સુપોષણ ક્લબ નો મુખ્ય હેતુ બાળકની માતાઓએ બાળકોને શું ખવડાવવું જેથી બાળક ભવિષ્યમાં કુપોષિત ના થાય તેના માટેની સમજણ અને અવેરનેસ (જાગૃતિ) આપવામાં આવી હતી. તે સાથે બાળકોએ દિવસ દરમિયાન ઘરમાં બનતા ખોરાક ને કેવી રીતે ખવડાવવો તેની સમજણ આપવામાં આવી. તેની સાથે જે બાળકો ને આંખ માં તકલીફ હોય એવા ૭૫ થી વધુ બાળકો નું eye check up કરવા માં આવ્યું .આ સાથે બાળકો અને તેમની માતાઓને સુપોષિત આહાર, જેવો કે મગ ની દાળ નો શીરો, અને કેળા, સુપોષણ ની માહિતી વાળું કાગળ તથા બાળકોને લંચ બોક્સ અને પગમાં પહેરવાના મોજા, આપવામાં આવ્યા. અમદાવાદમાં આ સંસ્થા દ્વારા ૧૯૦૦૦ થી વધુ બહેનો જેમાં સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ ને કુપોષણ થી સુપોષણની સમજણ ઘરે ઘરે જઈને આપી છે તથા ૪૫૦ કુપોષિત બાળકોને ત્રણ મહિના સુધી દત્તક લઈ સારવાર આપી સુપોષિત કર્યા છે.



# ઝાલોદ તાલુકાના છાયણ ગામે ધરતી આબા જન જાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન ધારાસભ્ય મહેશ ભૂરીયાની પ્રેરક ઉપસ્થિતિમા યોજાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।

દાહોદ જિલ્લા યોજના વહીવટદાર કચેરીના સૂચન મુજબ ધરતી આબા જન જાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન યોજવામાં આવી રહેલ છે. તે અંતર્ગત ઝાલોદ ૧૩૦ વિધાનસભાની પ્રેરક ઉપસ્થિતિ હેઠળ છાયણ મુકામે યોજવામાં આવેલ હતો. આ પ્રોગ્રામ યોજનાનો મુખ્ય ઉદ્દેશ સ્વાસ્થ ,શિક્ષણ, આવાસ, પાણી, રસ્તા, ઈન્ટરનેટ જેવી મૂળભૂત સુવિધા પૂરી પાડવાનો મુખ્ય ઉદ્દેશ પુરી પાડી ગ્રામ સભા મજબૂત બનાવવી અને સામાજિક ન્યાય અને ગૌરવનુ રક્ષણ કરી જન જાતીય ગામોનુ સર્વાંગી વિકાસ થાય તે છે અને ગ્રામ્યના દરેક લોકો પોતાની લાગતી મૂળભૂત સુવિધાઓને લઈ સરકારની યોજનાઓનો લાભ મોટા પ્રમાણમાં લઈ પ્રોગ્રામ સફળ બનાવેલ હતો. ધારાસભ્ય મહેશ ભૂરીયા છાયણ મુકામે પહોંચતા તેઓનું સ્વાગત આદિવાસી સંસ્કૃતિ મુજબ ઢોલકુંડી સાથે કુમકુમ ચાંદલો કરી આવકારવામા આવેલ હતું. આ પ્રોગ્રામ અંતર્ગત સ્કૂલની બાળાઓ દ્વારા સ્વાગત ગીત, પ્રાર્થના ગીત, આદિવાસી નૃત્ય તેમજ નાના ભૂલકાઓ દ્વારા બમ બમ ભોલેના બોલ પર સુંદર નૃત્ય પ્રદર્શિત કરવામાં આવેલ હતા. આ તમામ બાળકોને ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરતા તેઓને રોકડ ઈનામ આપવામાં આવેલ હતા.ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા આજના પ્રોગ્રામ અંતર્ગત આવતા ગ્રામ્ય વિસ્તારોમાં ૯૦ લાખના વહીવટી કામો કરવા ખાતરી આપી હતી તેમજ આંગણવાડી બહેનોને ધારાસભ્યની ગ્રાન્ટ માંથી અંગત રીતે વધુ લાભ મળે તે માટેની કામગીરી કરવાની ખાતરી આપવામાં આવેલ હતા. તેમજ આવનાર સમયમાં ગ્રામ્ય વિસ્તારના ગામોમા વિકાસ લક્ષી કામો કરવામાં આવનાર છે. આ પ્રોગ્રામ ઉપસ્થિત પદાધિકારીઓ અને અધિકારીઓની વચ્ચે દિપ પ્રાગટય કરી ચાલુ કરવામાં આવેલ હતો ત્યારબાદ છાયણ સરપંચ સહિત આમંત્રિત ગ્રામ્ય આગેવાનો દ્વારા ઉપસ્થિત સહુ મહેમાનોનુ સ્વાગત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહેશ ભૂરીયાએ આવેલ સહુ લોકોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત લોકોને સંબોધતા ભગવાન બિરસા મુંડાના સન્માનમાં ભારત સરકાર દ્વારા યોજવામાં આવતા ધરતી આબા જન જાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાનનો લાભ છેવાડામા વસતા ગ્રામ્ય વિસ્તારના લોકો સ્થળ પર લાભ લે તે મુખ્ય ઉદ્દેશ લે. આ પ્રોગ્રામ થકી ગરીબ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો

# ઝાલોદ કોલેજમાં અભ્યાસ કરતા પ્રથમ વર્ષ બી.એ. તથા બી.કોમ.ના વિદ્યાર્થીઓના સ્વાગત સમારોહના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।

શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ઝાલોદમાં અભ્યાસ કરતા પ્રથમ વર્ષ બી.એ તથા બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે તા ૧૪/૦૭/૨૦૨૫ ના રોજ વેલકમ, ઓરિએન્ટેશન તથા ઈન્ડેક્સન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે કોલેજના આચાયશ્રી ડૉ. આશીષ મોદી સાહેબે તમામ વિદ્યાર્થીઓ તથા અતિથિઓને આવકાર્યા હતા. ઉપરાંત કોલેજના ગૌરવપૂર્ણ ઈતિહાસને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ મુકીને કોલેજના



તમામ કર્મચારીઓનો પરિચય આપી કૉલેજના લોગો, વિઝન તથા મિશન અંગે સ્પષ્ટતા કરી હતી. તદુપરાંત કૉલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપી યુનિવર્સિટી કક્ષાએ મેળવેલ શૈક્ષણિક તથા સાંસ્કૃતિક ઉપલબ્ધિઓ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ફિઝિકલ ડાયરેક્ટર ડૉ. બહાદુરસિંહ ગોહિલ સાહેબે કૉલેજમાં ચાલતી એન.એસ.એસ. તથા સ્પોર્ટ્સની વિવિધ પ્રવૃત્તિઓ અંગે, લેફ્ટનન્ટ ડૉ. અજીતસિંહ પરમાર સાહેબે એન.સી.સી. અંગે, શ્રી મધુકરભાઈ પટેલ સાહેબે કૉલેજમાં ચાલતી વિવિધ સંસ્કૃતિ પ્રવૃત્તિઓ અંગે, શ્રીમતી સવિતાબેન ચૌધરીએ કૉલેજના સી. ડબ્લ્યુ. ડી.સી. અંતર્ગત ચાલતી પ્રવૃત્તિઓ અંગે, તથા ડૉ. પ્રવીણભાઈ શેલક સાહેબે કૉલેજની સમૃદ્ધ લાઈબ્રેરીનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટના ઉપપ્રમુખ, ઝાલોદ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય તથા વર્તમાન કેમ્પસ ડાયરેક્ટર શ્રી એસ. આર. રાવ સાહેબની વિશેષ ઉપસ્થિત રહી હતી. તેમણે વિવિધ પ્રસંગો દ્વારા જીવનમાં આગળ વધવા તથા ધ્યેય પ્રાપ્તિ માટે શું કરી શકાય એ અંગે પ્રેરક બળ આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ટ્રસ્ટના મંત્રીશ્રી ડૉ. પી. એમ. પટેલ સાહેબે પણ લક્ષ પ્રાપ્તિ માટે હંમેશા ઊંચા ધ્યેય રાખવા જોઈએ. જે અંગે પ્રેરણા પુરી પાડી આશીર્વચન પાઠવ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે વધારે તેલ અને મસાલાવાળું આહાર ટાળોજો. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો. માનસિક સ્પષ્ટતા તમને બિઝનેસમાં અન્યોની સરખામણીએ આગળ રાખશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે પૈસા ની અછત ઘરમાં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

**સિંહ (મ,ટ) :**

આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. રૉમાન્સને આજે ઓછું મહત્વ મળે એવું લાગે છે કેમ કે તમારૂં પ્રિયપાત્ર ખૂબ જ વધારે પડતી માગ કરી રહ્યું હોય એવું લાગે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારા માટે વધુ પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે. તમારા વરિષ્ઠો આજે તમારા કામની ગુણવત્તાથી પ્રભાવિત થાય એવી શક્યતા છે.

**તુલા (ર,ત) :**

મૌસમનો મિજાજ માણતા, ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્ઘાટન માટે સારો સમય. તેઓ તમને સંપૂર્ણ સહકાર આપશે. તેની પ્રાપ્તિ માટે તમારે ધ્યાન કેન્દ્રિત કરી સખત મહેનત કરવાની જરૂર છે.

**વૃશ્ચિક (ન,ય) :**

પિતા તમને સંપત્તિના વારસામાંથી બેદખલ કરી શકે છે.પણ હિંમત હારતા નહીં. ઐશ્વર્ય મનને લાડ લડાવે છે જ્યારે અછત તેને મજબૂત બનાવે છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે. એકતરફી આકર્ષણ તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.

**મકર (ખ,જ) :**

આજે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારે બાળકો સાથે કેટલોક સમય વિતાવવાની તથા તેમને સારા મૂલ્યો શીખવવાની તથા તેમને તેમની જવાબદારીની જાણ થાય તેવા પ્રયાસો કરવાની જરૂર છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજનો દિવસે લાભદાયક રહેશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. પરિવાર, બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. આજે તમે કુદરતી સૌંદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારે જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પડશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.






લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચેની ત્રીજી ક્રિકેટ ટેસ્ટ મેચના પાંચમા દિવસે ભારતના રવિન્દ્ર જાડેજા શોટ રમી રહ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### સુરક્ષાને ખતરો થશે તો સૈન્ય કાર્યવાહી કરાશે : નોર્થ કોરિયા

**। (એજન્સી) પ્યોંગયાંગ/મોસ્કો, તા.૧૪ ।**
ઉત્તર કોરિયાએ રવિવારે અમેરિકા, દક્ષિણ કોરિયા અને જાપાનને કડક ચેતવણી આપી છે. ઉત્તર કોરિયાએ કહ્યું કે જો તેમની સામે કોઈ સુરક્ષા ખતરો પેદા થાય છે તો એ સૈન્ય કાર્યવાહી કરવા માટે સંપૂર્ણ તૈયાર છે. આ ચેતવણી, આ ત્રણેય દેશો દ્વારા તાજેતરમાં અમેરિકાના રણનીતિક સંયુક્ત સૈન્ય હવાઈ અભ્યાસ પછી આપી છે. આવી સંયુક્ત લશ્કરી કાર્યવાહી કોરિયન દ્વીપ અને તેની આસપાસના પ્રદેશમાં ‘‘લશ્કરી તણાવના સ્તરને વધારવામાં મુખ્ય જોખમી પરિબળો’’ છે.બીજી બાજુ રશિયાના વિદેશ મંત્રી સર્ગઇ લાવરોવ ઉત્તર કોરિયાની મુલાકાતે પહોંચ્યા છે. આ દરમિયાન સર્ગેઇ લાવરોવે અમેરિકા, દક્ષિણ કોરિયા અને જાપાનને આકરી ચેતવણી આપી છે. લાવરોવે આ ત્રણેય દેશો પર આક્ષેપ મૂક્યો છે કે એ ઉત્તર કોરિયાને ટાર્ગેટ બનાવીને એક સુરક્ષા ગઠબંધન બનાવી રહ્યા છે. સૌથી મહત્વની વાત એ છે કે, લાવરોવે આ ચેતવણી ઉત્તર કોરિયાના વડા કિમ જોંગ ઉનની સાથે મુલાકાત કર્યા પછી આપી છે. રશિયા અને ઉત્તર કોરિયાની વચ્ચે સૈન્ય અને અન્ય સહયોગને વધુ મજબૂત બનાવવા માટે લાવરોવ અને કિમ જોંગ ઉનની મુલાકાત મહત્વની માનવામાં આવી રહી છે. આ મુલાકાત ઉત્તર કોરિયાના વોનસન શહેરમાં યોજાઈ હતી. લાવરોવે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન તરફથી કિમ જોંગને શુભકામના પાઠવી છે. ઉત્તર કોરિયાના મીડિયા રિપોર્ટ મુજબ, કિમ જોંગે બેઠક દરમિયાન યુક્રેનની સાથે ચાલી રહેલા યુદ્ધમાં રશિયા દ્વારા ઉઠાવવામાં આવી રહેલા ‘તમામ પગલાં’ને વગર શરતે સમર્થન અને પ્રોત્સાહન આપવાની પોતાની સરકારની પ્રતિબદ્ધતા ફરી એક વાર વ્યક્ત કરી છે.કિમ જોંગે એમ પણ કહ્યું કે પ્યોંગયાંગ અને મોસ્કો ગઠબંધનના સ્તરના અનુરુપ તમામ વ્યૂહાત્મક મુદ્દાઓ પર એક સમાન વિચાર ધરાવે છે. લાવરોવે બંને દેશોને આંતરરાષ્ટ્રીય મામલાઓમાં પોતાની વ્યૂહાત્મક અને સૈન્ય સહયોગને વધુ મજબૂત કરવા વધુ નક્કર કાર્યવાહી ઝડપી કરવા માટે આહ્વાન કર્યું છે.



જયપુરના ઝારખંડ મહાદેવ મંદિરમાં પવિત્ર ‘શ્રાવણ’ મહિનાના પહેલા ‘સોમવાર’, સોમવારના અવસરે લોકો ભગવાન શિવને પ્રાર્થના કરતી વખતે ‘શિવલિંગ‘ પર ધાર્મિક વિધિઓ કરે છે.


### યુએસ પ્રમુખ ટ્રમ્પને ‘વિલન’ ગણાવાયા

## પાકે. ભારત પાસે યુદ્ધવિરામની ભીખ માંગી હતી : PCI રિપોર્ટ

**। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૪ ।**
ભારત સામે મે મહિનામાં ચાર દિવસ સુધી ચાલેલા લશ્કરી ઘર્ષણ બાદ પાકિસ્તાનની સેનાએ યુદ્ધવિરામની અપીલ કરી હોવાનો ચોંકાવનારો ખુલાસો ઈસ્લામાબાદ સ્થિત થિંક ટેન્કે કર્યો છે. પાકિસ્તાન-ચાઈના ઈન્સ્ટિટ્યૂટ (પીસીઆઈ)ના રિપોર્ટમાં દાવો કરાયો છે કે, ઓપરેશન સિંદૂર રોકવા માટે પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (ડીજીએમઓ)એ ભારતીય સમકક્ષ અધિકારીનો સંપર્ક કર્યો હતો. રિપોર્ટ બાદ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી કરાવ્યાના દાવાનું સુરસુરિયું થઈ ગયું હતું. રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે, બંને પાડોશી દેશો વચ્ચે લશ્કરી ઘર્ષણ દરમિયાન ટ્રમ્પના મધ્યસ્થીના પ્રયત્નોથી અમેરિકાની પ્રતિષ્ઠાને પણ ધક્કો લાગ્યો છે.‘દક્ષિણ એશિયાને નવો આકાર આપનારા ૧૬ કલાક’ શિર્ષક સાથે જાહેર કરાયેલા રિપોર્ટમાં મુખ્ય પાંચ મુદ્દાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ટ્રમ્પના મધ્યસ્થીના પ્રયાસોથી ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ટ્રમ્પની રણનીતિને નુકસાન થયું છે. ટ્રમ્પે ભારત અને પાક. સાથે એક સમાન વ્યવહાર કર્યો અને કાશ્મીર મામલે મધ્યસ્થી કરવાની ઓફર કરી હતી. આ વલણથી પ્રાદેશિક સ્થિરતાની બાબતમાં ચીનની ભૂમિકામાં વધારો થયો છે.

# ભાવ રૂ.૨૦થી રૂ.૪૦ કરોડ હશે, પૃથ્વી પરના મંગળ ગ્રહના સૌથી મોટા ખડકની હરાજી થશે

**। (પીઆઈબી) ન્યૂયોર્ક, તા.૧૪ ।**
ન્યૂયોર્કમાં ઓક્શન હાઉસ સોધેબી પૃથ્વી પર મળી આવેલા મંગળ ગ્રહના સૌથી મોટા ખડકની બુધવારે હરાજી કરશે. આશરે ૫૪ પાઉન્ડ (૨૫ કિલોગ્રામ)ના ખડકની અંદાજિત હરાજી કિંમત ૨૦ લાખથી ૪૦ લાખ ડોલર (આશરે ~૧૫થી ૨૦ કરોડ) રાખવામાં આવી છે. સોધેબીના ઈતિહાસ થીમ આધારિત હરાજીના ભાગરૂપે NWA ૧૬૭૮૮ નામના ખડકની હરાજી કરશે. આ હરાજીમાં ૬ ફૂટથી વધુ ઉંચા અને લગભગ ૧૧ ફૂટ લાંબા કિશોર સેરાટોસોરસ ડાયનાસોર હાડપિંજરનો પણ સમાવેશ થાય છે. આ ઓક્શન હાઉસના જણાવ્યા અનુસાર મંગળની સપાટી પર લઘુગ્રહના પ્રચંડ પ્રહારથી આ ખડક ઉડ્યો હતો અને તે ૧૪ કરોડ માઈલની સફર કરીને પૃથ્વી પર




પડ્યો હોવાનું માનવામાં આવે છે. તે સૌ પ્રથમ સહારાના પ્રદેશમાં પડ્યો હતો. નવેમ્બર ૨૦૨૩માં નાઈજરમાં ઉલ્કાપિંડની શોધ કરતાં એક વ્યક્તિને આ ખડક મળ્યો હતો.આ ખડક લાલ, ભૂરા અને ભૂખરા રંગનો છે. તે પૃથ્વી પર મળી આવેલા મંગળના બીજા સૌથી મોટા ખડક કરતાં લગભગ ૭૦ ટકા મોટો છે અને તે આપણા ગ્રહ પર મંગળના મળી આવેલા તમામ પદાર્થોના લગભગ ૭% ભાગનું પ્રતિનિધિત્વ કરે છે. તે લગભગ ૧૫ ઈંચ લાંબો, ૧૧ ઈંચ પહોળો ૬ ઈંચ ઉંચો છે. સોધેબીના વિજ્ઞાન અને કુદરતી ઈતિહાસના વાઈસ ચેરમેન કેસાન્ડ્રા હેટનએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે મંગળ ગ્રહનો આ ઉલ્કાપિંડ મંગળ ગ્રહનો પૃથ્વી પરનો સૌથી મોટો ટુકડો છે. તે મંગળ ગ્રહનો જેનો અમે સૌથી મોટો ટુકડો માનતા હતાં તેના કરતા કદમાં બમણાથી વધુ છે. તે એક દુર્લભ શોધ પણ છે. પૃથ્વી પર મળી આવેલા ૭૭,૦૦૦થી ઉલ્કાપિંડમાંથી મંગળ ગ્રહની ઉલ્કાપિંડની સંખ્યા માત્ર ૪૦૦ છે. હેટને જણાવ્યું હતું કે આ ખડકને વિશેષ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો, જ્યા તે મંગળ ગ્રહનો ખડક હોવાની પુષ્ટિ મળી હતી. તેમાં પાયરોક્સિન અને ઓલિવિન ખનિજો છે.તેની સપાટી કાચ જેવી છે. તેનું કારણ પૃથ્વીના વાતાવરણ તેને ઊંચી ગરમીમાંથી પસાર થયો હતો. આ ઉલ્કાપિંડને અગાઉ રોમમાં ઈટાલિયન સ્પેસ એજન્સીના એક્ઝિબિશનમાં મૂકવામાં આવ્યો હતો. સોધેબીએ આ ખડકના માલિકનું નામ જાહેર કર્યું નથી.

## પ્લેન ક્રેશમાં પાયલટ્સને વિલન ના ઠેરવો : ICPA

**। (એજન્સી) મુંબઈ, તા.૧૪ ।**
અમદાવાદમાં ૧૨ જૂને ક્રેશ થયેલા એર ઈન્ડિયાના વિમાનનો પ્રાથમિક તપાસ રિપોર્ટ શનિવારે જાહેર થયો હતો. ભારતીય વ્યવસાયિક પાયલટ સંગઠન એ આ રિપોર્ટને આધારે કરાતા દાવા અંગે નારાજગી દર્શાવી છે. આઈસીપીએના મતે ફક્ત પ્રાથમિક રિપોર્ટને આધારે વિમાનના પાયલટ્સને વિલન ઠેરવવા જોઈએ નહીં. એર ઈન્ડિયાની ફલાઈટ એઆઈ ૧૭૧ના ક્રુ સભ્યોએ કટોકટીની પરિસ્થિતિમાં તેમને અપાયેલી તાલીમ અને જવાબદારી સાથેનું વર્તન કર્યું હતું. આ ઉપરાંત પાયલટે આત્મઘાતી પગલું ભર્યું હોવાના ગણગણાટને પણ આ સંગઠને ફગાવતા અનુમાનના આધારે પાયલટને બદનામ નહીં કરવા અપીલ કરી હતી. જ્યાં સુધી અંતિમ રિપોર્ટ જાહેર ના થાય ત્યાં સુધી અફવાઓ પર વિશ્વાસ કરવો જોઈએ નહીં તેમ સંગઠને ઉમેર્યું હતું. ભારતીય એરલાઈન પાયલટ્સ સંગઠને પણ નિષ્પક્ષ અને તથ્યો આધારિત તપાસની માગ કરી હતી.

## વિશેષ

### અમદાવાદમાં શરમજનક કિસ્સો

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એલ.જી જનરલ હોસ્પિટલમાં ૩ વર્ષના બાળકમાં જવલ્લે જોવા મળતા રોગનું નિદાન થયું

**। (માહિતી) અમદાવાદ, તા.૧૪ ।**
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શેઠ લલ્લુભાઈ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ શહેરના પુર્વ વિસ્તારમાં ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને તાત્કાલીક મફત સારવાર અને રાહત દરે અદ્યતન સુવિધા પુરી પડતી હોસ્પિટલ છે. તાજેતરમાં આ હોસ્પિટલમાં ૩ વર્ષના બાળકમાં જવલ્લે જોવા મળતા રોગનું નિદાન કરવામાં આવ્યું હતું

એલજી જનરલહોસ્પિટલના મેડીકલ સુપ્રિન્ટેન્ડેટના જણાવ્યા અનુસાર, આ હોસ્પિટલમાં ૩ વર્ષના બાળ દર્દીને સર્જીકલ ઓપીડીમાં ખૂબ જ ઉલ્ટી અને પેટના દુઃખાવા અને પેટ ફૂલી જવાની સારવાર અર્થે તેના માતાપિતા લઈને આવ્યા હતા.

આ દર્દીને તપાસતા વાયટલોઈન્ટેસ્ટિનલ ડક્ટ એટલે કે, ગર્ભાવસ્થામાં આંતરડાના વિકાસ સમય એવો જોડાણ જે પોષણ માટે જોડાયેલું હોય છે, તેને લગતી બિમારીને સમય જતાં (૮ થી ૯ અઠવાડિયે) આ જોડાણ વિલુપ્ત થાય છે અને ખાલી નાભિનો ભાગ રહે છે. કોઈક વાર આ જોડાણ રહી જાય છે અને તેમાંથી આંતરડા, નાભિ અને મૂત્રાશયના અમુક પરિસ્થિતિ નિર્માણ થાય છે, જેને મેકલ્સ ડાયવર્ટિક્યુલમ, અમ્બિલિકલ ફિસ્ટ્યુલા અથવા યુરેકલ સાયનસ કહેવામાં આવે છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે , સામાન્ય રીતે ઉપરની વિશેષ પરિસ્થિતિ ૨ થી ૬૦ વર્ષની વ્યક્તિમાં કોઈક કોમ્પ્લિકેશન થાય ત્યારે જોવા મળે છે, જેમાં આંતરડામાં ઈન્ફેક્શન, આંતરડામાં અવરોધ (ઈન્ટેસ્ટીનલ ઓબસ્ટ્રક્શન) અથવા નાભિમાંથી પરૂ અથવા પાણી નીકળવું જેવી



પરિસ્થિતિ જોવા મળે છે. મેકલ્સ ડાયવર્ટિક્યુલમ અને અમ્બિલિકલ સાયનસ એ બંને ૨ ટકામાં જોવા મળે છે અને તેમાં પણ તેના કારણથી આંતરડામાં અવરોધ (ઈન્ટેસ્ટીનલ ઓબસ્ટ્રક્શન) ખૂબ જ રેર પરિસ્થિતિ છે.

આ ૩ વર્ષનાં બાળ દર્દીને ૭ દિવસથી સતત ઉલ્ટી, પેટમાં દુખાવો, પેટ ફૂલી જવું, ઝાડો બંધ થઈ જવો જેવી તકલીફો રહેતી હતી. એટલું જ નહિ, આ પરીવાર દ્વારા બાળકને ખાનગી હોસ્પિટલમાં બતાવ્યું, દાખલ થયા, ઈન્જેક્શન પણ અપાયા પરંતુ રોગ પકડાતો ન હતો તેથી તે એલ.જી.હોસ્પિટલમાં બતાવવા આવ્યા હતા.

એલજી હોસ્પિટલમાં દેખાડવા આવ્યા ત્યારે આ દર્દીએ ઓપીડીમાં જ ઉલટી કરી, જેથી તેને દાખલ કરીને લોહીના રિપોર્ટ, સોનોગ્રાફી કરાવ્યા જેમાં આંતરડામાં અવરોધ સિવાય કાંઈ આવ્યું નહી જેથી દવાઓ ચાલુ રાખી સીટી સ્કેન કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં પણ નાના આંતરડામાં અવરોધ આવ્યો પરંતુ સ્પષ્ટ કારણ જણાતું ન હતું.

આ અંગે વધુમા વાત કરતા મેડીકલ સુપ્રિન્ટેન્ડેટએ વધુમાં કહ્યું કે, મેકલ્સ ડાયવર્ટિક્યુલમથી એક ગોળ ફરતો હ્ફ્હદ્ઢ(દોરી આકાર) આંતરડાની ફરતે બનતા તે આંતરડાને અવરોધ ઉભો થતો હોય છે. આ પરિસ્થિતિ સામાન્ય રીતે સીટી સ્કેનમા દેખી શકાતું નથી. જેનાં માટે ક્લિનિકલ ડાયગ્નોસિસ પર જ આધાર રાખવો પડતો હોય છે.

અંતમાં દર્દીને ઓપરેશનમાં લેવાનો નિર્ણય લીધો, કારણકે જો વધારે સમય રાહ જોવામાં આવે તો પેટમાં ચેપ ફેલાવાની, આંતરડામાં કાણું પડવાની અથવા ક્ષાર(ઈલેક્ટ્રોલાઈટ્સ ઈમ્બેલેન્સ)ની અનિયમિતતા તથા તેના કારણ કિડની પર અસર થઈ શકે છે .

ઓપરેશનમાં મેકલ્સ ડાયવર્ટિક્યુલમના હ્ફ્હદ્ઢ (દોરી)ના કારણથી ઈન્ટેસ્ટિનમા અવરોધ ઉભો થયેલો હતો તથા અમ્બિલિકલ સાયનસ પણ બનેલું હતું. (આ પરિસ્થિતિ ખૂબ જ રેર છે, જે લગભગ ક્ ૧ ટકા વ્યક્તિઓમાં જ જોવા મળે છે તથા તે જન્મજાત અથવા કંજેનિટલ હોય છે. ) આ હ્ફ્હદ્ઢ ને દૂર કરીને જે મેકલ્સ ડાયવર્ટિક્યુલમ વાળો ભાગ આંતરડાથી દૂર કરીને આંતરડાને ફરીથી જોડવામાં આવ્યું, જેથી ફરીથી આ પરિસ્થિતિ ઉદ્ભવે નહીં. આમ, બાળકોમાં થતાં ઑપરેશન હમેશાં ખુબ જ કાળજીપૂર્વક કરવા પડે તથા આવી જૂજ જોવા મળતી પરિસ્થિતિનું નિદાન કરવું અનુભવ અને ચીવટ માંગી લે છે.

સર્જરી વિભાગના વડા ડૉ અસિત પટેલ તથા ડૉ હિતેશ અંધારિયા (યુનિટ હેડ)ના માર્ગદર્શનમાં ડૉ તપન શાહ, ડૉ મુકેશ સુવેરા (યુનિટ હેડ), ડૉ આકાશ રાઠોડ, ડૉ ધ્રુવેશ શેઠ, ડૉ નિશીત ચૌધરી તથા ડૉ ધવલ મનુન્દ્રા તથા સર્જરી યુનિટના અન્ય ડોક્ટર તથા એનેસ્થેશિયા વિભાગના ડોક્ટર દ્વારા સફળપુર્વક ઓપરેશન કરવામાં આવ્યું છે. હાલમાં દર્દીની પરિસ્થિતિ સારી છે અને ટૂંક સમયમાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એલ.જી.જનરલ હોસ્પિટલમાં ઓ.પી.ડીમાં સારવાર મેળવતા દર્દીઓની દૈનિક સરેરાશ સંખ્યા ૩૨૦૦ જેટલી છે.

# નર્મદા જિલ્લાના પાંચ બ્રિજ પર ભારે વાહનોની અવરજવર બંધ, રંગસેતુ બ્રિજ બંધ કરાતા ૪૦-૪૫ કિમીનો ફેરો ફરવો પડશે

## ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ એક્શનમાં આવ્યું વહીવટી તંત્ર : અનેક બ્રિજ સમારકામના નામે કરાયા બંધ


। ગાંધીનગર, તા.૧૪ ।

ગંભીરા બ્રિજ દુર્ઘટના મુદ્દે ગુજરાતનું તંત્ર ઊંઘમાંથી જાગીને એક્શનમાં આવ્યું છે. હવે રહી રહીને સરકારને બ્રિજની સ્થિતિ ચકાસવાનું યાદ આવી રહ્યું છે. પરંતુ આ ચક્કરમાં તંત્ર ધડાધડ પુલો પર પ્રતિબંધ મૂકી રહ્યું છે. જો આવુ થશે તો ગુજરાતના અડધોઅડધ બ્રિજ બંધ કરી દેવાશે અને લોકોને અવરજવર માટે તકલીફ પડશે. ત્યારે લોકોને હાલાકીનો સામનો કરવો પડી શકે છે. ત્યારે ગુજરાતમાં કયા કયા બ્રિજ બંધ કરાયા છે અથવા કામગીરીને કારણે રસ્તા ડાયવર્ટ કરાયા છે તે જાણી લો.

ગંભીરા ઓવરબ્રિજની ઘટના બાદ સરકાર જાગી હતી અને રાજ્યના તમામ ઓવરબ્રિજની તપાસ કરવા માટેના આદેશો જીલ્લા તંત્રને કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ટીમો બનાવીને ઓવરબ્રિજનું નિરીક્ષણ ચાલી રહ્યું છે. બ્રિજ દુર્ઘટના બાદ હવે ગુજરાતના વાહન વ્યવહાર પર મોટી અસર પડી રહી છે. તંત્રએ તાત્કાલિક અસરથી સમારકામની કામગીરી હાથ ધરતા વાહનચાલકોને મુશ્કેલી પડી રહેવાની છે. અનેક બ્રિજ બંધ થતા રાહદારીઓએ મોટો ફેરો ફરવાનો વારો આવ્યો છે. જે તેમના બજેટને પણ અસર કરશે. ઉપરથી ચોમાસામાં । સમારકામની કામગીરી કેટલી શક્ય છે? ચોમાસામાં બ્રિજ બંધ કરીને સરકાર લોકોની હાલાકી વધારી રહી છે. ઘટના બાદ સરકારના આદેશથી અન્ય બ્રિજના સમારકામ હાથ ધરાયા છે. આ કારણે બાવળા બગોદરા હાઈવે પર ભોગાવો બ્રિજનું કામ હાથ ધરાયું છે. કામગીરીને લઈને પોલીસ વિભાગે જાહેરનામું બહાર પાડ્યુ છે. કામગીરીને જોતા બ્રિજ પર એક રસ્તા પર બંને ટ્રાફિક ડાયવર્ટ કરાયા છે. અમદાવાદથી રાજકોટ બ્રિજ પરનો રૂટ ૧૩ જુલાઈથી ૩૧ જુલાઈ સુધી બંધ કરાયો છે. પોલીસ વિભાગ દ્વારા વૈકલ્પિક રસ્તો જાહેર કરાયો છે. નર્મદા જિલ્લામા પણ ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ તંત્ર સફાળું જાગ્યું હોય તેમ જિલ્લાના પાંચ જેટલા જૂના બ્રિજને ભારે વાહનો માટે બંધ કર્યા છે. જેમાં મુખ્ય બે બ્રિજ છે એક વડોદરા જિલ્લાને જોડતો રંગ સેતુ જે નર્મદા નદી પર પોઈચા ખાતે આવેલો છે અને બીજો કરજણ નદી પર આવેલો કરજણ બ્રિજ જે રાજપીપળા અને ભરૂચ જિલ્લા ને જોડે છે. જોકે આ કરજણ બ્રિજને સમાંતર જ બીજો નવો બ્રિજ છે એટલે હાલ આ જૂના બ્રિજને બંધ કરી નવા બ્રિજ પર ભારે વાહનો અવર જવર કરે છે. અને પોઈચા રંગ સેતુ બ્રિજ જોખમી જણાતાં તેને તાત્કાલિક અસરથી ભારે વાહનો માટે બંધ કરી દેવામાં આવ્યો છે. હવે ભારે વાહનો ટ્રક, હાઈવા, બસ, ટેમ્પા સહીત વાહનો ને તિલકવાડા દેવલિયા તરફ ડાયવર્ઝન આપવામાં આવ્યું છે.

વાહન ચાલક નૂર મહંમદ શેખ કહે છે કે, રાજપીપળા અને વડોદરા વચ્ચેના અંતરમાં સીધો જ ૩૫ કિલોમીટરનો ઘટાડો થાય તે માટે વર્ષ ૨૦૦૨ રંગસેતુ બ્રિજ બનાવવામાં આવ્યો હતો. આ બ્રિજ બંધ થતા હવે રાહદારીઓ ને ૪૦ થી ૪૫ કિલોમીટરનો ફેરાવો કરવાનો વારો આવ્યો છે. હવે આ રંગસેતુ બ્રિજ કયારે ભારે વાહનો માટે ચાલુ કરવામાં આવશે, જેની કોઈ સ્પષ્ટતા કરવામાં ન આવતા રાહદારીઓ મુશ્કેલીમાં મૂકાયા છે. જોકે હાલ તો જાહેરનામાનો અમલ કરાઈ રહ્યો છે અને ટ્રાફિક વિભાગ દ્વારા મોટા વાહનોને રસ્તા અંગે માર્ગદર્શન પણ અપાય છે અને બ્રિજની બંને તરફ જાહેરનામા અંગે જાણ કરતા બોર્ડ પણ મૂકવામાં આવ્યા છે. જોકે વાહન ચાલકો સરકારના આ નિર્ણયને આવકારે તો છે પણ વહેલી તમે બ્રિજની ચકાસણી કરી ફરી ખુલ્લો મુકાય તેવી માંગ પણ કરી રહ્યા છે. માળિયા, હળવદ અને વાંકાનેર તાલુકામાં જુદા જુદા ત્રણ બ્રિજ ઉપર ભારે વાહનોની પ્રવેશબંધી કરાઈ છે. વર્ષો જૂના બ્રિજ જર્જરીત દુર્ઘટના ન બને તે માટે હાલમાં બ્રિજ બંધ કરાયા. ચોમાસા બાદ ત્રણેય સ્થળ ઉપર નવા બ્રિજ બનાવવા માટેની કામગીરી હાથ ધરાશે. જામનગર અને કચ્છ તરફ આવવા જવા માટેનો માળીયા બ્રિજ પાસે બંધ થતા વાહનચાલકોને ૨૦ કિલોમીટરનો ફેરો વધશે. મુજપુર ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ સૌરાષ્ટ્રથી મધ્ય ગુજરાત પર અવરજવર કરતા વાહન ચાલકોને લાંબો રૂટ પરથી જવું પડશે.

# શૌચાલયના નામે ૧૫૦૦ કરોડના કૌભાંડનો દાવો, ભરુચ જિલ્લાના ૯ તાલુકાના ૭૫૩ ગામમાં..



સૌથી વધારે ઝઘડિયાના અંતરિયાળ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં ૧૬૭ ગામમાં તો શૌચાલય બનાવ્યા જ નથી

। ભરૂચ, તા.૧૪ ।

ભરૂચ જિલ્લાના ૯ તાલુકાના ૭૫૩ ગામમાં ૧૦૦ ટકા શૌચાલય બની ગયા હોવાનું સરકાર અને અધિકારીઓ કહી રહ્યા છે પણ હકીકત એ છે કે ઘણા ગામોના આદિવાસી નવીનગરી વિસ્તારોમાં છેલ્લા ૩૦ વર્ષથી શોચાલય બન્યા જ નથી. આજે પણ જાહેરમાં શૌચ કરવા માટે લોકો મજબૂર બનતા અધિકારીઓએ શૌચાલયનું કૌભાડ કર્યુ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.ભરૂચ જિલ્લાના ૯ તાલુકામાં કુલ ૭૫૩ ગામોમાં સરકારના સ્વચ્છ ભારત અભિયાન હેઠળ શૌચાલય અભિયાન લગભગ ૩ વર્ષ પહેલા ઉપાડ્યુ હતું જેમાં ઘરે-ઘરે શૌચાલય બનાવવાની યોજના મૂકતા જિલ્લાના ૭૫૩ ગામમાં ઘરે ઘરે શૌચાલય બનાવવાની કામગીરી શરૂ કરાઈ હતી. જેમાં જિલ્લાના ઘણા ગામોના આદિવાસી વિસ્તાર સહિત અન્ય વિસ્તારોમાં પણ શૌચાલય બન્યા જ નથી.ઘણા લોકોએ તો પોતાના ખર્ચે પણ શૌચાલય બનાવ્યા છે. શૌચાલયના બાંધકામમાં પણ મોટા કૌભાંડની આશંકાઓ વચ્ચે રૂ.૧૫૦૦ કરોડ ઉપરાંતનું કૌભાંડ થયું છે. સૌથી વધારે ઝઘડિયાના અંતરિયાળ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં ૧૬૭ ગામમાં તો શૌચાલય બનાવ્યા જ નથી અને સીધે સીધા જ રૂપિયાનો વહીવટ કરી કૌભાંડ કરવામાં આવ્યું છે. ભરૂચ જિલ્લાના સૌથી વધારે આદિવાસી એટલે કે અંતરિયાળ વિસ્તારમાં ઝઘડિયા વાલિયા અને નેત્રંગ ગ્રામ્ય વિસ્તારોમાં રેકોર્ડ ઉપર શૌચાલય બની ગયા હોવાનું બતાવી દીધું છે પરંતુ આદિવાસી વિસ્તારમાં મોટા પ્રમાણમાં શૌચાલય બન્યા જ નથી જેના કારણે કોન્ટ્રાક્ટરો કે અધિકારીઓએ એકબીજાની મિલિ ભગતમાં મોટી કમાણી કરી નાંખી છે.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગામે ગામ આદિવાસી વિસ્તારમાં શૌચાલય બન્યા છે કે નહીં ? તેની તપાસ થાય તો મોટું કૌભાંડ બહાર આવે તેમ છે.ભરૂચ જિલ્લાના નાદ ગામના નવીનગરી વિસ્તારમાં શૌચાલય બન્યા જ નથી. જેના કારણે ૩૦ વર્ષથી તેઓ ખુલ્લામાં જ શૌચક્રિયા કરવા જતા હોવાના આક્ષેપ કર્યો છે.આઉટસોર્સિંગ અને કરાર આધારિત કર્મચારીઓને સરકારી કચેરીમાં કામ અપાય છે.

## ન્યૂઝ બ્રિફ

### રાજકોટના બિલ્ડરનો માતાજીના મઠમાં લમણે ગોળી મારી આપઘાત

। (એજન્સી) રાજકોટ, તા.૧૪ ।

રાજકોટના ફાઈનાન્સ અને બિલ્ડિંગ ક્ષેત્રે જાણીતું નામ ધરાવતા ૬૨ વર્ષીય બિશુ વાળાએ રવિવારે વહેલી સવારે સરધાર નજીક આવેલા તેમના મૂળ ગામ ભંગડા ખાતે પોતાના ઘરે માતાજીના મઢમાં પોતાની રિવોલ્વરમાંથી ગોળી મારી આત્મહત્યા કરી લેતા સમગ્ર રાજકોટમાં શોક અને આઘાતનું મોજું ફરી વળ્યું છે.રાજકોટમાં સ્થાયી થયેલા અને મૂળ ભંગડા ગામના વતની બિશુભાઈ વાળા (ઉં. ૬૨) ફાઈનાન્સ અને બિલ્ડિંગના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેમનો વ્યવસાય વ્યાપક અને પ્રતિષ્ઠિત હતો અને તેઓ સમાજમાં પણ આગવું સ્થાન ધરાવતા હતા. આજે વહેલી સવારે તેઓ ભંગડા ગામે આવેલા તેમના ઘરે હતા ત્યારે માતાજીના મઢમાં બેઠા હતા તે દરમિયાન તેમણે પોતાની લાયસન્સવાળી રિવોલ્વરમાંથી લમણે ગોળી મારી દીધી હતી. ગોળીનો અવાજ સાંભળી પરિવારના સભ્યો અને આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

### આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના જામીન ના મંજૂર

। (એજન્સી) નર્મદા, તા.૧૪ ।

નર્મદા જિલ્લાના દેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને લાફા કાંડ સંબંધિત કેસમાં જામીન મેળવવામાં વધુ વિલંબનો સામનો કરવો પડશે. નીચલી કોર્ટ બાદ સેસન્સ કોર્ટે પણ જામીન ના મંજૂર કર્યા છે. ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય ચૈતર વસાવા પ્રાંત કચેરીમાં કાફા કાંડમાં ૫ જુલાઈથી જેલમાં છે. તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા પોલીસ ફરિયાદ કર્યા બાદ ચૈતર વસાવા વડોદરા સેન્ટ્રલ જેલમાં છે. સરકારી પક્ષે ચૈતર વસાવાના જામીન ના મંજૂર કરવા માટે અગાઉના કેસોની રજૂઆત કરાઈ હતી. અગાઉના વર્ષ ૨૦૨૩ ફોરેસ્ટ વિભાગ ના કેસમાં શરતી જામીન મળ્યા છે અને એડિશનલ કોર્ટમાં ચાલે છે. જામીન ના મંજૂર થતાં ચૈતર વસાવાએ હજુ પણ જેલવાસ ભોગવવો પડશે.

### ભાજપના રાજમાં ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે હવન કરી આહુતી આપી

। (એજન્સી) જામનગર, તા.૧૪ ।

જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં વિરોધ પક્ષના કાર્યાલય પાસે આજે શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાની આગેવાનીમાં કોંગી કાર્યકરો અને કોર્પોરેટર વગેરેએ નવતર પ્રકારે વિરોધ પ્રદર્શન કર્યું હતું, અને ભાજપના રાજમાં ચાલી રહેલા ભ્રષ્ટાચારના મુદ્દે જાહેરમાં હવન કરીને ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે આહુતી આપી હતી. જોકે ત્યારબાદ પોલીસ ટુકડી દોડી ગઈ હતી, અને તમામને વિખુટા પાડ્યા હતા. જામનગર શહેર કોંગ્રેસના પ્રમુખ દીગુભા જાડેજા, તેમજ વિરોધ પક્ષના નેતા ધવલ નંદાની રાહબરી હેઠળ કોંગ્રેસના કાર્યકરો હાથમાં બેનર પોસ્ટર સાથે જોડાયા હતા, અને ભય ભૂખ અને ભ્રષ્ટાચાર ભાજપના રાજમાં ફુલ્યો ફાલ્યો છે. 'કચરા ઉપાડવામાં ભાજપનો ભ્રષ્ટાચાર', 'ભૂગર્ભમાં ભાજપ તારો ભ્રષ્ટાચાર', 'ટેન્ડર પ્રક્રિયામાં ભાજપ નું ઈલુ ઈલુ' સહિતના અલગ અલગ પોસ્ટરો દર્શાવીને વિરોધ કર્યો હતો.

### વડોદરા પોલીસ અને RTOના પાપે સોમા તળાવ પાસે ખાનગી વાહનોનો અડિંગા

। (એજન્સી) વડોદરા, તા.૧૪ ।

વડોદરા શહેરના છેવાડે આવેલા સોમા તળાવ પાસેના એસટી બસ સ્ટોપ પોઈન્ટ પર બારે મહિના ખાનગી વાહન ચાલકોનો અડીંગો હોય છે, તેઓ આ માર્ગ પર ડભોઈથી છોટાઉદેપુર અને પંચમહાલ સુધીના મુસાફરોને લઈ બેરોકટોક ફરી રહ્યા છે. અહીં ટ્રાફિક પોલીસ, આરટીઓ અને પાલિકા તંત્રના પાપે ગેરકાયદેસર વાહનો તથા લારી, ગલ્લા, પથ્થરાના દબાણના કારણે આજુબાજુ રહેતા અને વ્યવસાય કરનારાઓને ભારે તકલીફ પડી રહી છે. ટ્રાફિક પોલીસ બે, ચાર ખાનગી વાહન ચાલકોને મેમો આપી સંતોષ માને છે. પરંતુ ઊભી થતી દૈનિક ટ્રાફિકની સમસ્યા હલ કરી શકવામાં અસમર્થ રહે છે!

## કારેલીબાગ પાણીની ટાંકીનો રોડ સતત ધમધમતો રહે છે

# કારેલીબાગ-હાથીખાના રોડ પર મસમોટો ભુવો પડતા પાલિકાની પોલ ખુલી

। (એજન્સી) વડોદરા,તા.૧૪ ।

વડોદરા શહેરના કારેલીબાગ-પાણીની ટાંકી વિસ્તારના કોમર્શિયલ ગણાતા હાથી ખાના તરફ જવાના રસ્તે ચાર રસ્તા નજીક જ મસમોટો ભુવો પડ્યો છે. નજીકમાં જ રોજ સાંજે શાકમાર્કેટ ભરાય છે ત્યારે માત્ર પાલિકા તંત્ર એ ચારે બાજુએ બેરીકેટ મૂકીને સંતોષ માન્યો છે. આ જગ્યાએ તાજેતરમાં જ પાલિકા દ્વારા ખોદકામ કરવામાં આવ્યું હતું. થાગડ થીગડ કરીને જેમ તેમ પુરાણ બાદ ડામર કપચી નાખીને રોલર ફેરવી દેવાયુ હોવાનું સ્પષ્ટ નજરે ચડે છે. આ ભુવામાં કેટલીય પાણીની અને ડ્રેનેજની લાઈનો આવેલી છે જે લીકેજ થતા કારેલીબાગ વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળે તો નવાઈ નહીં. ઉલ્લેખનીય છે કે કારેલીબાગ પાણીની ટાંકીનો રોડ સતત ધમધમતો રહે છે. આ રસ્તેથી હાથીખાના તરફ જવાના રસ્તે ટર્નિંગ પર જ મસ્ત મોટો ભુવો પડ્યો છે. વિસેક ફૂટ જેટલો ઊંડો અને ૧૦ જેવા પહોળા ભૂવાના કારણે વિસ્તારમાંથી પસાર થતું વાહન ગરકી જવાની શક્યતા નકારી શકાતી નથી.

## એક્ટિવાનું હોર્ન જોરથી કેમ વગાડ્યું કહીને તકરાર શરૂ કરી

# એક્ટિવાનું હોર્ન વગાડવા જેવી બાબતે ૮ લોકોનો યુવક અને પરિવાર પર હુમલો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

નિકોલ કઠવાડા રોડ પર આવેલી સોસાયટીમાં પત્ની, બાળક પરિવાર સહિત રહેતો યુવક શનિવારે દૂધ લઈને ઘરે આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં તેની જ સોસાયટીમાં રહેતા શખ્સ રસ્તાની વચ્ચે ચાલતો હોવાથી એક્ટિવા ચાલક યુવકે હોર્ન મારીને ખસવાનું કહેતા જોરથી કેમ હોર્ન માર્યું કહી યુવક સાથે તકરાર કરી હતી. બાદમાં આરોપીના પરિવારના ૮ સભ્યોએ ભેગા થઈને એક્ટિવાચાલક યુવક અને તેના સસરા અને બે સાળીને જાહેરમાં માર માર્યો હતો. ઘાયલ યુવકે તમામ વિરુદ્ધ નિકોલ પોલીસ ફરિયાદ નોંધાવી છે.કઠવાડા સિંગરવા રોડ નજીક પ્રેરણા સોસાયટીમાં રહેતા આકાશભાઈ ઓડ (૨૪) પત્ની અને બાળક સાથે રહે છે અને છુટક મજૂરી કામ કરે છે. તા.૧૨ જુલાઈએ આકાશ દૂધ લઈને ઘરે આવતો હતો તે સમયે રસ્તામાં તેની જ સોસાયટીમાં રહેતો ધાર્મિક ઓડ નામનો યુવક રસ્તાની વચ્ચે ચાલતો હોવાથી એક્ટિવાનું હોર્ન વગાડ્યું હતું. રોષે ભરાયેલા ધાર્મિક ઓડે કેમ જોરથી હોર્ન વગાડે છે.

## પ્રબળ માગણીની કરી રજૂઆત

# સાવરકુંડલામાં યુરિયા ખાતર નહીં મળતા ખેડૂતોએ કર્યો હલ્લાબોલ

### ખેડૂતોએ ખરીદ વેચાણ સંઘના પ્રમુખનો ઘેરાવો કરી સૂત્રોચ્ચાર કર્યા હતા અને ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું

। (એજન્સી) અમરેલી,તા.૧૪ ।

અમરેલી જિલ્લાના સાવરકુંડલા ખરીદ વેચાણ સંઘ ખાતે યુરિયા ખાતર ન મળતા ૭૦ ગામોના ખેડૂતો અને તેમના પ્રતિનિધિઓએ આજે (૧૪મી જુલાઈ) ઉગ્ર દેખાવ કર્યો હતો. ખેડૂતોએ ખરીદ વેચાણ સંઘના પ્રમુખનો ઘેરાવો કરી સૂત્રોચ્ચાર કર્યા હતા અને ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, ખરીદ વેચાણ સંઘ પાસે ૫૦ ટન યુરિયા ખાતરનો જથ્થો ઉપલબ્ધ હોવા છતાં, ખેડૂતોને ખાતરનું વેચાણ કરવામાં આવી રહ્યું નથી.

જેના કારણે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. હાલ વરાપ નીકળ્યો હોવાથી ખેડૂતોને યુરિયા ખાતરની તાતી જરૂરિયાત છે, પરંતુ ખાતર ન મળવાને કારણે તેમને પારાવાર નુકસાની વેઠવાનો ભય સતાવી રહ્યો છે. ખેડૂતોના દેખાવ દરમિયાન જાણવા મળ્યું કે સાવરકુંડલા ખરીદ વેચાણ સંઘનું લાયસન્સ છેલ્લા ૧૫ દિવસથી રદ કરવામાં આવ્યું છે, જેના કારણે ખાતરનું વેચાણ બંધ છે. આ માહિતી સામે આવતા ખેડૂતોનો રોષ વધુ ભડક્યો હતો.

ખેડૂતોએ સંઘના ગોડાઉન પાસે હલ્લાબોલ કરી તાત્કાલિક ખાતર વિતરણ શરૂ કરવાની માંગ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, 'જો સમયસર યુરિયા ખાતર નહીં મળે તો તેમના પાકને મોટું નુકસાન થશે. ખેડૂતોએ તંત્રને આ બાબતે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અને તેમની સમસ્યાનું નિરાકરણ લાવવા અપીલ કરી છે.'

# DEOની નોટિસ બાદ ૧૧ શિક્ષકોને ઘરભેગા કરાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદની સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરાવતા શિક્ષકો પણ ટ્યુશન કરતા હશે તો તેમની ખેર નથી.

નોન ગ્રાન્ટેડ સ્કૂલના શિક્ષકો દ્વારા ખાનગી કોચિંગ ક્લાસ ચલાવવામાં આવતા હોવાની અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી ગ્રામ્યને ફરિયાદ મળતા જિલ્લા શિક્ષણ અધિકારીએ કાર્યવાહી કરી છે. DEO અમદાવાદ ગ્રામ્યએ આ મામલે શાળાઓને નોટિસ ફટકારતા શાળાના સંચાલકોએ ૧૧ શિક્ષકોને ઘરભેગા કર્યા છે. ટ્યુશન ક્લાસ ચલાવતા સંચાલકોની એજ્યુકેશન ગ્રુપે ખાનગી કોચિંગ ક્લાસ ચલાવવામાં આવી રહી હોવાની DEOને ફરિયાદ કરી હતી. આ ફરિયાદમાં શિક્ષકો વિદ્યાર્થીઓને દબાણ કરીને તે ટ્યુશન ચલાવે છે તે પણ જણાવવામાં આવ્યું હતું તેમજ સ્કૂલ અને શિક્ષકના નામ સાથેની DEO કચેરીએ ફરિયાદ કરવામાં આવી હતી.

ફરિયાદ મળતા જિલ્લા શિક્ષણ અધિકારી ગ્રામ્ય કચેરી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. જે મામલે અમદાવાદ ગ્રામ્ય કચેરી દ્વારા અલગ અલગ ટીમ બનાવીને તપાસ કરવામાં આવી રહી છે. જે શાળાઓના શિક્ષકો ટ્યુશન ક્લાસ ચલાવતા હતા કે વિદ્યાર્થીઓના ટ્યુશન કરતા હતા તે સ્કૂલમાં જઈને પણ તપાસ કરવામાં આવી છે. જે અંતર્ગત કેટલીક સ્કૂલોને નોટિસ ફટકારવામાં આવી હતી. ડ્ઈઓએ સ્કૂલને જાણ કરતા સ્કૂલના સંચાલકો દ્વારા તાત્કાલિક ૧૧ જેટલા શિક્ષકોને છૂટા કરવામાં આવ્યા છે.

આ સ્કૂલના શિક્ષકો સામે કાર્યવાહી

- એસ.એસ ડિવાઈન
- અંબિકા સ્કૂલ
- તિરુપતિ સ્કૂલ
- સ્વામિનારાયણ સ્કૂલ
- સુપર ઈંગ્લિશ સ્કૂલ
- કે.આર રાવલ સ્કૂલ

જિલ્લા શિક્ષણ અધિકારી અમદાવાદ ગ્રામ્ય કૃપા જહાએ જણાવ્યું કે અમને શિક્ષકોના નામ સાથે ફરિયાદ મળી હતી. તપાસ કરતા સ્કૂલોને તેમના શિક્ષકો ટ્યુશન ક્લાસ ચલાવે છે એવી જાણ થતાં અલગ અલગ સ્કૂલોના સંચાલકોએ જ શિક્ષકોને છૂટા કરી દીધા છે. આગામી દિવસમાં હજુ પણ તપાસ ચાલુ રહેશે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"

(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



જુલાઈ -૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની અગત્યની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા.(₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| ૪ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

જુલાઈ -૨૦૨૫ માસનું વિતરણ તારીખ ૩૧/૦૭/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.




ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા

- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration " મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે